અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express    Ahmedabad    RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
પાકિસ્તાની ટિકટોક સ્ટારની ધોળા દિવસે હત્યા....



પેજ-09
ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાનો ઐતિહાસિક રેકોર્ડ....




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 27.00 |
| વડોદરા | 33.00 | 27.00 |
| સુરત | 31.00 | 27.00 |


પેજ 5





કિયા ઇન્ડિયા અમદાવાદમાં નવી એકેડેમી સાથે ડીલર ટ્રેનિંગ નેટવર્કનું....

19
AUGUST-2026
WEDNESDAY

ટ્રમ્પે ભારતીય ચૂંટણી પ્રણાલીના કર્યા ભરપૂર વખાણ....




પેજ 10


**.....સુવિચાર.....**
કબુલ કરવાની હિંમત અને સુધારી દેવાની દાનત હોય તો ભૂલમાંથી પણ ઘણું બધું શીખી શકાય છે


વર્ષ-15 । અંક-275 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ સુદ - 07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## ઓડિશામાં ભયંકર પૂર: ૧૩ લાખ લોકો પ્રભાવિત, સરકાર દ્વારા ૧૦૦૦ કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત

# ઓડિશામાં પૂરની ગંભીર સ્થિતિ : ૨૫ વર્ષમાં સૌથી ભારે વરસાદથી તબાહી

### નુકસાનની ભરપાઈ કરવા અને અસરગ્રસ્તોને રાહત આપવા માટે ૧૦૦૦ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરવામાં આવી છે

(એજન્સી) ઓડિશા | તા.18

ઓડિશા હાલમાં તાજેતરના વર્ષોમાં સૌથી ગંભીર પૂરની પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે. અનેક જિલ્લાઓમાં સતત ભારે વરસાદને કારણે ગામડાઓ, ખેતરો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ઘણા વિસ્તારોમાં રોડ કનેક્ટિવિટી ખોરવાઈ ગઈ છે અને મોટી સંખ્યામાં લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. કેટલાક અસરગ્રસ્ત વિસ્તારોમાં, લગભગ ૨૫ વર્ષમાં સૌથી ભારે વરસાદ હોવાનું જાણવા મળ્યું છે. મુખ્યમંત્રી મોહન ચરણ માઝીના નેતૃત્વમાં ઓડિશા સરકારે અસરગ્રસ્તો માટે ૧૦૦૦ કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી છે.

**૧૩ લાખ લોકો પ્રભાવિત**

ઓડિશા સરકારે પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી વધુ તીવ્ર બનાવી છે. મોટી સંખ્યામાં લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે અને સેંકડો રાહત શિબિરો સ્થાપિત કરવામાં આવ્યા છે. અધિકારીઓને સંવેદનશીલ વિસ્તારોમાં 24 કલાક દેખરેખ રાખવા અને અસરગ્રસ્ત પરિવારોને ખોરાક, પાણી, દવાઓ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ પૂરી પાડવા સૂચના આપવામાં આવી છે.



### પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી 300,000 લોકોને બચાવ્યા

લગભગ 300,000 લોકોને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી બચાવ્યા અથવા સ્થળાંતર કર્યા છે. રાહત અને બચાવ કામગીરી માટે આશરે 45 ODRAF ટીમો, 8 NDRF ટીમો અને 59 ફાયર અને ઈમરજન્સી સર્વિસ ટીમો તૈનાત કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં આશરે 550 રાહત શિબિરો ખોલવામાં આવ્યા છે. સરકાર કહે છે કે નીચાણવાળા વિસ્તારો અને પૂરગ્રસ્ત ગામો પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

### જાજપુરમાં 77,680 લોકોને બચાવ્યા

જાજપુર સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાંનો એક છે. આશરે 77,680 લોકોને બચાવવામાં આવ્યા છે અથવા સ્થળાંતર કરવામાં આવ્યા છે. જિલ્લામાં અસરગ્રસ્ત લોકો માટે 203 રાહત શિબિરો સ્થાપિત કરવામાં આવ્યા છે. નવ ODRAF ટીમો, બે NDRF ટીમો અને 12 ફાયર અને ઈમરજન્સી સર્વિસ ટીમો બચાવ કામગીરીમાં કામ કરી રહી છે. અધિકારીઓને પૂરગ્રસ્ત અને સંવેદનશીલ વિસ્તારોમાં 24 કલાક દેખરેખ રાખવા સૂચના આપવામાં આવી છે. રાહત શિબિરોમાં રહેતા લોકોને ખોરાક, પીવાનું પાણી, દવાઓ અને અન્ય આવશ્યક સુવિધાઓ પૂરી પાડવા પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

**મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે** પૂર દરમિયાન 100 થી વધુ લોકોને ઝેરી સાપ કરડ્યા હતા, પરંતુ તાત્કાલિક સારવાર અને વહીવટીતંત્રની સતર્કતાને કારણે કોઈએ જીવ ગુમાવ્યો નથી. તેમણે જણાવ્યું હતું કે જ્યાં સુધી પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી અસરગ્રસ્ત લોકોને રાંધેલો ખોરાક અને સૂકો રાશન પૂરું પાડવામાં આવશે. રાજ્ય સરકારે રાજ્ય રાહત કમિશનર દ્વારા બે તબક્કામાં 136 કરોડ પહેલાથી જ જાહેર કર્યા છે. મુખ્યમંત્રી માઝીએ જણાવ્યું હતું કે વિગતવાર સર્વેક્ષણ પછી વાસ્તવિક નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવશે, અને જરૂર પડ્યે અસરગ્રસ્ત જિલ્લાઓને તાત્કાલિક વધારાની સહાય પૂરી પાડવામાં આવશે.

### ભદ્રકમાં 2.59 લાખ લોકો અસરગ્રસ્ત

ભદ્રક જિલ્લામાં પણ પૂરે ભારે તબાહી મચાવી છે. ચાર બ્લોક અને એક મ્યુનિસિપલ વિસ્તારના 149 ગામો પ્રભાવિત થયા છે. પ્રાથમિક માહિતી અનુસાર, જિલ્લામાં આશરે 2.59 લાખ લોકો પ્રભાવિત થયા છે, જ્યારે આશરે 1.96 લાખ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ભદ્રકમાં લગભગ 90 રાહત શિબિરો ખોલવામાં આવ્યા છે. બચાવ કામગીરીને મજબૂત બનાવવા માટે 15 ODRAF ટીમો તૈનાત કરવામાં આવી છે. અધિકારીઓ અને બચાવ ટીમોએ તિહિડી બ્લોકના શ્યામસુંદરપુર અને ઈશ્વરપુર જેવા પૂરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી છે.

**દાનની કથિત ચોરી અને ગેરરીતિ કેસ** SITનો ફાઈનલ રિપોર્ટ સત્તાવાર રીતે સોંપાયો...

# ચંપત રાયને મળી ક્લીનચીટ, અનિલ મિશ્રાની ભૂમિકા પર તપાસ ચાલુ

(એજન્સી) ઉત્તર પ્રદેશ | તા.18

અયોધ્યાના રામ મંદિરના દાનની કથિત ચોરી અને ગેરરીતિના કેસમાં ત્રણ સભ્યોની વિશેષ તપાસ ટીમ (SIT)એ પોતાનો ફાઈનલ રિપોર્ટ ઉત્તર પ્રદેશના ગૃહ વિભાગને સોંપી દીધો છે. રિપોર્ટ હવે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને વધુ કાર્યવાહી માટે સોંપવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ SITને ચંપત રાય અને અનિલ મિશ્રા સામે દાનની રકમની ચોરીમાં સીધી સંડોવણીના પુરાવા મળ્યા નથી. અયોધ્યા રામ મંદિરમાં કથિત દાન ચોરીની તપાસ કરી રહેલી વિશેષ તપાસ ટીમે ટ્રસ્ટના ભૂતપૂર્વ મહાસચિવ ચંપત રાયને ક્લીનચીટ આપી છે.SITએ ટ્રસ્ટના ભૂતપૂર્વ સભ્ય અનિલ મિશ્રાને પણ મુક્ત કરી દીધા છે. દાન ચોરીના આરોપો સામે આવ્યા બાદ રાય અને મિશ્રા બંનેએ અયોધ્યા રામ મંદિરનું સંચાલન કરતા ટ્રસ્ટમાં પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.



### 25 જૂને આ કેસમાં FIR નોંધવામાં આવી હતી

રેન્જ ઈન્સ્પેક્ટર જનરલ કિરણ એસ. અને વિશેષ સચિવ (નાણા) નીલ રતન કુમાર અન્ય સભ્યો છે. પેનલે 23 જૂને રાજ્ય સરકારને પોતાનો પ્રારંભિક અહેવાલ સુપરત કર્યો હતો, જેમાં ઘણી કડક ભલામણો કરવામાં આવી હતી. પ્રારંભિક અહેવાલના આધારે, ટ્રસ્ટના સભ્ય કૃષ્ણમોહને શ્રી રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી, જેના પગલે 25 જૂને આ કેસમાં FIR નોંધવામાં આવી હતી. એફઆઈઆરમાં આઠ વ્યક્તિઓના નામ છે, જેમાં અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, મનીષ કુમાર યાદવ, કરુણેશ પાંડે, રામશંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ અને રામ શંકર યાદવ ઉર્ફે ટિનુ અને અન્ય અજાણ્યા વ્યક્તિઓનો સમાવેશ થાય છે. આ બધાની ધરપકડ કરવામાં આવી છે અને ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ 13(1)(a) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પ્રારંભિક અહેવાલના આધારે, વધુ એફઆઈઆર નોંધવામાં આવી હતી અને ધરપકડ કરવામાં આવી હતી.

### ભારતે 52 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો, દક્ષિણ આફ્રિકાને 6-1થી હરાવ્યું, સૌથી મોટી જીત નોંધાવી

(એજન્સી) નવી દિલ્હી । ભારતે FIH મહિલા વર્લ્ડ કપ 2026 માં ઐતિહાસિક જીત મેળવી. તેઓએ દક્ષિણ આફ્રિકાને 6-1 થી હરાવ્યું, જે ટુર્નામેન્ટની તેમની સૌથી મોટી જીત છે.ભારતીય મહિલા હોકી ટીમે નેધરલેન્ડ્સના એમ્સ્ટલવીનના વેગનર સ્ટેડિયમ ખાતે રમાયેલી FIH મહિલા વર્લ્ડ કપ 2026 ના પૂલ D મેચમાં ઐતિહાસિક જીત નોંધાવી. ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકાને 6-1 ના મોટા માર્જિનથી હરાવીને ટુર્નામેન્ટમાં પોતાનો પહેલો વિજય નોંધાવ્યો. મહિલા હોકી વર્લ્ડ કપના ઈતિહાસમાં આ ભારતનો સૌથી મોટો વિજય છે. અગાઉ, ભારતનો શ્રેષ્ઠ રેકોર્ડ 1974 માં સ્પેન સામે 4-1 થી વિજય હતો.ભારતીય ફોરવર્ડ લાઈન મેચની પહેલી જ મિનિટથી વિરોધી ટીમ પર સતત દબાણ જાળવી રાખ્યું. પહેલા ક્વાર્ટરમાં, સાક્ષી રાણાના પ્રયાસ પછી દૂરના પોસ્ટ પર તૈયાર સુનેલિતા ટોપોએ એક સરળ ટેપ-ઈન કરીને ભારતનો સ્કોર ખોલ્યો. પછી, બીજા ક્વાર્ટરમાં, સ્ટાર સ્ટ્રાઈકર નવનીત કૌરે પેનલ્ટી કોર્નરથી એક શક્તિશાળી સ્લેપ શોટ સાથે ટુર્નામેન્ટનો પોતાનો બીજો ગોલ કર્યો. થોડા સમય પછી, સુશીલા ચાનુએ રીબાઉન્ડ કરીને ભારતને 3-0થી આગળ કરી દીધું.

### જંતર-મંતર વિરોધ કેસમાં સુપ્રીમ કોર્ટ સમિતિ બનાવશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

સુપ્રીમ કોર્ટે કહ્યું કે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહી ન કરવી જોઈએ. CJI એ ઉમેર્યું કે વિરોધ પ્રદર્શન દરમિયાન ગુનાહિત વલણ ધરાવતા લોકો સામે તપાસ ચાલુ રાખવી જોઈએ.દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે થયેલા ક્રૂર વર્તન સંબંધિત કેસની સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ, હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ અને નિવૃત્ત ડિરેક્ટર જનરલની બનેલી એક સમિતિ બનાવી રહી છે. આ સમિતિ દરેક પીડિતની વાત સાંભળશે અને તેમને પોતાનો કેસ રજૂ કરવાની તક પૂરી પાડશે. CJI સૂર્યકાંતે એમ પણ કહ્યું કે શાંતિપૂર્ણ વિરોધમાં સામેલ વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગાડવું જોઈએ નહીં.

### દિલ્હી જલ બોર્ડ ટેન્ડર કૌભાંડમાં સત્યેન્દ્ર જૈન સહિત છ લોકોની ધરપકડ; લાંચના આરોપમાં ACB ની કાર્યવાહી

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

દિલ્હી જલ બોર્ડ ટેન્ડર કૌભાંડના સંદર્ભમાં ભ્રષ્ટાચાર વિરોધી શાખા એ ભૂતપૂર્વ મંત્રી સત્યેન્દ્ર કુમાર જૈન, દિલ્હી જલ બોર્ડના ભૂતપૂર્વ CEO અને IAS અધિકારી ઉદિત પ્રકાશ રાય સહિત છ લોકોની ધરપકડ કરી છે.દિલ્હી સરકારની ભ્રષ્ટાચાર વિરોધી શાખા એ દિલ્હી જલ બોર્ડના ટેન્ડરમાં કથિત અનિયમિતતા અને ભ્રષ્ટાચારના સંદર્ભમાં મોટી કાર્યવાહી કરી છે. મંગળવારે, ACB એ ભૂતપૂર્વ મંત્રી સત્યેન્દ્ર કુમાર જૈન, દિલ્હી જલ બોર્ડના ભૂતપૂર્વ CEO અને IAS અધિકારી ઉદિત પ્રકાશ રાય સહિત છ લોકોની ધરપકડ કરી હતી.ધરપકડ કરાયેલા લોકોમાં ભૂતપૂર્વ મંત્રી સત્યેન્દ્ર કુમાર જૈન, DJBના ભૂતપૂર્વ CEO ઉદિત પ્રકાશ રાય, દિલ્હી જલ બોર્ડના ભૂતપૂર્વ કોન્ટ્રાક્ટ કન્સલ્ટન્ટ અંકિત શ્રીવાસ્તવ, AN એન્ટરપ્રાઇઝના માલિક નાગેન્દ્ર યાદવ, યુરોટેક એન્વાયર્નમેન્ટ પ્રાઈવેટ લિમિટેડના માલિક રાજા કુમાર કુર્રા અને શ્રીજનહરના માલિક પંકજ વર્માનો સમાવેશ થાય છે.ACB ના જણાવ્યા અનુસાર, આ કેસમાં દિલ્હી જળ બોર્ડના STPs ના અપગ્રેડ અને ક્ષમતા વિસ્તરણ સંબંધિત ટેન્ડરમાં કથિત અનિયમિતતાઓનો સમાવેશ થાય છે.


Nippon India Mutual Fund
Mutual Fund Investor Awareness Program
To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 20 August, 2026 | 7:30 PM | Surat |

Venue : Dil Se Re, 2nd, Imperial Mall, Hazira - Adajan Road, above Star Bazar, Adajan Gam, Adajan, Surat, Gujarat-395009
Name : Nayan Vijayvargiya | Mobile : 9377195359
Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793
Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.




### સીએનજીમાં 3.75 રૂપિયાનો વધારો, 5 વર્ષમાં 13 વખત વધારો થયો

# ધંધા રોજગાર બચ્યા નથી. કારણ કે તમે જે રીતે ધંધાઓ પર તરાપ મારી છે, નાની ઈન્ડસ્ટ્રીઓને ખતમ કરી છે: યોગેશ જાદવાણી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે આજે જાણવા મળ્યું કે ગુજરાતમાં સીએનજીના ભાવમાં 3.75 રૂપિયાનો વધારો કરવામાં આવે છે. આજથી પાંચ વર્ષ પહેલા સીએનજી ગેસ આપણને 58 રૂપિયામાં મળતો હતો, આજે એ સીએનજી હવે આપણને 88.75 રૂપિયામાં મળી રહ્યું છે. પાંચ વર્ષમાં કુલ 13 વખત વધારો કરવામાં આવ્યો છે. દર વખત ભાજપના લોકો "બહુત હુઈ મહેંગાઈ કી માર, અબ કી બાર મોદી સરકાર"ની વાતો કરતા હોય અને એ જ મોદી સરકારમાં ભાવ વધારા પર ભાવ વધારો થઈ રહ્યો છે. કોઈ નાનો વેપારી, મધ્યમ વર્ગના પરિવારના લોકો અત્યારે પોતાની નાની ગાડીમાં 88 રૂપિયાનું સીએનજી ભરાવી રહ્યા છે, એવી જ રીતે આપણે એ પણ જોયું છે કે મધ્યમ વર્ગના અને ગરીબ લોકો રીક્ષામાં મુસાફરી કરતા હોય છે હવે એ જ રિક્ષામાં 88.75 રૂપિયાનો ગેસ ભરાતો હોય તો સામાન્ય માણસની રીક્ષાનું ભાડું પણ હવે મોંઘુ થઈ જશે.વધુ આમ આદમી પાર્ટીના નેતા યોગેશ



જાદવાણીએ જણાવ્યું હતું કે, દરેક જગ્યાએ ભાવ વધારો - ભાવ વધારો ચાલે છે ભાજપનું શાસન ભ્રષ્ટાચારમાં લિપ્ત થઈ ગયું છે અને પ્રજાની આંખોમાં ધૂળ નાખીને લોકોની લાગણીઓ સાથે ચેડાં કરીને, "બહુત હુઈ મહેંગાઈ કી માર, અબ કી બાર મોદી સરકાર" ના નારા સાથે સત્તામાં આવેલી સરકાર લોકો પર ભાવ વધારો ઝીંકી રહી છે. ત્યારે અમે સરકારને વિનંતી કરીએ છીએ કે ભ્રષ્ટાચાર ઓછો કરો, તમારા મેળાવડામાં ખર્ચ ઓછો કરો, લોકો પાસે અત્યારે ધંધા રોજગાર બચ્યા નથી. કારણ કે તમે જે રીતે ધંધાઓ પર તરાપ મારી છે, જેવી રીતે નાની ઈન્ડસ્ટ્રીઓને ખતમ કરી છે, તમામ જગ્યાએ ખૂબ જ કોમ્પિટિશન ઊભી થઈ ગઈ છે કે સામાન્ય માણસ માટે પોતાનું ઘર રોજગાર ચલાવવામાં મુશ્કેલ થઈ ગયું છે, બાળકોની ફીથી લઈને તમામ જગ્યાએ માણસ પીસાઈ રહ્યો છે ત્યારે સીએનજીના ભાવ વધારાનો વધુ એક માર માણસને જીવવા જેવું નહીં રહેવા દે. તો આ ભાવ વધારો તાત્કાલિક ધોરણે પાછો ખેંચવામાં આવે એવી આમ આદમી પાર્ટી દ્વારા માંગણી કરવામાં આવે છે.

## તુલસી જયંતિના ઉપલક્ષ્યમાં પૂ. મોરારિબાપુના વરદહસ્તે અમેરિકામાં અર્પણ થશે વિવિધ એવોર્ડ

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

પૂજ્ય મોરારિબાપુની પાવન સન્નિધિમાં દરવર્ષે રામચરિત માનસ, ભાગવત અને અન્ય સદગ્રંથના મિમાંસકો, ગાયકો વગેરેને વાલ્મિકી, તુલસી, વ્યાસ અને રત્નાવલી એવોર્ડ અર્પણ થાય છે. આ કાર્યક્રમ દર વર્ષે મોટાભાગે તલગાજરડાના ચિત્રકૂટ ધામમાં યોજાયો છે. પરંતુ ચાલુ વર્ષે આ કાર્યક્રમ અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં આગામી તારીખ 19/8 ના રોજ યોજાશે. જેમાં વિવિધ વિદ્વાનો મહાનુભાવોને આ એવોર્ડ અર્પણ થશે.'માનસ ગુરુ પ્રસાદ' કથાના દ્વિતીય દિવસે કાર્યક્રમ સંચાલક શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશી એ વિવિધ એવોર્ડની જાહેરાત કરી છે. જેમાં ચાલુ વર્ષે દેશાવરોના વિદ્વાનોને આ એવોર્ડ વધું અર્પણ થશે. @વાલ્મીકિ પુરસ્કાર 1,સેલ્ક સેથરલેન્ડ ગોલ્ડમેન અને પ્રો રોબર્ટ પી ગોલ્ડમેન (યુએસએ)2, પ્રો. માદુઓકા ફુકુઓકા-(જાપાન )@વ્યાસ એવોર્ડ 3,દેવી ચિત્રલેખા જી-(વૃંદાવન) 4, ડૉ. અશ્વિનભાઈ કાંતિભાઈ રાજગોર-(યુએસએ) 5, પ્રો. જોન સ્કાર્ટડ હોલીને-(યુએસએ)@તુલસી એવોર્ડ 6,પિયુષભાઈ મહેતા-(યુકે)7, પ્રો. રુપર્ટ સ્નેલ-(ગ્રીસ) @રત્નાવલી એવોર્ડ 8,પ્રો. ડાયના જી-હાર્વર્ડ યુનિવર્સિટી-બોસ્ટન (યૂએસએ)ને અર્પણ કરવામાં આવશે. કુલ 8 એવોર્ડ પૈકીના 7 પુરસ્કારો દેશાવરોના મહાનુભાવોને અર્પણ થઈ રહ્યાં છે.આજે શ્રાવણ સુદ તુલસી જયંતિના દિવસે આ એવોર્ડ પૂ.મોરારિબાપુના પાવન અને શુદ્ધ હસતોથી અર્પણ થશે.

## સોજિત્રાની લીંબાલી ગામની પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલની ઓફિસમાંથી જ વિદેશી દારૂ પકડાયો: સંજયસિંહ રાજ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા સંજયસિંહ રાજે જણાવ્યું હતું કે, ભણતર એ ખૂબ જ ગંભીર વિષય છે. તકલીફ જરૂર પડે પણ તેનાથી જિંદગીની પ્યાસ બુઝાય છે, શિક્ષણથી જ સવાલો થાય છે અને જીવનની નૈયા પાર થાય છે. પરંતુ શિક્ષણ જગતમાં ક્યારેક એવા કલંકિત દાખલાઓ બને છે જેનાથી ખૂબ દુઃખ થાય છે. આણંદ જિલ્લાના સોજિત્રા તાલુકાના લીંબાલી ગામની પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ દારૂની મહેફિલ માણતા પકડાયા હતા. તેમની તિજોરીમાંથી વિદેશી દારૂની પચાસ જેટલી ખાલી અને બે અડધી ભરેલી બોટલો પકડાઈ છે. આવા દારૂડિયા શિક્ષકો શાળાએ આવે તો બાળકોનું ભવિષ્ય રોળાય છે અને બીજા સારા શિક્ષકોનું નામ પણ ખરાબ થાય છે. આપણે ગામડાઓમાં ઘણી ઘટનાઓ જોઈ અને સાંભળી છે કે કેવા નરાધમ શિક્ષકો નાની નાની દીકરીઓ ઉપર ખરાબ નજર નાખીને દુષ્કર્મ આચરે છે. શાળાના કેટલાક શિક્ષકો બાળકો પાસે ગામમાંથી મસાલા, ગુટકા કે માવા મંગાવતા હોય છે. પોતે વ્યસનવાળા શિક્ષકો શાળાની અંદર હોય તો તેની બાળકો પર શું અસર પડે તે વિચારવા જેવું છે. 'આપ' નેતા સંજયસિંહ રાજે વધુમાં જણાવ્યું હતું કે, સરકારના લાખો રૂપિયાના પગાર મેળવીને બાળકોને ભણાવવાની જગ્યાએ પોતાના અંગત મનસૂબા પૂરા કરતા આ શિક્ષકોને વાલીઓએ ખરા અર્થમાં સબક શીખવવો જોઈએ. સરકાર શાળાઓ બંધ કરે છે જેથી ગરીબોના બાળકો ભણે નહીં અને સવાલો કરે નહીં. જો સરકાર, સરકારી પ્રતિનિધિઓ અને વાલીઓ ના બોલે તો આવા શિક્ષકોને આદત પડી જાય છે, જેને છોડાવવા માટે ગામના આગેવાનો, વડીલો, યુવાનો અને વાલીઓએ જાગૃત થવું પડશે. નશામાં ધૂત શિક્ષકો નાની દીકરીઓ પર નજર બગાડે તે પહેલાં આપણે જાગવું પડશે. આવનારા સમયમાં અમે પણ મેદાનમાં ઉતરવાના છીએ. જો ક્યાંય શાળા કેન્દ્રમાં આવો શિક્ષક પકડાશે અને કાયદાકીય કાર્યવાહી નહીં થાય, તો અમે તેમને સારી રીતે સબક શીખવીશું. ગરીબ અને મધ્યમ પરિવારના બાળકોનું ભવિષ્ય રોળાઈ રહ્યું છે, કેટલીય શાળાઓ બંધ થઈ ગઈ છે, ઓરડા નથી અને બાળકો ખુલ્લી જગ્યામાં ભણી રહ્યા છે, ત્યારે સરકારે અને તેના પ્રતિનિધિઓએ કડક પગલાં લઈ આવા નપાવટ શિક્ષકોને સજા આપવી જોઈએ. જો તમારી શાળામાં આવું કંઈ થતું હોય તો અમારો કોન્ટેક્ટ કરો, તમે ના બોલી શકો તો અમે બાળકોના ભવિષ્ય માટે મજબૂતાઈથી લડાઈ લડીશું.

# 1856ની સુરેન્દ્રનગરની પહેલી શાળા આજે બંધ હાલતમાં: વિક્રમ દવે



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા વિક્રમ દવે આજે સુરેન્દ્રનગર જિલ્લાની વઢવાણ તાલુકાની શાળા નંબર એક અને ત્રણની મુલાકાત લીધી હતી. આ દરમિયાન

**વિક્રમ દવેએ વઢવાણની શાળાઓની દુર્દશાને ઉઘાડી પાડી**

તેમણે શાળાઓની ગંભીર પરિસ્થિતિ મુદ્દે વાત કરતા જણાવ્યું હતું કે, આ શાળા વઢવાણની શાળા નંબર એક છે અને આ શાળા અઢી વર્ષથી બંધ છે. આ શાળાની સ્થાપના 1856માં થઈ હતી. સુરેન્દ્રનગરની આ પહેલી સરકારી નિશાળ છે. વઢવાણગઢમાં આ માત્ર એક શાળા છે અને એ પણ છેલ્લા અઢી વર્ષથી બંધ છે અને આ શાળા ચાલુ કરવી અનિવાર્ય છે કારણ કે વઢવાણગઢના સેન્ટરમાં આવેલી આ શાળા છે. આસપાસના વિસ્તારના તમામ બાળકો આ શાળામાં આવી શકે છે. એક સમયે અહીંયા 300 થી 400 બાળકો એકસાથે ભણતા હતા. પરંતુ હવે આ શાળાની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ છે, અને જે જગ્યાએ હવે આ 300 થી 400 બાળકો ટ્રાન્સફર કરવામાં આવ્યા છે ત્યાં પણ અમે જવાના છીએ. અહીંયાના પ્રિન્સિપાલ ડાભી સાહેબે શાળા ખોલીને બતાવી છે આ એક સારી બાબત છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા વિક્રમ દવેએ જણાવ્યું હતું કે, ભારતમાં શિક્ષણ વિરુદ્ધ એક ષડયંત્ર ચાલી રહ્યું છે જે અંતર્ગત સરકારી શાળાઓ ખતમ થઈ જાય, શાળાઓનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખતમ થઈ જાય, બાળકોએ ભણવા માટે ખૂબ દૂર સુધી જવું પડે, એવું ષડયંત્ર ચાલે છે. પ્લસ આ લોકો પ્રાઈવેટ શાળાઓને 25% જેટલી શિષ્યવૃતિ આપે છે, એટલે આ બાળકો પ્રાઈવેટમાં જાય અને એના કારણે પ્રાઈવેટ શાળાઓ ફલે ફૂલે. સરકાર પ્રાઈવેટ સ્કૂલોમાં શિષ્યવૃતિના નામે કરોડો રૂપિયા ખર્ચે છે પરંતુ આવી સરકારી શાળાઓને રીનોવેટ કરવા માટે સરકાર પાસે પૈસા નથી. શાળા એક મોન્યુમેન્ટ છે અને 1856 માં બનેલી છે છતાં પણ સરકાર આને રીનોવેટ કરવામાં કોઈ રસ દેખાડતી નથી.

# ગેરકાયદેસર હથિયારો સાથે જુહાપુરાના બે યુવક ઝડપાયા

### દેશી તમંચો, 5 જીવતા કારતૂસ અને 5 તલવાર જપ્ત




અમદાવાદ | અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વોચ ગોઠવીને ગેરકાયદેસર હથિયારોના જથ્થા સાથે જુહાપુરાના બે શખસને ઝડપી લીધા છે. પોલીસે આરોપીઓ પાસેથી એક દેશી તમંચો, પાંચ જીવતા કારતૂસ અને પાંચ તલવારો જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે જુહાપુરાના સંકલિતનગર વિસ્તારમાં રહેતો રઝીક ઉર્ફે રાજુ કુરેશી પોતાના ટુ-વ્હીલર પર હથિયારો લઈને દાણીલીમડા તરફથી પસાર થવાનો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી તેને અટકાવી તલાશી લેતાં તેની પાસેથી દેશી તમંચો, પાંચ જીવતા કારતૂસ અને પાંચ તલવારો મળી આવ્યા હતા.

પોલીસ પૂછપરછ દરમિયાન રઝીકે ખુલાસો કર્યો હતો કે આ હથિયારો તેણે જુહાપુરા-ફતેવાડી વિસ્તારમાં રહેતા મહંમદ અયુબ ઉર્ફે મુલ્લા શેખ પાસેથી મેળવ્યા હતા. જેથી પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી મહંમદ અયુબ શેખની પણ ધરપકડ કરી હતી.

આટલી મોટી માત્રામાં ગેરકાયદેસર હથિયારો રાખવા પાછળનો મુખ્ય હેતુ શું હતો, હથિયારોનો જથ્થો મૂળ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને અગાઉ કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં તેનો ઉપયોગ થયો છે કે કેમ? તે અંગે ક્રાઈમ બ્રાન્ચે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

# News Brief

## અમદાવાદ રિયલ એસ્ટેટ કૌભાંડમાં EDની કાર્યવાહી : કેશવ નારાયણ ગ્રૂપ સહિતના બિલ્ડરોની ₹129 કરોડથી વધુની પ્રોપર્ટી સીલ કરી

અમદાવાદ : અમદાવાદમાં નિર્દોષ ઘર ખરીદનારાઓ, નાના રોકાણકારો અને મધ્યમવર્ગીય પરિવારો સાથે રિયલ એસ્ટેટના નામે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અમદાવાદ ઝોનલ ઓફિસે લાલ આંખ કરી છે. ED દ્વારા રોનક રવજીભાઈ સોનાની, વિપુલભાઈ ગોરધનભાઈ ગંગાણી, મેસર્સ કેશવ નારાયણ ગ્રૂપ તેમજ અન્યો સામે કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરીને 129.80 કરોડની સ્થાવર મિલકતો કામચલાઉ ધોરણે જપ્ત (Attach) કરવામાં આવી છે.

અમદાવાદના DCB ક્રાઈમ, સેટેલાઈટ, નવરંગપુરા અને બોપલ પોલીસ મથક ખાતે નોંધાયેલી કુલ 5 FIRના આધારે ED દ્વારા મની લોન્ડરિંગ નિવારણ કાયદા (PMLA) હેઠળ તપાસ હાથ ધરાઈ હતી. આરોપીઓ સામે 'ભારતીય ન્યાય સંહિતા, 2023' (BNS) ની વિવિધ કલમો હેઠળ અગાઉ ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવી ચૂકી છે.

EDની તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓએ સામાન્ય ઘર ખરીદનારાઓ, નાના રોકાણકારો, વેપારીઓ અને મધ્યમ વર્ગના પરિવારો સાથે મોટા પાયે છેતરપિંડી આચરી હતી. આરોપીઓએ પોતાની રિયલ એસ્ટેટ યોજનાઓને અધિકૃત પ્રોજેક્ટ્સ તરીકે રજૂ કરી આકર્ષક 'પ્રી-લોન્ચ' ભાવે ફ્લેટ તેમજ દુકાનો ઓફર કરી હતી. આ સાથે રોકાણકારોને 54% થી 100% સુધીના ઊંચા ફિક્સ્ડ રિટર્નનું વચન પણ આપ્યું હતું. જોકે, આ પ્રોજેક્ટ્સનું માર્કેટિંગ N.A. (બિન-ખેતી) પરવાનગી અને RERA રજિસ્ટ્રેશન જેવી ફરજિયાત કાયદાકીય મંજૂરીઓ વિના જ કરવામાં આવ્યું હતું. પરિણામે, 'છારોડી' સ્કીમમાં અંદાજે 250 અને 'અક્ષર અનંત' સ્કીમમાં 44થી વધુ ખરીદદારો-રોકાણકારો પાસેથી નાણાં પડાવી લીધા બાદ ન તો ફ્લેટ કે દુકાનોનો કબજો અપાયો કે ન તો નાણાં પરત કરવામાં આવ્યા.

## સેક્ટર-16માં ડોલી પાન પાર્લરમાં દારૂ વેચાણનો વેપલો : 117 નંગ બિયર-દારૂની બોટલ મળી

ગાંધીનગર | ગાંધીનગરના સેક્ટર 16ના ડૉલી પાન પાર્લરની આડમાં નશાના શોખીનોને ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરનો જથ્થો પણ વેચવામાં આવતો હતો. જેની બાતમી મળતા જ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડી બુટલેગરને 25 હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર LCBના પીઆઈ ડી.બી.વાળાની ટીમ સેક્ટર 21 પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે સેક્ટર 16માં ડૉલી પાન પાર્લર ચલાવતો મોઈનખાન મયુદ્દીન મોગલ તેના પાર્લરમાં પાન મસાલા સાથે નશાના શોખીનોને વિદેશી દારૂનું પણ છૂટક વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે પાર્લર પર દરોડો પાડતા 26 વર્ષીય મોઈનખાન મયુદ્દીન મોગલ (રહે. 2/17, સેક્ટર 25 GIDC, બે માળીયા મકાન) હાજર મળી આવ્યો હતો. બાદમાં પોલીસે પાર્લરમાં તપાસ કરતા એક લાકડાના મોટા કબાટમાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની સીલબંધ પ્લાસ્ટિકની બોટલો તથા બિયરના ટીન મળી આવ્યા હતા. જેની ગણતરી કરતા 16 હજાર 280ની કિંમતની 88 નંગ દારૂની પ્લાસ્ટિકની બોટલ તેમજ 4 હજારની કિંમતના 29 બિયરના ટીન મળીને 20,370નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેના પગલે પોલીસે દારૂ અને મોબાઈલ મળીને 25 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર મોઈનખાનની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગુજરાત ભાજપના નવા પ્રભારી તરીકે તરુણ ચૂગની નિમણૂક




ગુજરાત | ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નબીને ગુજરાત સહિત ત્રણ રાજ્યમાં નવા રાજ્ય પ્રભારીની નિમણૂક કરી છે. ગુજરાત ભાજપના નવા પ્રભારી તરીકે રાજ્યસભા સાંસદ અને ભાજપના નેશનલ હેડક્વાર્ટર ઈન-ચાર્જ તરુણ ચૂગને જવાબદારી સોંપવામાં આવી છે. આ નિમણૂક તાત્કાલિક અસરથી અમલમાં આવશે. આ સાથે જ ઉત્તર પ્રદેશના પ્રભારી તરીકે વિનોદ તાવડેની નિમણૂક કરવામાં આવી છે, જ્યારે જગદીશ ઈશ્વરભાઈ પટેલને ઉત્તર પ્રદેશના સહ-પ્રભારી બનાવવામાં આવ્યા છે. વિનોદ તાવડે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને રાજ્યસભા સાંસદ છે. બીજી તરફ, પંજાબના પ્રભારી તરીકે ડૉ. સતીશ પૂનિયાની નિમણૂક કરવામાં આવી છે. તેઓ પણ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને રાજ્યસભા સાંસદ છે. ગુજરાત માટે તરુણ ચૂગની નિમણૂક મહત્વની માનવામાં આવી રહી છે. ચૂગ રાજ્યસભા સાંસદ હોવા ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય મુખ્યાલયના ઈન-ચાર્જ તરીકે પણ જવાબદારી સંભાળી રહ્યા છે. ભાજપે સ્પષ્ટ કર્યું છે કે, અન્ય રાજ્યોના પ્રભારીની નિમણૂક આગામી સમયમાં કરવામાં આવશે અને ત્યાં સુધી હાલની પ્રભારી વ્યવસ્થા યથાવત્ રહેશે.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં બે વિદ્યાર્થીઓએ પીએચ.ડી.નો અભ્યાસ કર્યો સંપન્ન – કુલપતિએ તત્કાલ પ્રોવિજનલ સર્ટીફિકેટ કર્યું અર્પણ

નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ સ્થિત ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ વિવિધ વિષયોમાં પીએચ.ડી.નો અભ્યાસ કરી રહ્યા છે. આજે બે વિદ્યાર્થી ઓએ તેમનાં આખરી વાઈવા વોઈશ દરમ્યાન બાહરી રેફરી સમક્ષ પોતાનાં થીશીસનું સફળતાપૂર્વક રજુ કર્યા હતા. ગુજરાતિ વિષયનાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં દવે તૃષાબેન કિરીટભાઈએ



પ્રાથમિક શાળા ના અંગ્રેજી વિષય માટે સ્વ-અધ્યયન સાહિત્યની સંરચના અને તેની અસરકારકતા વિષયે પોતાનાં માર્ગદર્શક ડો. માલાભાઈ ડોડીયાનાં માર્ગદર્શનમાં બાહ્ય પરીક્ષક ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર થી એસોસિયેટ પ્રોફેસર ડો ચિરાગ દેસાઈની પરોક્ષ ઉપસ્થિતીમાં પોતાનું શોધપત્ર પ્રસ્તુત કર્યુ હતુ. વિદ્યાર્થીની ને યુનિ.નાં રજીસ્ટ્રાર ડો.આર.જી.પરમારે તુરંત નોટીફિકેશન અને પ્રોવિજનલ પ્રમાણપત્ર એનાયત કર્યા હતા. જયારે આંબલીયા નિલેષકુમાર સામતભાઈએ ગુજરાતી વિષયનાં માનવવિદ્યા વિદ્યાશાખા માં 'રુકિમણી હરણ' પ્રસંગનો તુલનાત્મક અભ્યાસ (વિષ્ણુ પુરાણ, ભાગવત પુરાણ, હરિવંશ પુરાણ, અને સાંયાજી ઝુલા કૃત 'રુકિમણી હરણ' ના સંદર્ભમાં વિષયે પોતાનાં સંશોધન માર્ગદર્શક દેવમણી આર્ટસ કોલેજનાં ડો અરુણ કક્કડનાં માર્ગદર્શનમાં આખરી વાઈવા વોઈશ દરમ્યાન બાહ્ય પરીક્ષક અને ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય, કુંઢેલા પ્રોફેસર અને અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ડો અજય ચૌહાણ ની ઉપસ્થિતીમાં થીસીસ પ્રસ્તુત કર્યુ હતુ. ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયનાં કુલપતિ પ્રો. (ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે તુરંત નોટીફિકેશન અને પ્રોવિઝનલ પ્રમાણપત્ર એનાયત કરી શુભકામનાં પાઠવી જણાવ્યુ હતુ કે સખત મહેનત, ધૈર્ય અને સંશોધન આજે સફળ થયા છે.મેળવેલ સર્વોચ્ચ ડિગ્રી થકી આપની કારિર્દીનાં શીખરો સર કરી તમારું જ્ઞાન સમાજને નવી દિશા ચિંધે.

## રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા બેઠક યોજાઈ

અમદાવાદ | રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં રાજ્યના તમામ પોલીસ કમિશનરશ્રીઓ, રેન્જ વડાશ્રીઓ તેમજ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ સાથે આજે પોલીસ ભવન ખાતેથી કાયદો અને વ્યવસ્થાની વર્તમાન પરિસ્થિતિ અંગે એક મહત્વપૂર્ણ વિડિયો કોન્ફરન્સથી સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ખાસ કરીને ઈમરજન્સી સેવા ૧૧૨ અને તેના રિસ્પોન્સ ટાઈમ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ 112 ની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. તે ઉપરાંત પોલીસ વાહનો અને ડ્રાઈવરોની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા તેમજ ઓફ-રોડ થયેલા વાહનોનું તાત્કાલિક સમારકામ હાથ ધરવા કડક સૂચનાઓ અપાઈ હતી. આ બેઠકમાં ૧૧૨ સ્ટાફની યોગ્ય હાજરી અને રજા મંજૂરી પ્રક્રિયા દરમિયાન કંટ્રોલ રૂમ સાથે યોગ્ય સંકલન જાળવવા પર પણ ભાર મુકાયો હતો. નાગરિકોને કોઈપણ આપાતકાલીન કે મુશ્કેલીના સમયે ઝડપી, સક્ષમ અને સમયસર પોલીસ સહાય મળી રહે તે ઉદ્દેશ સાથે પોલીસ વાહનોનો રિસ્પોન્સ ટાઈમ વધુમાં વધુ ઘટે અને કટોકટીના સમયે નાગરિકોને ત્વરિત સહાય મળે તે માટે કામગીરીનું સતત મોનિટરિંગ કરવા તેમજ જરૂરી સુધારાત્મક પગલાં ભરવા રાજ્ય પોલીસ વડાશ્રીએ સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું હતું.

## ઘુમા બાદ હવે સાણંદમાં દીપડાની દહેશત : મોટી દેવતી ગામ પાસે પગલાં મળતા વનવિભાગે પાંજરા ગોઠવ્યા

અમદાવાદ | અમદાવાદ શહેરના ઘુમા વિસ્તારમાં દીપડો દેખાયાના 1 મહિનામાં જ જિલ્લાના સાણંદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ફરી એકવાર દીપડાની દહેશત ઉભી થઈ છે. સાણંદ તાલુકાના મોટી દેવતી ગામ નજીક દીપડો દેખાયો હોવાની માહિતી સામે આવતા વન વિભાગની ટીમ દોડતી થઈ છે. આ વિસ્તારમાં મળી આવેલા પગલાં દીપડાના જ હોવાની વનવિભાગે પુષ્ટિ કરી છે. દીપડાને પકડવા પાંજરા ગોઠવવામાં આવ્યા છે.

DCFએ જણાવ્યું કે, મોટી દેવતી તરફ દીપડો દેખાયાની જાણ થતા ટીમ પહોંચીને તપાસ કરી રહી છે. જે ફૂટપ્રિન્ટ મળ્યા છે તે દીપડાના છે. દીપડો પકડાય જાય તે માટે વનવિભાગે મારણ સાથે પાંજરું મૂકવામાં આવ્યું છે. હજી સુધી કોઈ ગ્રામજનોએ દીપડો જોયાની વિગત મળી નથી.



દીપડાની ચર્ચા વચ્ચે આસપાસના ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વન વિભાગ દ્વારા ગ્રામજનોને સાવચેતી રાખવા તેમજ રાત્રિના સમયે એકલા બહાર ન નીકળવા અને શંકાસ્પદ હિલચાલ જણાય તો તાત્કાલિક વન વિભાગને જાણ કરવા સૂચના આપવામાં આવી છે.

અમદાવાદના પોશ વિસ્તાર એવા ઘુમામાં પણ એક મહિના પહેલા દીપડાએ દેખા દીધી હતી. 19 જુલાઈએ મોડી રાત્રે સેરેનદીપ સોસાયટીના એક બંગલાની કોટ કૂદતો દીપડો સીસીટીવીમાં કેદ થયો હતો.

## કેનેડા મોકલવાની લાલચ આપી ₹6 લાખની ઠગાઈ: વસ્ત્રાલના યુવક સાથે 20 લાખમાં ડીલ કરી એડવાન્સ પેટે રુપિયા લઈ વિઝા ન અપાવ્યા

અમદાવાદ | ગુજરાતીઓમાં વિદેશમાં સેટલ થવાની ઘેલછાનો લાભ લઈ કેટલાક વિઝા કન્સલ્ટન્ટ અને એજન્ટો દ્વારા લોકો સાથે છેતરપિંડી કરવામાં આવતી હોવાના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે વધુ એક કિસ્સામાં વસ્ત્રાલના યુવકને કેનેડા મોકલવાની લાલચ આપી 6 લાખની ઠગાઈ કરવામાં આવી હોવાની ફરિયાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાઈ છે.

સાયન્સ સિટી રોડ પર ગુરુ ઈન્ટરનેશનલ નામે વિઝા કન્સલ્ટન્સી ઓફિસ ચલાવતા નિતેશ વાસુદેવ રાવલ સામે આ ફરિયાદ નોંધાઈ છે. વસ્ત્રાલની આકૃતિ સોસાયટીમાં રહેતા કાર્તિક જીતેન્દ્ર પટેલ સરખેજ રોડની એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. કાર્તિકને કેનેડા જઈને સેટલ થવાની ઈચ્છા હોવાથી તેણે વિદેશ જવાની પ્રક્રિયા અંગે તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન તેના પરિચિત બળવંતભાઈ મારફતે તેની મુલાકાત નિતેશ રાવલ સાથે થઈ હતી.

પ્રથમ મુલાકાત ચિલોડા રોડ પર થયા બાદ નિતેશે કાર્તિકને કેનેડા મોકલવા તેમજ વિઝા સહિતની જરૂરી કાર્યવાહી કરી આપવાનું કહી 20 લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. આ રકમમાંથી શરૂઆતમાં 6 લાખ એડવાન્સ પેટે ચૂકવવાના રહેશે તેમ જણાવતાં કાર્તિક અને તેના પરિવારજનો નિતેશની વાતના વિશ્વાસમાં આવ્યા હતા.

ત્યારબાદ વર્ષ 2024માં કાર્તિક તેના પરિવારજનો સાથે સોલા રોડ પર કારગીલ પેટ્રોલ પંપ પાસે ગ્રેસ બિઝનેસ પાર્કમાં નિતેશની ઓફિસે ગયો હતો અને ત્યાં તેણે 6 લાખ રોકડા ચૂકવ્યા હતા. નિતેશની ઓફિસ તરફથી આ રકમ સ્વીકાર્યાની પહોંચ પણ આપવામાં આવી હતી. ત્યારબાદ કેનેડા મોકલવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.

જો કે રુપિયા 6 લાખ ચૂકવ્યા બાદ પણ લાંબા સમય સુધી કેનેડા મોકલવાની કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હતી. કાર્તિકે આ અંગે નિતેશ રાવલ પાસે વારંવાર પૂછપરછ કરતાં તે પ્રક્રિયા ચાલુ હોવાનું જણાવીને સમય પસાર કરતો રહ્યો હતો. લાંબો સમય વીતી જવા છતાં ન તો કાર્તિકને કેનેડા મોકલવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી કે ન તો તેના 6 લાખ પરત આપવામાં આવ્યા.આખરે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં કાર્તિક પટેલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કરી નિતેશ વાસુદેવ રાવલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## 25 વર્ષના યુવકનો ચાઈલ્ડ પોર્નોગ્રાફીના નામે ખતરનાક ખેલ

ગાંધીનગર | ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે 1071 કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ કર્યો છે. ગુજરાતના અમદાવાદના સિનિયર સિટીઝન સહિત દેશભરના અલગ-અલગ રાજ્યોમાં ડિજિટલ એરેસ્ટ, સાયબર ફ્રોડ અને ચાઈલ્ડ પોર્નોગ્રાફીના કેસોના નામે ડરાવી લોકો પાસે પૈસા પડાવનાર મુખ્ય સૂત્રધાર BCA સુધી ભણેલા રફીકુલ આલમ (ઉ.વ. 25) (રહે. આસામ)ની ધરપકડ કરી છે.

SP વિવેક ભેડાએ જણાવ્યું હતું કે, તપાસમાં કુલ 1,090 સાયબર ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. આરોપી ચાઈનીઝ ક્રિમિનલ્સ સાથે ડાઈરેક્ટ સંપર્કમાં હતો.

વિવેક ભેડાએ વધુમાં જણાવ્યું હતું કે, આરોપીઓની મોડસ ઓપરેન્ડી મુજબ, ગેંગના સભ્યો પોલીસ, CBI, ED અથવા અન્ય સરકારી એજન્સીના અધિકારી બની પીડિતોનો સંપર્ક કરતા હતા. કેટલાક કિસ્સામાં ચાઈલ્ડ પોનોગ્રાફી, ગેરકાયદે ઓનલાઈન પ્રવૃત્તિ અથવા અન્ય ગંભીર ગુનામાં સંડોવણી હોવાનો આરોપી મૂકી પીડિતોને ડરાવવામાં આવતા હતા.

# જો તમને ગુજરાતની જનતાની આરોગ્યની ચિંતા હોત તો તમારા ક્ષેત્રમાં આ નકલી ઘીનો કારોબાર ચાલતો ન હોત: રામ ધડુક AAP

અમદાવાદ |આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ રામ ધડુકે એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગતરોજ કામરેજમાં નકલી ઘી બનાવતી ફેક્ટરી ઝડપાઈ અને લાખો રૂપિયાનો સામાન જપ્ત કરવામાં આવ્યો. વર્ષોથી આ ફેક્ટરીઓ ધમધમતી હતી અને નકલી ઘી તમામ ગામોમાં પહોંચતું હતું. છેલ્લા ચાર મહિનામાં ચાર નકલી ઘી બનાવતી ફેક્ટરીઓ ઝડપાઈ છે. નવાઈની વાત છે કે ગુજરાતના આરોગ્ય મંત્રી તેમજ કામરેજ વિધાનસભાના ધારાસભ્ય પ્રફુલભાઈ પાનસરિયાના ક્ષેત્રમાં જ આ કારોબાર ધમધમી રહ્યો હતો. તો સવાલ એ પેદા થાય છે કે શું આરોગ્ય મંત્રીના ધ્યાનમાં આ વાત આવી ન હતી? ફૂડ અને ડ્રગ્સ વિભાગ આરોગ્ય મંત્રી હેઠળ આવે છે. તો બધા લોકો શું કરી રહ્યા હતા? એક તરફ ગુજરાતના લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરીને આ લોકો આ નકલી ઘીનો કારોબાર ચલાવી રહ્યા હતા અને વારંવાર નકલી ઘીની ફેક્ટરીઓ પકડાય છે, તો આરોગ્ય મંત્રીએ ગુજરાતના લોકો સામે એક

**તહેવારોમાં લોકોને શુદ્ધ મીઠાઈ મળે અને કોઈપણ પ્રકારની ભેળસેળયુક્ત મીઠાઈઓ ન બને, એ પ્રમાણે કડક કાર્યવાહી કરવી પડશે: રામ ધડુક AAP**

સ્પષ્ટીકરણ આપવું જોઈએ કે કાં તો તમે આંખ આડા કાન કરો છો અથવા તો તમારું ધ્યાન ક્યાંય બીજે છે અને તમે પોતે લોકોની જવાબદારી સમજતા નથી અને કાં તો લોકોના આરોગ્ય વિશે તમને બિલકુલ ચિંતા નથી. જો તમને ગુજરાતની જનતાને આરોગ્યની ચિંતા હોત તો તમારા ક્ષેત્રમાં આ નકલી ઘીનો કારોબાર ચાલતો ન હોત.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા રામ ધડુકે જણાવ્યું હતું કે, અત્યારે ગુજરાતમાં જ્યાં જુઓ ત્યાં નકલી ચીજ વસ્તુઓનો કારોબાર ફૂલ્યોફાલ્યો છે. નકલી કચેરી પકડાય, નકલી પોલીસ પકડાય, નકલી ડોક્ટરો પકડાય, નકલી દવાખાનાઓ પકડાય, નકલી મીઠાઈ પકડાય, આ રીતે બધું જ નકલી ધમધમી રહ્યું છે. હવે તહેવારોની સિઝનમાં મીઠાઈઓનું ધૂમ વેચાણ થવાનું છે, આરોગ્ય વિભાગ સેમ્પલ લેશે અને લોકો મીઠાઈઓ ખાઈ લેશે અને લોકોના તહેવારો પણ જતા રહેશે પછી એ સેમ્પલોના રિપોર્ટ આવશે, તો એ શું કામનું? હું ગુજરાતની જનતા વતી આરોગ્ય મંત્રીને અપીલ કરવા માંગુ છું કે હમણાં તહેવારો આવે છે ત્યારે લોકોને શુદ્ધ મીઠાઈ મળી રહે અને લોકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય, કોઈપણ પ્રકારની ભેળસેળયુક્ત મીઠાઈઓ ન બને એ પ્રમાણે આરોગ્ય વિભાગે કડક કાર્યવાહી કરવી પડશે, એવી લેબો ઊભી કરવી પડશે કે તાત્કાલિક સેમ્પલના રિપોર્ટ આવે અને જે લોકો નકલી કારોબાર કરતા હોય, એમના વિરુદ્ધ તાત્કાલિક કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. જો આરોગ્ય મંત્રી આવી વ્યવસ્થા નહીં.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### આંતરરાષ્ટ્રીય રેકેટના મુખ્ય આરોપી રિયાઝની ખંભાળિયાથી ધરપકડ

# સુરત સાયબર ક્રાઈમ : ૧.૫૨ કરોડના ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડમાં મુખ્ય સૂત્રધાર ઝડપાયો

(એજન્સી) સુરત । તા. 18

સુરત સાયબર ક્રાઈમ સેલ દ્વારા તાજેતરમાં એક કરોડ બાવન લાખ રૂપિયાના આંતરરાષ્ટ્રીય ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ કેસનો મોટો પર્દાફાશ કરવામાં આવ્યો છે, જેણે રાજ્યભરમાં ભારે ચકચાર જગાવી છે. આ ગંભીર ગુનામાં સંડોવાયેલા અને નાણાંની હેરાફેરી કરનાર મુખ્ય આરોપી રિયાઝને પોલીસે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાંથી દબૂચી લીધો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આરોપી રિયાઝ ફ્રોડના નાણાં મ્યુલ બેન્ક ખાતાઓમાંથી ઉપાડીને તેને ક્રિપ્ટોકરન્સીમાં રૂપાંતરિત કરી વિદેશી આકાઓ સુધી પહોંચાડવાનું મોટું નેટવર્ક ચલાવતો હતો, જેના પગલે સાયબર ક્રાઈમે સઘન તપાસ શરૂ કરી છે.




#### મ્યુલ ખાતાધારકોની પૂછપરછમાં ખુલ્યા ચોંકાવનારા તાર

આ કૌભાંડની તપાસ દરમિયાન સુરત સાયબર ક્રાઈમે અગાઉ ત્રણ મ્યુલ ખાતાધારકો મિનેશકુમાર સોલંકી, અનિલ ગુપ્તા અને વિકાસ ભદોરીયાની ધરપકડ કરી હતી. તેમની કડક પૂછપરછ હાથ ધરવામાં આવતા આ સમગ્ર આંતરરાષ્ટ્રીય સાયબર સ્કેન્ડલના મુખ્ય તાર મુંબઈના રિયાઝ સાથે જોડાયેલા હોવાનું બહાર આવ્યું હતું. મુંબઈથી ફરાર થઈને ખંભાળિયામાં છુપાયેલા રિયાઝની ચોક્કસ બાતમી મળતાં જ સાયબર ક્રાઈમની ટીમે તાત્કાલિક દરોડો પાડીને તેની ધરપકડ કરી લીધી છે. પોલીસ તપાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે આ સમગ્ર રેકેટમાં તેને મદદ કરનાર અન્ય બે શખ્સો હાલ ફરાર છે, જેને શોધવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

#### જયપુરથી મુંબઈ સુધી ફેલાયેલું હતું ગુનાહિત નેટવર્ક

આ સાયબર ફ્રોડ આચરનાર ગેંગની મોડસ ઓપરેન્ડી અત્યંત ચોંકાવનારી રહી છે, જેમાં આરોપીઓ પીડિતો અથવા મ્યુલ ખાતાધારકોને પહેલા જયપુર લઈ જતા અને ત્યારબાદ મુંબઈના સાકીનાકા વિસ્તારમાં આવેલા એક ફ્લેટમાં ગુપ્ત રીતે રાખતા હતા. આ ત્રણ દિવસના સમયગાળા દરમિયાન ખાતાધારકોના બેન્ક ખાતાઓમાં છેતરપિંડીથી મેળવેલી લાખો રૂપિયાની માતબર રકમ જમા કરાવવામાં આવતી હતી. ત્યારબાદ મુખ્ય આરોપી રિયાઝ એટીએમ કે બેન્કમાંથી આ નાણાં રોકડા ઉપાડીને તેને ક્રિપ્ટોકરન્સી યુએસડીટીમાં તબદીલ કરી દેતો હતો અને તે રકમ કંબોડિયા મોકલી આપતો હતો. મીડિયા અહેવાલ મુજબ, આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલા આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ હાલ સઘન પૂછપરછ કરી રહી છે.

આ પ્રકારની ઘટનાઓ દર્શાવે છે કે આજના સમયમાં આંતરરાષ્ટ્રીય સાયબર ગુનેગારો કેટલા સક્રિય છે અને સામાન્ય લોકોને લાલચ આપીને તેમના બેન્ક ખાતાનો દુરુપયોગ કરી રહ્યા છે. સુરત સાયબર ક્રાઈમ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ કોઈપણ પ્રકારની શંકાસ્પદ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ્સ કે પ્રલોભનોમાં ફસાઈ ન જાય અને પોતાની બેન્ક વિગતો અન્ય કોઈ સાથે શેર ન કરે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આવા સાયબર ફ્રોડ સામે લડવા માટે વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે જેથી નાગરિકોની મહેનતના નાણાં સુરક્ષિત રહી શકે અને ગુનેગારો કાયદાના શિખંજામાં આવે.

## રાજકોટમાં નંબર પ્લેટ વિનાના વાહનોને ઈંધણ નહી મળે, પેટ્રોલ પંપો પર વગર નંબર વાહનોને પ્રતિબંધ



રાજકોટ | રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત બનાવવા તેમજ ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરાવવા માટે પોલીસે એક અત્યંત મહત્વપૂર્ણ અને સખત નિર્ણય લીધો છે. વાહનોની નંબર પ્લેટ સાથે ચેડાં કરીને કે નંબર પ્લેટ વગર ગાડીઓ ચલાવીને ઈ-ચલણથી બચતા અસામાજિક તત્વો અને નિયમભંગ કરનારાઓ પર લગામ કસવા માટે પોલીસ કમિશનરે 'નંબર પ્લેટ નહીં તો ઈંધણ નહીં'નો વિશેષ આદેશ જાહેર કર્યો છે. રાજ્યભરમાં આ પ્રકારનો કડક અને અનોખો નિયમ અમલમાં મૂકનાર રાજકોટ પ્રથમ શહેર બન્યું છે, જેના કારણે વાહનચાલકોમાં ભારે ચર્ચા જાગી છે. મીડિયા અહેવાલ મુજબ, આ નવો નિયમ 17 ઓગસ્ટ 2026 થી લઈને 16 ઓક્ટોબર 2026 સુધી એટલે કે આગામી 60 દિવસ માટે સમગ્ર શહેરમાં લાગુ રહેશે. પોલીસ પ્રશાસન દ્વારા શહેરના તમામ પેટ્રોલ, ડીઝલ અને સીએનજી પંપ સંચાલકોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે તેઓ કોઈપણ વાહનની યોગ્ય રજિસ્ટ્રેશન પ્લેટ ચકાસ્યા વગર ઈંધણ ન આપે.

## મહીસાગર બ્રિજ પર આપઘાતના વધતા બનાવો: દસ દિવસમાં પાંચ ઘટનાઓથી ચિંતા

(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરા નજીક આવેલી મહીસાગર નદીના પુલ પરથી આપઘાત કરવાના બનાવોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે, જેના પગલે પોલીસ તંત્ર અને ફાયર બ્રિગેડ દ્વારા સતર્કતા વધારી દેવામાં આવી છે. છેલ્લા દસ દિવસની ટૂંકી અંદર ફાજલપુર અને ઉમેટા બ્રિજ પરથી નદીમાં કૂદી પડવાના કુલ પાંચ બનાવો સામે આવ્યા છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે, જ્યારે નાગરિકોમાં પણ આ પ્રકારની ઘટનાઓથી ભારે હડકંપ મચી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ફાજલપુર બ્રિજ પર બે હૃદયદ્રાવક બનાવો નોંધાયા છે. ગઈકાલે રાત્રે છાણી વિસ્તારની આસપાસથી ગુમ થયેલા એક યુવકની શોધખોળ ચાલી રહી હતી તે દરમિયાન તેની બાઈક અને મોબાઈલ ફોન ફાજલપુર બ્રિજ પરથી મળી આવ્યા હતા, જેના કારણે તે નદીમાં કૂદી ગયો હોવાની આશંકાએ ફાયર બ્રિગેડ દ્વારા બોટની મદદથી સઘન શોધખોળ શરૂ કરવામાં આવી હતી. આ બચાવ કામગીરી ચાલી રહી હતી તે જ દરમ્યાન બપોરના સમયે કરણ નામનો વડોદરા ગ્રામ્ય વિસ્તારનો અન્ય એક યુવક પણ આ જ બ્રિજ પરથી નદીમાં કૂદી પડ્યો હતો. જો કે, ફાયર બ્રિગેડના જવાનોની સતર્કતાના કારણે આ યુવકને સહીસલામત બચાવી લેવામાં સફળતા મળી હતી, પરંતુ અગાઉના યુવકનો હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. મહીસાગર નદીના આ પુલો પર અગાઉ પણ આવા અનેક દુ:ખદ બનાવો બની ચૂક્યા છે. દસેક દિવસ પહેલાં વડોદરાના એક રિક્ષાચાલકે ઉમેટા બ્રિજ પરથી પડતું મૂકતા તેનું મોત નીપજ્યું હતું અને તેનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઉપરાંત, સુનિલ પઢિયાર નામના અન્ય એક યુવકનો પણ આંકલાવ પોલીસે નદીમાંથી મૃતદેહ કબજે કરીને જરૂરી કાર્યવાહી કરી હતી. બીજી બાજુ, બે દિવસ અગાઉ ઉમેટા બ્રિજ પરથી પડતું મૂકનાર એક મહિલાને પણ સ્થાનિકો તથા બચાવ ટીમો દ્વારા સમયસર બચાવી લેવામાં આવી હતી.

## વડોદરામાં સ્કૂટર પર મોબાઈલ સ્નેચિંગ કરતા બે ગઠીયા ઝડપાયા, ફતેગંજ વિસ્તારમાં ત્રણ ગુનાઓનો પર્દાફાશ

(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરા શહેરના ફતેગંજ અને તેની આસપાસના વિસ્તારોમાં રાહદારીઓ તેમજ રીક્ષાચાલકોને નિશાન બનાવીને અછોડાની જેમ ચાલુ વાહને મોબાઈલ ઝૂંટવીને ફરાર થઈ જતા બે કુખ્યાત ગઠીયાઓને સયાજીગંજ પોલીસે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. આ બંને આરોપીઓની કડક પૂછપરછ દરમિયાન ટૂંકા ગાળામાં જ મોબાઈલ લૂંટના ત્રણ ગંભીર ગુનાઓનો ભેદ ઉકેલાઈ ગયો છે અને પોલીસે તેમની પાસેથી લૂંટાયેલા કિંમતી મોબાઈલ પણ જપ્ત કર્યા છે.



મીડિયા અહેવાલ મુજબ, ફતેગંજ વિસ્તારમાં એક રીક્ષાચાલકનો મોબાઈલ ફોન લૂંટીને બે યુવકો ફરાર થઈ ગયા હોવાની ઘટના સામે આવી હતી. આ મામલે સયાજીગંજ પોલીસે ટેક્નોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી કડક બજાર વિસ્તારમાંથી આકીબ ઈસ્માઈલભાઈ સૈયદ (રહે. કમાટીપુરા, ફતેગંજ) ને ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી લૂંટાયેલો મોબાઈલ કબજે કર્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ પોતાના ગુનાની કબુલાત કરી હતી. આરોપીની વધુ પૂછપરછ દરમિયાન તેણે પોતાના સાગરીતના નામનો ખુલાસો કર્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પોલીસે આકીબના સાગરીત ફૈજાન ઉર્ફે બીડી ઈખ્તયારભાઈ પઠાણ (રહે. સ્લમ ક્વાર્ટર, કમાટીપુરા) ને પણ નરહરી હોસ્પિટલ પાસેથી શોધી કાઢીને ઝડપી લીધો હતો અને તેની પાસેથી પણ લૂંટનો મોબાઈલ કબ્જે કર્યો હતો.

## અમદાવાદ અને વડોદરામાં ઊંચા વ્યાજની લાલચ આપી સતાવેલું કરોડ રૂપિયાનું કૌભાંડ

(એજન્સી) વડોદરા । તા. 18

અમદાવાદ અને વડોદરા શહેરમાં સક્રિય થયેલી એક ખાનગી પેઢી દ્વારા નાગરિકોને ઊંચા વ્યાજની લાલચ આપીને કરોડો રૂપિયા પડાવી લેવામાં આવ્યા હોવાની અત્યંત ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, યુનિક મર્કન્ટાઈલ્સ અને યુનિક સ્વયં મલ્ટિપર્પઝ કંપનીના સંચાલકોએ રોકાણકારોની મહેનતની કમાણી હડપ કરીને અમદાવાદના આશ્રમરોડ અને વડોદરાના કારેલીબાગ સ્થિત પોતાની ઓફિસોને અચાનક તાળાં મારી દીધા છે. આ મોટા આર્થિક કૌભાંડને લઈને રોકાણકારોમાં ભારે રોષ ફેલાયો છે અને વહીવટી તંત્ર દ્વારા આ મામલે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

કારેલીબાગની વૃન્દાવન સોસાયટીમાં રહેતા મિતેષકુમાર શાહે પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૭માં તેમના મિત્રની ભલામણથી તેમણે કારેલીબાગ હીરાવંતી ચેમ્બરમાં આવેલી યુનિક મર્કન્ટાઈલ્સ ઈન્ડિયા લિ.માં તપાસ કરી હતી. આ કંપની દ્વારા રોકાણ પર આકર્ષક વળતર આપવાની મોટી મોટી યોજનાઓ રજૂ કરવામાં આવી હતી, જેમાં એક લાખના રોકાણ પર દર મહિને અંદાજે સાડા નવસો રૂપિયા એટલે કે અગિયાર ટકાથી વધુ વ્યાજ આપવાની ખાતરી અપાઈ હતી. આ લોભામણી વાતોમાં આવીને ફરિયાદી તથા અન્ય રોકાણકારોએ પોતાની બચતના લાખો રૂપિયા આ પેઢીઓમાં રોકાણ કરી દીધા હતા, પરંતુ સમય જતાં પાકતી મુદતે નાણાં પરત ન મળતા છેતરપિંડી થયાનું બહાર આવ્યું હતું. રોકાણકારો દ્વારા આ પેઢીની વિવિધ શાખાઓ જેવી કે યુનિક મર્કન્ટાઈલ્સ, યુનિક સ્વયં મલ્ટિસ્ટેટ મલ્ટિપર્પઝ કો ઓપરેટિવ સોસાયટી અને વિક્ટરી સ્કાય એન્ટરપ્રાઈઝમાં તબક્કાવાર લાખો રૂપિયાનું જંગી રોકાણ કરવામાં આવ્યું હતું. મિતેષકુમાર શાહે કુલ ૮૪.૬૬ લાખ અને સુરેશચંદ્ર સીતારામ ચૌહાણે ૧૨.૪૫ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હોવાનું સામે આવ્યું છે, જે મુજબ કુલ મળીને આશરે ૯૭ લાખથી વધુ રકમ ખંખેરી લેવામાં આવી છે. વર્ષ ૨૦૨૧માં જ્યારે આ નાણાં પાકતી મુદતે પરત માંગવામાં આવ્યા ત્યારે સંચાલકો દ્વારા ટાળામટોળ કરવામાં આવી હતી.

## રાજકોટમાં તળાવમાં ડૂબવાથી ત્રણ બાળકો અને યુવકનું મોત, તળાવમાં ડૂબી જતાં ચારનાં કરૂણ મોત



રાજકોટ | રાજકોટ નજીકના બેડી ગામની સીમમાં આવેલા નેસવડા પીર બાપુની દરગાહ પાસેના તળાવમાં સર્જાયેલી એક અત્યંત હૃદયદ્રાવક દુર્ઘટનામાં ત્રણ માસૂમ બાળકો અને એક યુવકનું પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યું છે. આ ઘટનાને કારણે રોણકી ગામથી આવેલા મુસ્લિમ પરિવાર અને સમગ્ર વિસ્તારમાં કાળો કલ્પાંત મચી ગયો છે. એક બાળકને બચાવવા માટે પાણીમાં પડેલા અન્ય સભ્યો પણ કાળનો ગ્રાસ બનતા ખુશીનો માહોલ ક્ષણવારમાં જ શોકમાં ફેરવાઈ ગયો હતો. મીડિયા અહેવાલ મુજબ, રોણકી ગામથી મુસ્લિમ પરિવારના પંદર જેટલા સભ્યો અલગ-અલગ વાહનોમાં બેડી ગામની સીમમાં સ્થિત નેસવડા પીર બાપુની દરગાહે સલામ ભરવા માટે ગયા હતા. સલામ ભર્યા બાદ પરિવારના તમામ સભ્યો ત્યાં બેઠા હતા, તે દરમિયાન છ વર્ષનો માસૂમ બાળક સેફાન અચાનક નજીકના તળાવમાં પડી ગયો અને ડૂબવા લાગ્યો. બાળકી અને અન્ય સભ્યોએ દેકારો મચાવતા તેને બચાવવા માટે તેનો ભાઈ સોહાન અને નવ વર્ષની અલીફા પણ પાણીમાં કૂદી પડ્યા હતા.

### સત્તાવીસ મહિલાઓને અપાઈ કેનિંગની વિશેષ તાલીમ

# સાગબારાના ટાવલ ગામે મહિલાઓ માટે કેનિંગ તાલીમ યોજાઈ



(એજન્સી) રાજપીપળા । તા. 18

નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, રાજપીપળા દ્વારા સાગબારા તાલુકાના અંતરિયાળ ટાવલ ગામે મહિલાઓ માટે વિશેષ કેનિંગ તાલીમ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય તાલીમ કાર્યક્રમમાં આ વિસ્તારની કુલ સત્તાવીસ બહેનોએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો અને સ્વરોજગાર તરફ આગળ વધવા માટેનું નવું ભાથું મેળવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સ્તરે ઉપલબ્ધ બાગાયતી પેદાશોનો યોગ્ય ઉપયોગ કરી મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવવાનો હતો, જેને લઈને ગ્રામીણ સ્તરે સારો એવો સંતોષ જોવા મળ્યો છે.

તાલીમ દરમિયાન નિષ્ણાતો દ્વારા મહિલાઓને ફળો અને શાકભાજીમાંથી વિવિધ આકર્ષક અને ઉપયોગી મૂલ્યવર્ધિત ઉત્પાદનો તૈયાર કરવાની વ્યવહારુ તથા સૈદ્ધાંતિક તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યશાળામાં ખાસ કરીને ટામેટા કેચઅપ, પપૈયાની ટૂટી-ફ્રૂટી, કોપરાના લાડુ તેમજ જાસુદનું શરબત જેવી સ્વાદિષ્ટ અને બજારમાં માંગ ધરાવતી ચીજવસ્તુઓ બનાવવાની પદ્ધતિઓ શીખવવામાં આવી હતી. પ્રક્રિયા દરમિયાન ધ્યાનમાં રાખવાની ચોકસાઈ અને ગુણવત્તા બાબતે પણ વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જેથી બહેનો ગુણવત્તાયુક્ત ચીજો બનાવી શકે.

આ પ્રકારના આયોજનોથી અંતરિયાળ વિસ્તારમાં રહેતી બહેનોને ઘરઆંગણે જ આવકનું નવું અને સ્થાયી સાધન ઊભું કરવાની સોનેરી તક મળી રહે છે. મીડિયા અહેવાલ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આત્મનિર્ભરતા અને આર્થિક સશક્તિકરણની દિશામાં આ તાલીમ ખૂબ જ સીમાચિહ્નરૂપ સાબિત થઈ રહી છે કારણ કે તેનાથી બહેનો પોતાના પરિવારના ભરણપોષણમાં સક્રિય યોગદાન આપી શકશે. નાની ઉદ્યોગ સાહસિકતા તરફ આગળ વધીને મહિલાઓ હવે આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવામાં પોતાનું યોગદાન આપી રહી છે.

#### પ્રમાણપત્ર વિતરણ અને આર્થિક સહાયની વ્યવસ્થા

બે દિવસીય આ સફળ તાલીમ પૂર્ણ થયા બાદ જિલ્લા બાગાયત વિભાગ દ્વારા તમામ તાલીમાર્થી બહેનોને પ્રોત્સાહિત કરવા માટે પ્રમાણપત્રોનું ભવ્ય વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, તાલીમમાં ભાગ લેનાર તમામ લાભાર્થી બહેનોને પ્રતિ દિવસ રૂપિયા અસંખ્ય નાણાકીય સહાયના ભાગરૂપે બેસો પચાસ રૂપિયા લેખે બે દિવસના કુલ પાંચસો રૂપિયાનું સ્ટાઈપેન્ડ સીધું તેમના બેંક ખાતામાં જમા કરાવવામાં આવનાર છે. આ પ્રકારના પ્રોત્સાહક પગલાંથી મહિલાઓમાં ઉત્સાહ બેવડાઈ ગયો છે અને તેઓ ભવિષ્યમાં પણ આવી તાલીમોમાં જોડાવવા માટે તત્પર બન્યા છે.

જિલ્લા બાગાયત વિભાગ દ્વારા આગામી સમયમાં પણ આવી અનેક કલ્યાણકારી યોજનાઓ અને પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવનાર છે, જેનાથી વધુમાં વધુ મહિલાઓ લાભાન્વિત થઈ શકે.

### રાજકોટ ગ્રામ્ય પોલીસે દરોડો પાડી બે હજારથી વધુ કિલો શંકાસ્પદ તેલ કર્યું જપ્ત

# ગોંડલના ભોજપરામાં ખાદ્ય તેલમાં ભેળસેળ કરતી ફેક્ટરી ઝડપાઈ

(એજન્સી) ગોંડલ । તા. 18

ગોંડલ તાલુકાના ભોજપરા ગામની સીમમાં આવેલી 'મુરલીધર પ્રોટીન્સ' નામની ફેક્ટરીમાં ખાદ્ય તેલમાં ભેળસેળનું મોટું કૌભાંડ ઝડપાયું છે, જેણે સ્થાનિક સ્તરે ભારે હડકંપ મચાવી દીધો છે. રાજકોટ ગ્રામ્ય પોલીસે બાતમીના આધારે આ ફેક્ટરી પર અચાનક દરોડો પાડીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતી ગેરકાયદેસર પ્રવૃત્તિનો પર્દાફાશ કર્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ કારખાનામાં શુદ્ધ તેલના વેચાણની આડમાં હલકી ગુણવત્તાવાળા પદાર્થો ભેળવીને ગ્રાહકોની સાથે છેતરપિંડી કરવામાં આવી રહી હતી, જેને લઈને વહીવટી અને પોલીસ તંત્ર દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

#### મોટા પ્રમાણમાં શંકાસ્પદ તેલનો જથ્થો જપ્ત

પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી આ ઓપરેશન કાર્યવાહી દરમિયાન ફેક્ટરીમાંથી કુલ ૨૬૯૫ કિલોગ્રામ જેટલો શંકાસ્પદ અને ભેળસેળયુક્ત ખાદ્ય તેલનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ જથ્થામાં સન ગોલ્ડ સનફ્લાવર તેલ, કીંગ સનફ્લાવર તેલ, મહારાણી કપાસીયા તેલ અને સોયાબીન તેલનો સમાવેશ થાય છે, જે બજારમાં મોટા પાયે વેચવા માટે તૈયાર કરવામાં આવી રહ્યા



હતા. આ મામલે પોલીસે સંડોવાયેલા વેપારી જયદેવ ડાંગર સામે કાયદેસરની ગુનાહિત કાર્યવાહી હાથ ધરી છે અને નમૂનાઓ ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

#### આરોગ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે લાલ આંખ

આ પ્રકારના ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોના સેવનથી સામાન્ય નાગરિકોના સ્વાસ્થ્ય પર ગંભીર વિપરીત અસરો પડી શકે છે, જેના કારણે પ્રશાસન દ્વારા આવા તત્વો સામે કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. મીડિયા અહેવાલ અનુસાર, આ ફેક્ટરીમાં કેટલા સમયથી આ ગેરકાયદે ધંધો ધમધમી રહ્યો હતો અને આ જથ્થો ક્યાં ક્યાં સપ્લાય કરવામાં આવતો હતો તેની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. સ્થાનિક લોકોમાં પણ આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે અને નાગરિકોની માંગ છે કે આવા ભેળસેળ કરનારાઓ સામે કડકમાં કડક દાખલારૂપ સજા કરવામાં આવે.

#### પોલીસ તપાસ અને આગામી કાયદાકીય કાર્યવાહી

સુરક્ષા એજન્સીઓ અને પોલીસ વિભાગ દ્વારા આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે અન્ય કયા કયા લોકો સંડોવાયેલા છે તેની તપાસ તેજ કરવામાં આવી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આગામી દિવસોમાં આ મામલે વધુ ખુલાસા થવાની સંભાવના છે અને બજારમાં અન્ય સ્થળો પર પણ તપાસ કરવામાં આવી શકે છે જેથી નાગરિકોને શુદ્ધ અને સુરક્ષિત ખાદ્ય સામગ્રી મળી રહે. સરકારે પણ અન્ન અને પ્રશાસન વિભાગને આ બાબતે વધુ સતર્ક રહેવા અને નિયમિતપણે નમૂના ચકાસણી કરવાના આદેશો જારી કર્યા છે.

### રાજકોટના મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં બની હૃદયદ્રાવક ઘટના

# પુત્રના પ્રેમસંબંધ અને ધમકીઓથી ત્રાસીને વૃદ્ધાએ કર્યો આપઘાત

(એજન્સી) રાજકોટ । તા. 18

રાજકોટ જિલ્લાના મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી શ્રીનાથ રેસિડેન્સીમાં રહેતા રસીલાબેન નામના વૃદ્ધાએ માનસિક ત્રાસથી કંટાળીને પોતાના જ ઘરે ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હોવાની અત્યંત દુ:ખદ ઘટના સામે આવી છે. મૃતક વૃદ્ધાના પુત્ર મયુર દ્વારા નોંધાવવામાં આવેલી પોલીસ ફરિયાદ મુજબ, તેના પ્રેમસંબંધ અને જુગારની લતને કારણે પરિસ્થિતિ વણસી હતી અને આરોપીઓ દ્વારા સતત ધમકીઓ આપવામાં આવતી હતી, જેના કારણે આત્યંતિક પગલું ભરવું પડ્યું હતું. આ ગંભીર કેસમાં મેટોડા જીઆઈડીસી પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને કુલ સાત આરોપીઓની અટકાયત કરી લીધી છે અને કાયદેસરની તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મૃતક રસિલાબેનનો પુત્ર મયુર કટારીયા ચોકડી પાસેની એક કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. અગાઉ ભાડાના મકાનમાં રહેતા હતા ત્યારે પાડોશમાં રહેતી નીરૂબા ઉર્ફે નિકુ સાથે તેનો પ્રેમસંબંધ બંધાયો હતો. આ યુવતીને જુગાર રમવાની ગંભીર ટેવ હોવાથી મયુર દર મહિને તેને વીસથી પચ્ચીસ હજાર રૂપિયા આપતો હતો અને તેના માટે સોનાના ઘરેણા પણ કરાવી આપ્યા હતા. એટલું જ નહીં, મકાન ખરીદવા માટે સોસાયટીના વહીવટના નાણાંમાંથી સાડા ત્રણ લાખ રૂપિયા આપીને તેનું વ્યાજ પણ નિયમિત ચૂકવવામાં આવતું હતું. સમય જતાં જ્યારે નાણાં આપવાનું બંધ કરવામાં આવ્યું અને ઘરેણા પરત માંગવામાં આવ્યા, ત્યારે આરોપીઓ દ્વારા બ્લેકમેલિંગ અને ધમકીઓ આપવાનું શરૂ થયું હતું. આરોપીઓએ ન માત્ર નાણાં કે ઘરેણા માટે દબાણ કર્યું, પરંતુ મૃતક રસીલાબેનના ઘરે જઈને મકાનના કાગળો અને કાર પડાવી લેવાની ધમકીઓ આપીને ઘરની બહાર કાઢી મૂકવાની વાતો કરી હતી. આટલું જ નહીં, આરોપીઓ દ્વારા ખોટી અરજીઓ દાખલ કરીને પોલીસ કે અદાલતી કાર્યવાહીની ધમકીઓ આપવામાં આવતી હતી અને અશ્લીલ ભાષામાં ગાળો ભાંડીને ભારે માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હતો.

### રથયાત્રામાં ચાર અછોડા લૂંટ્યાની કબૂલાત થઈ

# વડોદરામાં રથયાત્રા લૂંટનાર કુખ્યાત બાવરીયા ગેંગ ઝડપાઈ

(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરા શહેરમાં અષાઢી બીજના પવિત્ર અવસરે નીકળેલી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા દરમિયાન ભીડનો લાભ લઈને સોનાના અછોડા, કિંમતી મોબાઈલ અને પર્સ લૂંટવાના ગુનાઓને અંજામ આપતી કુખ્યાત મોંગીયા ગેંગ બાદ હવે રાજસ્થાનની કુખ્યાત બાવરીયા ગેંગ પણ સક્રિય હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે સઘન તપાસ કરીને બાવરીયા ગેંગના બે મુખ્ય સાગરીતોને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે અને તેમની પાસેથી લૂંટાયેલા ચાર અછોડા પણ કબ્જે કર્યા છે.

રથયાત્રા દરમિયાન બનેલી લૂંટની ઘટનાઓની તપાસ માટે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓની ટીમો કામે લાગી હતી. અગાઉ પોલીસે મોંગીયા ગેંગને ઝડપી પાડી હતી, જેની પૂછપરછ દરમિયાન રાજસ્થાન અને હરિયાણાની બોર્ડર પર સક્રિય બાવરીયા ગેંગ વિશે મહત્વપૂર્ણ માહિતી મળી હતી. આ માહિતીના આધારે




પોલીસે રાજસ્થાનના અલવર જિલ્લાના ધંધોલી ગામમાં વોચ ગોઠવીને જિતેન્દ્રસિંગ બહાદૂરસિંગ બાવરીયા અને આરતી ધરમસિંગ બાવરીયાને દબોચી લીધા હતા. પકડાયેલા બંને આરોપીઓની કડક પૂછપરછ કરવામાં આવતા તેમણે રથયાત્રાની ભીડભાડનો ફાયદો ઉઠાવીને ચાર જેટલા સોનાના અછોડા લૂંટ્યા હોવાની કબૂલાત કરી હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પોલીસે આરોપીઓની નિશાન પરથી લૂંટાયેલા તમામ ચારેય અછોડા સુરક્ષિત રીતે કબજે કરી લીધા છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ.**

તમારી જાતને બિનજરૂરિયાતે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**વૃષભ : બ.વ.ઉ.**

તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. એકબીજાના દૃષ્ટિકોણ સમજીને તમારી વ્યક્તિગત સમસ્યાઓને ઉકેલો.

**મિથુન : ક.છ.ઘ.**

તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો-તો બાળકો સાથે વધુ સમય વિતાવો-તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો.

**કર્ક : ડ.હ.**

અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો.

**સિંહ : મ.ટ.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે ફૂબ પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે બાળકો તથા તમારાથી ઓછા અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે.

**કન્યા : પ.ઠ.ણ.**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે સંબંધો સાચે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ.

**તુલા : ર.ત.**

બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે.

**વૃશ્ચિક : ન.ય.**

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાઓ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો.

**ધન : ભ.ધ.ફ.ઢ.**

બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ અજાણતા થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. મનોરંજન અથવા કોસ્મેટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. સ્વતંત્ર રહો અને નવા મૂડીરોકાણના મોરચે તમારા નિર્ણયો જાતે લો.

**મકર : ખ.જ.**

સ્વાસ્થ્યની દૃષ્ટિએ આ સમયગાળો ખરાબ રહેશે આથી તમે શું ખાવ-પીઓ છો તે અંગે સાવચેત રહેજો. ઘર માં કોઈ ફંકશન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થઈ શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થઈ શકે છે. અન્યોને અપમાનિત ન કરવાનો પ્રયાસ કરજો.

**કુંભ : ગ.સ.શ.ષ.**

આજે તમારી પાસે સારો એવો સમય હશે આથી,તમારા સારા સ્વાસ્થ્ય માટે લાંબી વોક પર જાવ. તમારી ઈચ્છાઓ પૂર્ણ થશે કેમ કે આશીર્વાદ અને સારૂં ભાગ્ય તમારી તરફ આવી રહ્યું છે-તથા અગાઉના દિવસની સખત મહેનત પણ રંગ લાવી રહી છે.

**મીન : દ.ચ.ઝ.થ.**

દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાઓનો ઉકેલ મળી જાય. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થી જ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફ આવી શકે છે. તમારું બાળક જેવું તથા નિર્દોષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

## શિક્ષણના અંધેર વહીવટ સામે રોષ

### નસવાડીની સોડત પ્રાથમિક શાળામાં એક જ વર્ગમાં 4 શિક્ષકો, વિદ્યાર્થીઓ ઝીરો!



(એજન્સી) છોટાઉદેપુર | તા.18

છોટાઉદેપુરના નસવાડીમાં શિક્ષણ વિભાગની બેદરકારી સામે આવી છે. નસવાડી સ્ટેશન પ્રાથમિક શાળાનું જર્જરિત મકાન સોડત પ્રાથમિક શાળામાં ખસેડાયું. 1 કિલોમીટર દૂર શાળા હોવાથી છેલ્લા 10 દિવસથી 5 બાળકોમાંથી એક પણ આવતું નથી. પરિણામે, 4 શિક્ષકો નવરાધૂપ બેસી રહે છે. આદિવાસી સમાજે શિક્ષણ વિભાગના અંધેર વહીવટનો પર્દાફાશ કર્યો.છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં શિક્ષણ વિભાગની ઘોર બેદરકારી અને અંધેર વહીવટનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. નસવાડી સ્ટેશન પ્રાથમિક શાળાનું મકાન જર્જરિત બનતાં તેને નજીકની સોડત (ચુનાખાણ) પ્રાથમિક શાળા ખાતે ખસેડવામાં આવી છે. જોકે, છેલ્લા 10 દિવસથી એક પણ બાળક શાળાએ ન આવતાં ચાર-ચાર શિક્ષકો નવરાધૂપ બેસી રહેવાની નોબત આવી છે.નસવાડી તાલુકામાં કુલ 212 પ્રાથમિક શાળાઓ આવેલી છે. જેમાં નસવાડી સ્ટેશન વિસ્તારની પ્રાથમિક શાળામાં માત્ર 5 બાળકોની સંખ્યા છે અને ત્યાં 2 શિક્ષકો ફરજ બજાવે છે. આ શાળાનું મકાન અત્યંત જર્જરિત થઈ જતાં તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ આ શાળાને નજીકમાં આવેલી સોડત (ચુનાખાણ) પ્રાથમિક શાળામાં ખસેડવાનો હુકમ કર્યો હતો.શિક્ષણ વિભાગ દ્વારા નજીકમાં ભાડાનું મકાન રાખીને શાળા ચલાવવાને બદલે 1 કિલોમીટર દૂર નદી કિનારે આવેલી સોડત શાળામાં બાળકોને મોકલવાનો નિર્ણય લેવાતાં વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે. અંતર અને સુરક્ષાના કારણે વાલીઓએ છેલ્લા 10 દિવસથી બાળકોને સોડત શાળાએ મોકલવાનું જ બંધ કરી દીધું છે.

## સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જયંતિ નિમિત્તે લીમખેડા ખાતે યોજાઈ ભવ્ય "પવિત્ર કળશ યાત્રા"

દિપક રાવલ | દાહોદ લીમખેડા

સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે 'કળશ વંદન અભિયાન' અંતર્ગત ભા.જ.પા લીમખેડા મંડળ દ્વારા લીમખેડા ખાતે એક ભવ્ય અને પવિત્ર કળશ યાત્રાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર કળશ યાત્રાનો પ્રારંભ લીમખેડા સ્થિત ભગવાન બિરસા મુંડા ચોક ખાતેથી થયો હતો. યાત્રાની શરૂઆતમાં અગ્રણીઓએ ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને માલ્યાઅર્પણ કરી શ્રદ્ધાસુમન અર્પિત કર્યા હતા.



આ પ્રસંગે સમગ્ર લીમખેડા પંથક ભક્તિમય અને ઉત્સાહપૂર્ણ વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું. મુખ્ય આકર્ષણ અને મહાનુભાવોની ઉપસ્થિતિ: આ પ્રસંગે માનનીય સાંસદ સભ્ય શ્રી જશવંતસિંહ ભાભોર સાહેબ તથા માનનીય ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોર સાહેબની અધ્યક્ષતામાં પવિત્ર કળશનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાજપના તમામ હોદ્દેદારો, સંગઠનના પદાધિકારીશ્રીઓ, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, સરપંચશ્રીઓ, પૂર્વ સરપંચશ્રીઓ, શક્તિ કેન્દ્રના સંયોજકશ્રીઓ, બૂથ પ્રમુખશ્રીઓ, સિનિયર કાર્યકર્તાશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક સમાજના આગેવાનો, ભાઈ-બહેનો અને શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમાનતા અને માનવતાનો સંદેશ: સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજના સમાનતા, એકતા અને માનવતાના સંદેશને જન-જન સુધી પહોંચાડવાના દ્રઢ સંકલ્પ સાથે યોજાયેલ આ પવિત્ર કાર્યક્રમ અત્યંત યાદગાર અને પ્રેરણાદાયી બની રહ્યો હતો.

## સરદાર કૃષિ નગર ખાતે મહર્ષિ ચરક મુનિની જન્મજયંતિ નિમિત્તે ચિકિત્સા પરંપરાના વિશે કાર્યક્રમ યોજાયો

માહીતી બ્યુરો, પાલનપુર | પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, સરદારકૃષિનગરના ફાર્મેકોલોજી એન્ડ ટોક્સિકોલોજી તથા એનિમલ ન્યુટ્રિશન વિભાગ દ્વારા મહર્ષિ ચરક મુનિની જન્મજયંતિ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



હતું. વિભાગના વડા ડૉ. જે. એચ. પટેલે ઉપસ્થિત સૌનું સ્વાગત કરી મહર્ષિ ચરક મુનિના જીવન તથા આયુર્વેદ અને ચિકિત્સા ક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાન વિશે માહિતી આપી હતી. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એચ. સી. ચૌહાણે મહર્ષિ ચરક મુનિની પ્રતિમાને પુષ્પ અર્પણ કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. આ પ્રસંગે કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના સહાયક સંશોધન નિયામક ડૉ. અમિત ભડાણિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. પોસ્ટગ્રેજ્યુએટ વિદ્યાર્થી ડૉ. નિશિત પટેલે ચરક સંહિતા, ત્રિદોષ સિદ્ધાંત, ઔષધિઓ તથા મહર્ષિ ચરકના વૈજ્ઞાનિક વિચારો અંગે જ્ઞાનવર્ધક વક્તવ્ય રજૂ કર્યું હતું. તેમણે મહર્ષિ ચરકના સર્વાંગી સારવાર અભિગમ અંગે પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે દર્દીની શારીરિક અને માનસિક સ્થિતિ તેમજ રોગના મૂળ કારણોને ધ્યાનમાં રાખીને સારવાર કરવાની દૃષ્ટિ તેમના વિચારોમાં જોવા મળે છે.

## મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિ ભાગ-૨ની બેઠક યોજાઇ

જગદીશ ત્રિવેદી |મહીસાગર

મહીસાગર જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિ ભાગ - ૨ ની બેઠક યોજવામાં આવી હતી. બેઠક દરમિયાન કલેક્ટરશ્રીએ વિવિધ વિભાગોમાં અરજદારની અરજીઓની નિકાલની લગતા પડતર પ્રશ્નો, પેન્શન કેસ તેમજ ખાતાકીય તપાસના પડતર કેસોનો સત્વરે અને હકારાત્મક નિકાલ લાવવા તમામ વિભાગીય વડાઓને તાકીદ કરી હતી.આ ઉપરાંત, જિલ્લાના વિકાસ કાર્યોમાં જ્યાં બે કે તેથી વધુ વિભાગોની સંયુક્ત કામગીરી જરૂરી હોય, ત્યાં તમામ વિભાગોને પરસ્પર સીધું સંકલન જાળવી અડચણો દૂર કરવા અને



કામગીરીને વેગ આપવા સૂચના આપવામાં આવી હતી. સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે અને કોઈ પણ પાત્રતા ધરાવતો લાભાર્થી વંચિત ન રહે તે માટે તમામ અમલીકરણ અધિકારીઓને પારદર્શક અને પ્રો-એક્ટિવ અભિગમ અપનાવવા પર કલેક્ટરશ્રીએ ખાસ ભાર મૂક્યો હતો. જિલ્લા વહીવટી તંત્રની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી યોજાયેલી આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધાર્થ, જિલ્લા પોલીસ વડાશ્રી સફીન હસન, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી વી લટા, તમામ પ્રાંત અધિકારીશ્રીઓ, તેમજ જિલ્લાના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**GBSના શંકાસ્પદ કેસોના પગલે**

## મહીસાગર જિલ્લામાં સતત બીજા દિવસે શાળાઓ-આંગણવાડીઓમાં ખાદ્યસામગ્રી તથા પીવાના પાણીનું સઘન ચેકિંગ

જગદીશ ત્રિવેદી |મહીસાગર

મહીસાગર જિલ્લામાં ગુલિયન-બેરી સિન્ડ્રોમ (GBS)ના શંકાસ્પદ કેસો સામે આવ્યા બાદ બાળકોના સ્વાસ્થ્ય અને સુખાકારીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના માર્ગદર્શન હેઠળ સતત બીજા દિવસે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીની ૧૦૧ ટીમ દ્વારા



૧૩૧ પ્રાથમિક શાળાઓ તેમજ વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ વિશેષ ઝુંબેશ વિવિધ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ દ્વારા શાળાઓ-આંગણવાડીઓની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. તપાસ દરમિયાન મધ્યાહ્ન ભોજન યોજના (PM POSHAN) તથા આંગણવાડીમાં બાળકો માટે તૈયાર થતા ગરમ તાજા નાસ્તા અને ભોજનની ગુણવત્તા, રાંધવાની રીત અને તે માટે વપરાતા અનાજ, તેલ, મસાલા તથા શાકભાજીની શુદ્ધતા તપાસવામાં આવી. આ ઉપરાંત રસોઈ બનાવવાની જગ્યા, વાસણોની સ્વચ્છતા તેમજ કચરાના યોગ્ય નિકાલ અંગે કડક સૂચનાઓ આપવામાં આવી.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ શાળા સંચાલકો, આચાર્યશ્રીઓ, મધ્યાહ્ન ભોજન સંચાલકો તેમજ આંગણવાડી કાર્યકરોને બાળકોને શુદ્ધ પીવાનું પાણી અને તાજું, આરોગ્યપ્રદ ભોજન જ પીરસાય તેની સતત તકેદારી રાખવા તાકીદ કરવામાં આવી છે.

## શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૬: બનાસકાંઠાના ૧૦ ગુરુજનોનું શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ થશે બહુમાન

માહિતી બ્યુરો | પાલનપુર

શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને પ્રોત્સાહિત અને સન્માનિત કરવા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ-૨૦૨૬ માટે બનાસકાંઠા જિલ્લાના જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે કુલ ૧૦ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે.જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, બનાસકાંઠા દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે ૪ શિક્ષકોની તેમજ તાલુકા કક્ષાના ૬ એમ કુલ મળીને ૧૦ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જિલ્લા કક્ષાની વાત કરીએ તો પ્રાથમિક શિક્ષક કેટેગરીમાં દાંતીવાડા તાલુકાની ભાખર નાની પ્રાથમિક શાળાના પટેલ દીપિકાબેન નટવરલાલ, માધ્યમિક વિભાગમાં ડીસા તાલુકાની સરકારી માધ્યમિક શાળા, માણેકપુરાના મદદનીશ શિક્ષક પ્રજાપતિ મુકેશકુમાર ગોવિંદભાઈ, ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પાલનપુરની ગુજરાત હાઈસ્કૂલના મદદનીશ શિક્ષક જતુમિયા કલંદરખાન ઘાસુરા તેમજ સી.આર.સી. કેટેગરીમાં દાંતીવાડાના સી.આર.સી. કો-ઓર્ડિનેટર વાઘરોલના દરજી હરેશકુમાર અમૃતલાલનો સમાવેશ થાય છે.આ ઉપરાંત તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે ૬ પ્રાથમિક શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ડીસા તાલુકાની ધરપડા પ્રાથમિક શાળાના ખરસાણ જયેશકુમાર પરથીભાઈ, બલોધર પ્રાથમિક શાળા, ડીસાના વ્યાસ રવિભાઈ દેવિપ્રસાદ, ધાનેરા તાલુકાની લવારા પ્રાથમિક શાળાના બાદરપુરિયા ગિરિશકુમાર અંબાલાલ, દાંતા તાલુકાની શ્રી નાગેલ પ્રાથમિક શાળાના ચૌહાણ હંસાબા પ્રકાશસિંહ, હડાદ તાલુકાની બામણોજ પ્રાથમિક શાળાના પ્રજાપતિ વિજયકુમાર બબાભાઈ તથા વડગામ તાલુકાના સીસરાણા પગાર કેન્દ્રના રાઠોડ ચતરસિંહ ભીખાજીનો સમાવેશ થાય છે.રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના નિયત ધોરણો અને પ્રક્રિયા અનુસાર આ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જિલ્લા તથા તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે પસંદગી પામેલા શિક્ષકોની શૈક્ષણિક ક્ષેત્રે કરેલી નોંધપાત્ર કામગીરીને બિરદાવવામાં આવી છે. પસંદગી પામેલા તમામ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત કરવામાં આવશે તેમ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બનાસકાંઠા દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## વડોદરા મંડળ રેલવે સ્ટેશનો પર પીવાના પાણીની ગુણવત્તાની નિયમિત તપાસ કરીને યાત્રીઓને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે કટિબદ્ધ

વડોદરા | યાત્રીઓ અને રેલવે કર્મચારીઓને સુરક્ષિત અને સ્વચ્છ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્યથી પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડળ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકેના વિશેષ નિર્દેશ પર તબીબી વિભાગ દ્વારા મંડળના વિવિધ રેલવે સ્ટેશનો અને રેલવે કોલોનીઓમાં પીવાના પાણીની ગુણવત્તાની નિયમિત તપાસ કરવામાં આવી રહી છે અને શુદ્ધ પીવાના પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા આપવામાં આવેલી એક પ્રેસ રિલીઝ અનુસાર, વિવિધ રેલવે સ્ટેશનો અને રેલવે કોલોનીઓમાં તૈનાત આરોગ્ય નિરીક્ષકો (હેલ્થ ઈન્સ્પેક્ટર્સ) દ્વારા નિર્ધારિત સમયાંતરે પીવાના પાણીના નમૂના લઈને તેમની તપાસ કરવામાં આવે છે. આ દરમિયાન પાણીમાં અવશેષ ક્લોરીન (Residual Chlorine) ના સ્તર તેમજ કોલીફોર્મ બેક્ટેરિયા (Coliform Bacteria) ની હાજરીની તપાસ કરવામાં આવે છે, જેથી પીવાના પાણીની ગુણવત્તા નિર્ધારિત ધોરણો મુજબ જળવાઈ રહે.પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મુખ્ય તબીબી અધિક્ષક ડો. દિનેશ મોહને જણાવ્યું કે પીવાના પાણીની ગુણવત્તાની વ્યવસ્થિત દેખરેખ સુનિશ્ચિત કરવા માટે સ્ટેશનો અને રેલવે કોલોનીઓ માટે માસિક તપાસ લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવે છે. આના માધ્યમથી મંડળના તમામ સંબંધિત વિસ્તારોને નિયમિતપણે આવરી લેતા પીવાના પાણીની ગુણવત્તા પર સતત નજર રાખવામાં આવે છે. આ નિયમિત જળ પરીક્ષણ વ્યવસ્થા યાત્રીઓ અને રેલવે કર્મચારીઓના સ્વાસ્થ્ય અને સુરક્ષાને પ્રાથમિકતા આપવા તથા રેલવે પરિસરોમાં ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલા પીવાના પાણીની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

**'જય અંબે ફોરેસ્ટ પાર્ક'ના નિર્માણનો સંકલ્પ**

## વામજ .તા.કડી ખાતે જગદંબા પદયાત્રી સેવા સમિતિની મહત્વપૂર્ણ બેઠક





કડી | કડી તાલુકાના વામજ ગામે આદ્યશક્તિ જગતજનની જગદંબાના ધામમાં અંબાજી પદયાત્રીઓની સુવિધા અને માર્ગદર્શનના ઉમદા હેતુ સાથે એક વિશિષ્ટ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કડી, દેત્રોજ અને જોટાણા તાલુકાના વિવિધ પદયાત્રી સંઘોના પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ તેમજ વિશાળ સંખ્યામાં સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સન્માન અને લોકભાગીદારીનું પ્રતીક: કાર્યક્રમમાં ભોજનના દાતા તરીકે નિઃસ્વાર્થ સેવા આપનાર શ્રી શૈલેષભાઈ પટેલ (વામજ) નું 'શ્રી ભાદરવી પૂનમિયા સંગ સેવા ટ્રસ્ટ, અંબાજી' દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. શૈલેષભાઈ દ્વારા ઉપસ્થિત તમામ સંઘોને અર્પણ કરવામાં આવેલ આકર્ષક ભેટ સહુના આકર્ષણનું કેન્દ્ર બની હતી. નોંધનીય છે કે, તેઓએ આગામી તા. ૨૧/૦૮/૨૦૨૬ ના રોજ યોજાનારી બેઠક માટે પણ ભોજનની જવાબદારી સહર્ષ સ્વીકારી છે. પર્યાવરણ અને આધ્યાત્મિકતાનો સંગમ: સમારંભના અધ્યક્ષ અને મહેસાણા ડિસ્ટ્રિક્ટ બેંકના ચેરમેન શ્રી વિનોદભાઈ આર. પટેલના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ જતનના સંકલ્પ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ પ્રસંગે કડી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ બી. પટેલ તથા જિલ્લા ભાજપ આગેવાન શ્રી અશ્વિનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ કાર્યક્રમમાં 'શ્રી ભાદરવી પૂનમિયા સંગ સેવા ટ્રસ્ટ' ના હોદ્દેદારો સર્વશ્રી ભોગીલાલ પટેલ (મેનેજિંગ ટ્રસ્ટી), મહેન્દ્રભાઈ ડી. પટેલ (નારદીપુર), ભરતભાઈ એમ. પટેલ, પ્રવીણભાઈ કે. પટેલ (કૈયલ), નવનીતભાઈ એમ. પટેલ (ઉનાવા), રમેશભાઈ પટેલ (ઊંઝા), રસિકભાઈ પટેલ (સુરજ), પ્રદિપસિંહ વાઘેલા, હર્ષદભાઈ પટેલ (કુંડાળ) સહિતના અનેક અગ્રણીઓ, ગામના આગેવાનો અને માઈ ભક્તોએ હાજરી આપી હતી. કાર્યક્રમનું ગરિમાપૂર્ણ સંચાલન 'નીરવ પ્રકૃતિ ટ્રસ્ટ' ના મીનેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ભવિષ્યનું વિઝન: 'જય અંબે ફોરેસ્ટ પાર્ક' : સમારોહમાં એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી કે, કડી, દેત્રોજ અને જોટાણા તાલુકાના સંઘોના સંયુક્ત પ્રયાસોથી 'જય અંબે ફોરેસ્ટ પાર્ક' નું નિર્માણ કરવામાં આવશે. આ પાર્ક લુપ્ત થતી વૃક્ષ પ્રજાતિઓના સંવર્ધન દ્વારા પર્યાવરણના જાળવણીમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.સમગ્ર કાર્યક્રમની સફળતા માટે 'જય અંબે પગપાળા સંઘ, વામજ' ના તમામ સભ્યો દ્વારા કરવામાં આવેલી અથાક મહેનત બદલ સહુનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**ડુંગરેશ્વર મહાદેવ અને ગણેશ મંદિરે દર્શન કરી ધન્યતા અનુભવી હતી ગ્રામજનો દ્વારા ભવ્ય સન્માન**

## ઉપલેટા તાલુકાના ઢાંક ગામે કેન્દ્રિય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાનો ભવ્ય લોક સંવાદ

વિજય રાડીયા | ઉપલેટા

કેન્દ્રિય મંત્રી અને લોકસભા ના સાંસદ ડો. મનસુખભાઈ માંડવીયા આજે ઉપલેટા તાલુકાના ઢાંક ગામના પ્રવાસે આવ્યા હતા. આ દરમિયાન ઢાંક ગામે ભવ્ય લોક સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મંત્રીશ્રીએ ઢાંક ગામના આસ્થાના પ્રતીક સમા પ્રસિદ્ધ ડુંગરેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ ઢાંક બસ સ્ટેન્ડ પાસે આવેલા ગણેશ મંદિરે પણ દર્શન કર્યા હતા. આ તકે ગામની બાલિકાઓ દ્વારા કુમકુમ તિલક કરીને અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને મંત્રીશ્રીનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. લોક સંવાદ કાર્યક્રમ દરમિયાન ઢાંક ગામના જુદા જુદા સમાજના આગેવાનો અને ગ્રામજનોએ કેન્દ્રિય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાનું સાલ, શાલ અને પુષ્પગુચ્છ આપી સન્માન કર્યું હતું. સંવાદમાં કેન્દ્ર સરકારની જનકલ્યાણકારી યોજનાઓ, આરોગ્ય, ખેતી અને ગ્રામ વિકાસના કાર્યો અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ પ્રસંગની વિશેષતા એ રહી કે મંત્રીશ્રીએ સ્થળ પર જ ગ્રામજનોના પ્રશ્નો સાંભળીને સંબંધિત અધિકારીઓને તાત્કાલિક નિકાલ



માટે સૂચનાઓ આપી હતી.આ કાર્યક્રમમાં ઉપલેટા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી રવિભાઈ વીરડા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ડો. જયેન્દ્રસિંહ વાળા ઢાંક ગામના સરપંચ શ્રી સંજયભાઈ લુણસીયા, શ્રી હરિભાઈ ઠુમર શ્રી અલ્પેશભાઈ ઢોલરિયા શ્રી સમાતભાઈ બાંભવા શ્રી રવિભાઈ માકડિયા પ્રફુલ ભાઈ ટોળીયા, જયેશ ભાઈ ત્રિવેદી, તાલુકા પંચાયત ના સદસ્ય સંજય ભાઈ મુછાળ જિલ્લા પંચાયત ના સભ્ય કિરણ ભાઈ, મજબૂત ભાઈ હુંબલ કુલદીપ સિંહ લાઠ સરપંચ પૃથ્વીરાજ સિંહ ચુડાસમા, ગધેથડ વિજય સિંહ વાળા રાજપરા સરપંચ ઢાંક માજી સરપંચ બદરૂ ભાઈ માંકડ, રવિ ભાઈ માંકડ સહિત જિલ્લા અને તાલુકાના આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ પોલીસ તંત્ર, નાયબ કલેક્ટરશ્રી, મામલતદારશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિતનો વહીવટી તંત્ર પણ હાજર રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઢાંક ગ્રામ પંચાયત અને ભાજપ કાર્યકરો દ્વારા સુસંચાલિત કરવામાં આવ્યું હતું. ગ્રામજનોમાં મંત્રીશ્રીના આ પ્રવાસ અને સીધા સંવાદથી

## સાગબારાના ચિત્રાકેવડી ગામે સરકારી જમીનમાં ગેરકાયદેસર ખનન તંત્ર ના ધ્યાને આવતાં સ્થળ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરાઈ

સત્યવલંબા બારોટ

નર્મદા જિલ્લા ના ઊંડાણના સાગબારા તાલુકામાં સરકારી જમીનમાં પરવાનગી વિના ખનન કરી માટી-મોરમ તથા પથ્થર કાઢવાની પ્રવૃત્તિ સામે મામલતદા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.પ્રાપ્ત માહિતી મુજબ સાગબારા ના મામલતદાર મામલતદાર નીતિન મકવાણા તથા મહેસૂલ વિભાગની ટીમ દ્વારા સાગબારા તાલુકાના ચિત્રાકેવડી ગામ નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગની બાજુમાં આવેલી સરકારી સર્વે નં. ૭૦ પૈકીની જમીનની સ્થળ તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન



હિટાચી મશીન દ્વારા માટી-મોરમ તથા પથ્થરનું ખનન કરવામાં આવતું હોવાનું ધ્યાને આવ્યું હતું.સ્થળ તપાસ દરમિયાન આશરે 1 એકર જેટલી જમીનમાં અંદાજે 15 ફૂટ જેટલું ઊંડું ખોદકામ કરી ખાડો કરવામાં આવેલો હોવાનું નોંધાયું હતું. સ્થળ પરથી માટી, મોરમ અને પથ્થર કાઢીને અન્ય વ્યક્તિઓને વેચાણ કરવામાં આવતું હોવાનું પણ તપાસમાં સામે આવ્યું હતું.તપાસ દરમિયાન ખનન માટે જરૂરી પરવાનગી/લીજ ઉપલબ્ધ ન હોવાનું તેમજ સ્થળ પર ખનન અને પરિવહન સંબંધિત નિયમોનું ઉલ્લંઘન થયાનું પ્રાથમિક રીતે જણાયું હતું. સ્થળ પર હિટાચી મશીન ઉપરાંત બોરમશીન, પેનલબોર્ડ સહિતની સામગ્રી પણ જોવા મળી હતી. ખનન કરાયેલા ખાડાની દક્ષિણ બાજુએ થ્રિ ફેઝ કનેક્શન આવેલ હોવાનું પણ નોંધાયું છે. સ્થળ પર પ્રવેશ માટે કાચું સિમેન્ટનું પત્થરાળું મકાન પણ આવેલ હોવાનું સ્થળ તપાસમાં નોંધાયું હતું.મામલતદાર નીતિન મકવાણા દ્વારા કરવામાં આવેલી તપાસના આધારે સંબંધિત વ્યક્તિ સામે ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનિંગ એન્ડ સ્ટોરેજ-ટ્રાન્સપોર્ટેશન) રૂલ્સ-2017ની જોગવાઈઓના ભંગ બદલ ગેરકાયદેસર ખનન અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે જરૂરી પગલાં લેવા જિલ્લા કક્ષાએ સંબંધિત વિભાગોને જાણ કરી જરૂરી કાર્યવાહી કરવા અર્થે અહેવાલ સુપરત કરવામાં આવ્યો

## સાપુતારા-માલેગામ ઘાટમાર્ગમાં આઈસર ટેમ્પો માર્ગની સાઈડમાં ઉતરી જતા અકસ્માત

સુશીલ પવાર ડાંગ

પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ મહારાષ્ટ્રનાં નાસિક તરફથી માલસામાનનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો



જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં માલેગામ ફોરેસ્ટ રેસ્ટ હાઉસ પાસેનાં યુ ટર્ન વળાંકમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા આ આઈસર ટેમ્પો માર્ગની સાઈડમાં ઉતરી જઈ ખીણમાં ખાબકતા બચ્યો હતો.આ બનાવમાં ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

## હરદ્વારથી 'સંત શિરોમણી રવિદાસ જી ના પૂજન માટે લવાયેલ ગંગાજળ કળશ યાત્રા ચાણસ્મા આવી પહોંચતા નગરજનો દ્વારા ભવ્ય સ્વાગત કરાયું

નીતિન ઠાકર | ચાણસ્મા

સંત શિરોમણી રવિદાસજી ની 625 મી જન્મ જયંતિની ઉજવણી નિમિતે પવિત્ર શ્રાવણ માસમાં હરદ્વારથી ગંગાજળ કળશ યાત્રા ચાણસ્મા રેલવે સ્ટેશન રોડ પર. આવેલ રામાપીર મંદિરે આવી પહોંચતા રામાપીર મંદિરના પુજારી સહિત સંતો મહિલા કાર્યકરો ભાજપના સેવાર્થી કાર્યકરો પદાધિકારીઓએ ગંગા



કળશની પૂજા અર્ચના કરી હતી બાદમાં ખોડીયાર માતાજીના મંદિરેથી ચાણસ્માના વિવિધ વિસ્તારોમાં ગંગા કળશ શોભાયાત્રા પસાર થઈ રહી હતી દરમિયાન નગરજનો એ ગંગાજી કળશ ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી કળશ યાત્રા ઉગમણા દરવાજા બહાર પહોંચતા અનુસૂચિત જાતિના ભક્તજનોએ ગંગા કળશ યાત્રાનું ભવ્ય સ્વાગત કરી ધન્યતા અનુભવી હતી મહાશક્તિ સધી માતાજીના મંદિરે કળશ યાત્રાની પૂજા અર્ચના કરાયા બાદ માતાજીની પૂજા અર્ચના માટે ગંગા કળશ માતાજીના મંદિરે. મુકાયો હતો આ પ્રસંગે પ્રદેશ ભાજપ ના રૂપસિંહજી અનુસૂચિત ચાણસ્મા શહેર ભાજપ પ્રમુખ અમરતભાઈ ડોડીયા અગ્રણી લક્ષ્મણભાઈ શ્રીમાળી ગૌતમભાઈ પરમાર બાહુલભાઈ સથવારા મહિલા (ભાજપ) ના અગ્રણી મીરાં દેવી કૈલાસબેન પંચાલ આરતીબેન વ્યાસ સહિત મોટી સંખ્યામાં મહિલાઓ પુરુષો ઉપસ્થિત રહ્યા હતા.

## જાફરાબાદ ટાઉન પોલીસ વિસ્તારમાં SMC ની રેડ : ટાઉન વિસ્તારમાં જુગાર ધામ ઉપર દરોડો પાડતા સ્થાનિક પોલીસ ઊંઘતી ઝડપાઈ..?



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદમાં અસામાજિક પ્રવૃત્તિઓ ફુલીફાલી બીજી વખત (SMC) ત્રાટકી : ખુલ્લેઆમ ચાલતી દારૂ જુગાર જેવી પ્રવૃત્તિઓ સામે લાલ આંખ કરવાને બદલે સ્થાનિક પોલીસ તંત્ર ઊંઘતી ઝડપાઈ..? હાલમાં જ સમુદ્ર માર્ગે થી આવેલ ઈંગ્લીશ દારૂનો જથ્થો (SMC) દ્વારા પકડવામાં આવ્યો હતો આજે પડેલી (SMC) ની રેડ માં જુગાર રમતા જુગારીઓ રંગેહાથ હાથ ઝડપી લીધા હતા તેમાં નામચીન અગ્રણી સહિત ના આરોપી લાખોના મુદ્દા માલ સાથે ઝડપાયા હોય તેવી માહિતી સુત્રો પાસેથી પ્રાપ્ત થઈ રહી છે. જાફરાબાદ સ્થાનિક પોલીસમાં સન્નાટો.? જાફરાબાદ પો.સ્ટે.ની હદમાંથી રૂપિયા ૧,૬૧,૬૦૦/- નો ગંજીપાનાનો અંદર બહાર જન્નાનો જુગાર પકડી પાડતી સ્ટેટ મોનીટરીંગ સેલ શ્રી જી.એસ.મલિક, IPS પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાઓ દ્વારા ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર રીતે ચાલતી દારૂ-જુગારની પ્રવૃત્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના કરવામાં આવેલ, જે સંદર્ભે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમોને કામગીરી સોંપવામાં આવેલ સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.કે.કરમટા એ જાફરાબાદના વાપાળીયાવિસ્તારમાં આરોપીના રહેણાંક મકાનની પાસે ખુલ્લી જગ્યા મુકામે રેઈડ કરી રોકડ રકમ રૂપિયા ૧,૬૧,૬૦૦/- તથા અંદર બહાર જુગાર રમાવા માટે ઉપયોગમાં લીધેલ ગંજીપાના, મોબાઈલ ફોન, વાહન નંગ-૦૩ સહીત અન્ય મુદ્દામાલ મળી કુલ રૂપિયા ૩,૨૮,૬૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરેલ. રેઈડ દરમ્યાન નીચે જણાવેલ પકડાયેલ- ૧૫ આરોપીઓ વિરુધ્ધ અમરેલી જીલ્લાના જાફરાબાદ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં-૧૧૧૯૨૦૨૪૨૬૦૨૮૬/૨૦૨૬. જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો તા.૧૮/૦૮/૨૦૨૬ ના રોજ દાખલ કરાવેલ છે.-: પકડાયેલ આરોપીઓ- ૧૬ :- (૧)અશોકભાઈ બાબુભાઈ બારૈયા ઉ.વ-૩૭, (૨)કાનજીભાઈ ભિખાભાઈ મકવાણા ઉ.વ-૪૬, (૩)તાહિર યુસુફભાઈ બાબર ઉ.વ-૩૪, (૪)રાકેશભાઈ જીવાભાઈ મકવાણા ઉ.વ.૨૭, (૫) રાજુભાઈ રામજીભાઈ રાઠોડ ઉ.વ-૩૫, (૬) ગોપાલભાઈ ખોડાભાઈ મકવાણા ઉ.વ-૨૬, (૭) ભાયાભાઈ ચિનુભાઈ મકવાણા ઉ.વ-૨૬, (8 ) રાજેશભાઈ કાનાભાઈ બારૈયા ઉ.વ-૫૦, (૯) સંજયભાઈ કાળુભાઈ બારૈયા ઉ.વ-૩૭, (૧૦) રામદાસભાઈ ઉકાભાઈ સોલંકી ઉ.વ-૩૨, (૧૧) ભીમજી શરમણભાઈ બારૈયા ઉ.વ-૩૮, (૧૨) જયમલભાઈ ભવનભાઈ બારૈયા ઉ.વ-૨૮, (૧૩) કાનજીભાઈ નાગરભાઈ બારૈયા ઉ.વ-૩૭, (૧૪) લક્ષ્મણભાઈ પાંચાભાઈ બારૈયા ઉ.વ-૩૯, (૧૫) ચંન્દ્રકાત ઉર્ફે ચંદુ રામજીભાઈ બારૈયા ઉ.વ.૫૭ તમામ પકડાયેલા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી અગાઉ SMC,એ જાફરાબાદ દરિયાકાંઠે બોટ દ્વારા દમણથી લેવાયેલો લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો SMC ની ટીમ અચાનક ત્રાટકી ને લાખો રૂપિયા નો જુગાર ધામ જપ્ત કરતાં સ્થાનિક પોલીસની કામગીરી સામે મોટા સવાલો ઉભા થયા છે.

## વરાછા ફૂડ પોઈઝનિંગની ઘટના અંગેઆરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સૂચનાથી તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી

સુરત | સુરતના વરાછા વિસ્તારમાં રેસ્ટોરન્ટમાંથી મંગાવેલા પંજાબી શાકનું સેવન કર્યા બાદ એક જ પરિવારના પાંચ સભ્યોને ફૂડ પોઈઝનિંગની અસર થવાની ગંભીર ઘટના સામે આવી છે. આ ઘટનામાં 5 વર્ષીય માસૂમ બાળકી આર્યાનું દુઃખદ અવસાન થયું છે, જ્યારે પરિવારના અન્ય ચાર સભ્યો હાલ સદવિચાર હોસ્પિટલ, પુણાગામ ખાતે સારવાર હેઠળ છે.ઘટનાની જાણ થતાં રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ સમગ્ર મામલે તાત્કાલિક ગંભીરતા દાખવી જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અનિલ પટેલ તથા SMCના ડો. ઉમરીગર જોડે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ઘટનાની વિગતવાર માહિતી મેળવીને જરૂરી તબીબી અને વહીવટી કાર્યવાહી સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપી છે. આરોગ્ય મંત્રીશ્રીએ જિલ્લાના આરોગ્ય અધિકારીઓને અસરગ્રસ્ત પરિવારના સભ્યોને યોગ્ય અને શ્રેષ્ઠ તબીબી સારવાર મળી રહે તે માટે સતત દેખરેખ રાખવા પણ સૂચના આપી છે. પરિવારના ચાર સભ્યોની હાલની તબિયત અંગે સદવિચાર હોસ્પિટલના ડોકટરો સાથે માહિતી મેળવી જરૂરી સારવારની વ્યવસ્થા જાળવવા જણાવ્યું છે.

## બોર્ડમાં નેતૃત્વ મુદ્દે મતભેદ અને મતદાનને લઈને અસમંજસ

# ટાટા સન્સના ઈતિહાસમાં પહેલીવાર રદ થઇ શકે છે AGM, તેની પાછળના કારણ

(એજન્સી) નવી દિલ્હી | તા 18

દેશના સૌથી મોટા ટાટા સન્સ જૂથના ચેરમેન એન. ચંદ્રશેખરને ફરી પદભાર સંભાળવાનો ઈનકાર કરતાં ઐતિહાસિક સંકટ સર્જાયું છે. 18 ઓગસ્ટે યોજાનારી AGMમાં 'સર રતન ટાટા ટ્રસ્ટ' તરફથી પ્રતિનિધિ નોમિનેટ ન થતાં કોરમનો પ્રશ્ન ઊભો થયો છે, પરિણામે AGM રદ થવાનું જોખમ છે. નવા ચેરમેન માટે 'સર દોરાબજી ટાટા ટ્રસ્ટ' દ્વારા પ્રક્રિયા શરૂ કરવાનું સૂચન કરાયું છે.દેશના સૌથી મોટા અને પ્રતિષ્ઠિત ઔદ્યોગિક જૂથ ટાટા સન્સના ઈતિહાસમાં પ્રથમ વખત વાર્ષિક સામાન્ય સભા (AGM) રદ થાય તેવી અસામાન્ય અને ઐતિહાસિક પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરને પોતાની વર્તમાન મુદત પૂર્ણ થયા બાદ ફરીથી આ પદ સ્વીકારવાનો ઈનકાર કરી દેતાં કંપની અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ભારે આંતરિક હલચલ મચી ગઈ છે. આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે 18 ઑગસ્ટના રોજ યોજાનારી AGMમાં 'સર રતન ટાટા ટ્રસ્ટ' તરફથી કોઈ પ્રતિનિધિનું નામ નોમિનેટ ન કરાતાં બેઠક માટે જરૂરી કોરમ પૂરું ન થવાનું જોખમ ઊભું થયું છે.મળતી માહિતી મુજબ, ટાટા સન્સના 6 સભ્યો ધરાવતા બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં એન. ચંદ્રશેખરનના નિર્ણયને લઈને બે સ્પષ્ટ જૂથો પડી ગયા છે. એક પક્ષનું માનવું છે કે ચંદ્રશેખરન સાથે વાટાઘાટો કરીને તેમને પોતાના નિર્ણય પર પુનર્વિચાર કરવા મનાવવા જોઈએ. જ્યારે બીજા જૂથનું કહેવું છે કે ફરીથી કાર્યકાળ ન સ્વીકારવો એ તેમનો વ્યક્તિગત નિર્ણય છે, તેથી તેમના નિર્ણયનું સન્માન કરીને નવા ચેરમેનની શોધ શરૂ કરવી જોઈએ.આ ઉપરાંત, ચંદ્રશેખરનના આ નિર્ણય પર બોર્ડમાં ઔપચારિક મતદાન કરાવવું કે નહીં તેને લઈને પણ વિવાદ સર્જાયો છે. કાનૂની નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જો કંપનીના 'આર્ટિકલ્સ ઓફ એસોસિએશન'માં કોઈ વિશેષ



જોગવાઈ ન હોય, તો કંપની કાયદા હેઠળ બોર્ડ પાસે ચેરમેનના રાજીનામા કે પદ છોડવાના નિર્ણયને સ્વીકારવા સિવાય બહુ મર્યાદિત વિકલ્પો રહે છે.ટાટા સન્સમાં મોટો હિસ્સો ધરાવતા બે પ્રમુખ ટ્રસ્ટો પૈકીના એક 'સર દોરાબજી ટાટા ટ્રસ્ટ' દ્વારા બોર્ડને પત્ર લખવામાં આવ્યો છે. જેમાં તેમણે ચંદ્રશેખરનના નિર્ણયની નોંધ લઈ તેમના ઉત્તરાધિકારી (નવા ચેરમેન)ની શોધ માટે તાત્કાલિક અસરથી એક સિલેક્શન કમિટી બનાવવાની પ્રક્રિયા શરૂ કરવાનું સૂચન કર્યું છે. ટ્રસ્ટનું વલણ એવું છે કે જ્યારે ખુદ ચેરમેને ફરીથી પદભાર સંભાળવાની અનિચ્છા દર્શાવી છે, ત્યારે બોર્ડની પ્રાથમિકતા હવે નવા ઉત્તરાધિકારી નક્કી કરવાની હોવી જોઈએ.સૂત્રોના જણાવ્યા અનુસાર, એન. ચંદ્રશેખરને બોર્ડને સ્પષ્ટ સંકેત આપ્યો હતો કે જ્યાં સુધી તેમને ફરીથી નિમણૂક માટે તમામ સભ્યોનું સર્વસંમત સમર્થન ન મળે ત્યાં સુધી તેઓ ત્રીજો 5 વર્ષનો કાર્યકાળ સ્વીકારવા તૈયાર નથી. છેલ્લા કેટલાક સમયથી તેમના ત્રીજા કાર્યકાળને લઈને જૂથમાં અંદરોઅંદર મતભેદો ચાલતા હોવાનું સામે આવ્યું હતું. આવા સંજોગોમાં ચંદ્રશેખરને અચાનક પાછળ હટવાનો નિર્ણય લેતાં બોર્ડના કેટલાક સભ્યો માટે આ આંચકાજનક બાબત બની ગઈ છે.

18 ઑગસ્ટના રોજ પ્રસ્તાવિત AGMમાં મોટાભાગના શેરધારકો ઓનલાઈન જોડાઈ શકે તેમ છે, પરંતુ સર રતન ટાટા ટ્રસ્ટે પોતાના પ્રતિનિધિનું નામ હજુ સુધી મોકલ્યું ન હોવાથી સભા માટે નિયમ મુજબ જરૂરી કોરમ પૂરું થવા સામે પ્રશ્નાર્થ સર્જાયો છે. જો કોરમના અભાવે AGM રદ કરવી પડે તો ટાટા સન્સના ઈતિહાસમાં આવું પહેલીવાર બનશે. હાલમાં નવા ચેરમેન કે ચંદ્રશેખરનના કાર્યકાળ અંગે કોઈ આખરી નિર્ણય લેવાયો નથી, પરંતુ ટાટા જૂથના સર્વોચ્ચ નેતૃત્વને લઈને ઊભી થયેલી આ ખેંચતાણથી કોર્પોરેટ જગતમાં ચર્ચાઓનું બજાર ગરમાયું છે.

### કંપનીઓની જૂન ત્રિમાસિકમાં પ્રોત્સાહક કામગીરી

મુંબઈ : મુંબઈમાં પશ્ચિમ એશિયા યુદ્ધ વચ્ચે પણ ભારતીય કંપનીઓની કામગીરી મજબૂત રહી છે. એપ્રિલથી જૂન દરમિયાન 3458 કંપનીઓનો એડજસ્ટેડ નેટ પ્રોફિટ 16% વધી 4.58 ટ્રિલિયન થયો, જ્યારે નેટ વેચાણ 18.40% વધી 47.27 ટ્રિલિયન થયું. માઈનિંગ, મેટલ્સ અને નાણાંકીય ક્ષેત્રોએ દ્વીઅંકી વૃદ્ધિ હાંસલ કરી, જે દેશના આર્થિક વિકાસ માટે સકારાત્મક સંકેત છે. પશ્ચિમ એશિયા યુદ્ધની અસર વચ્ચે પણ ભારતીય કંપનીઓની વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા એટલે કે એપ્રિલથી જૂન દરમિયાનની કામગીરી મજબૂત જોવા મળી છે. માઈનિંગ તથા મેટલ્સ અને નાણાંકીય ક્ષેત્રની આગેવાની હેઠળ કંપનીઓએ નેટ પ્રોફિટ તથા વેચાણમાં દ્વીઅંકી વૃદ્ધિ હાંસલ કરી છે.અત્યારસુધી જાહેર થયેલ ૩૪૫૮ કંપનીઓના પરિણામોમાં આ કંપનીઓનો એડજસ્ટેડ નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે ૧૬ ટકા વધી રૂપિયા ૪.૫૮ ટ્રિલિયન જોવા મળ્યો છે જ્યારે નેટ વેચાણ ૧૮.૪૦ ટકા વધી રૂપિયા ૪૭.૨૭ ટ્રિલિયન રહ્યું છે. (બેન્કો સહિતની નાણાં સંસ્થાઓના વેચાણમાં વ્યાજ આવકને ગણવામાં આવે છે.જૂન ત્રિમાસિકમાં કંપનીઓની આવક વૃદ્ધિ પંદર ત્રિમાસિકની ઊંચી સપાટીએ જોવા મળી છે. જો કે એનર્જી તથા કોમોડિટીના ઊંચા ભાવને પરિણામે નેટ માર્જિનમાં સંકોચન જોવા મળ્યું હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું.

## News Brief

### EBG ગ્રુપે ગુજરાતમાં Daewoo નો પ્રથમ એક્સક્લુઝિવ એક્સપિરિયન્સ સ્ટોર શરૂ કર્યો, કોરિયન ઈનોવેશનને ગ્રાહકોની વધુ નજીક લાવ્યો

અમદાવાદ : સમગ્ર ભારતમાં પોતાની રિટેલ હાજરીને મજબૂત બનાવતાં, EBG ગ્રુપે આજે અમદાવાદમાં ગુજરાતનો Daewoo નો પ્રથમ એક્સક્લુઝિવ એક્સપિરિયન્સ સ્ટોર લોન્ચ કર્યો, જે આ સાઉથ કોરિયન બ્રાન્ડની ઈનોવેશન, ટેકનોલોજી અને ડિઝાઈનની વારસાને રાજ્યના ગ્રાહકોની વધુ નજીક લાવે છે. 1,800 ચોરસ ફૂટમાં ફેલાયેલો આ સ્ટોર Daewoo ની ટેલિવિઝન, નાના હોમ એપ્લાયન્સિસ, રેફ્રિજરેટર, વોશિંગ મશીન અને એર કન્ડિશનરની રેન્જ સાથે એક



ઈમર્સિવ રિટેલ અનુભવ પ્રદાન કરે છે, જ્યારે EBG ગ્રુપના ગુણવત્તા, મૂલ્ય અને ગ્રાહક-કેન્દ્રિત સેવા પરના ધ્યાનને પ્રતિબિંબિત કરે છે. આ સ્ટોરનું ઉદ્ઘાટન ડૉ. ઈરફાન ખાન, ફાઉન્ડર, EBG ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું. અમદાવાદમાં સ્થિત આ સ્ટોરને એક એક્સપિરિયન્શિયલ રિટેલ ડેસ્ટિનેશન તરીકે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જે ગ્રાહકોને પર્સનલાઈઝ્ડ કન્સલ્ટેશન અને સમર્પિત ગ્રાહક સપોર્ટ સાથે એક જ છત નીચે Daewoo ના પ્રોડક્ટ્સ શોધવાની તક આપે છે, જે ભારતીય ગ્રાહકો માટે એક સીમલેસ અને ગ્રાહક-કેન્દ્રિત રિટેલ ઈકોસિસ્ટમ બનાવવાની EBG ગ્રુપની દ્રષ્ટિને પ્રતિબિંબિત કરે છે.લોન્ચ પ્રસંગે બોલતાં, ડૉ. ઈરફાન ખાન, ફાઉન્ડર, EBG ગ્રુપે જણાવ્યું, "અમદાવાદ એક ડાયનેમિક અને ઝડપથી વિકસતું બજાર છે, જેમાં મજબૂત ગ્રાહક આધાર છે અને પ્રીમિયમ હોમ એપ્લાયન્સિસ તથા ઈલેક્ટ્રોનિક્સ માટે નોંધપાત્ર સંભાવના છે. તેથી, તે Daewoo ના રિટેલ વિસ્તરણના આગામી તબક્કા માટે એક સ્વાભાવિક પસંદગી હતી. અમારા એક્સક્લુઝિવ સ્ટોર દ્વારા, અમારો ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય ડિઝાઈન અને ટેકનોલોજીને ગુણવત્તા, મૂલ્ય અને ગ્રાહક સેવા પરના મજબૂત ધ્યાન સાથે જોડીને સંપૂર્ણ Daewoo અનુભવ ગ્રાહકોની વધુ નજીક લાવવાનો છે. ગુજરાતભરમાં અમારી હાજરીને મજબૂત બનાવતાં અમદાવાદ પણ એક મહત્વપૂર્ણ બજાર તરીકે સેવા આપશે."Daewoo માટે અમદાવાદ એક વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ બજાર છે, જેમાં અંદાજિત 9.3 મિલિયન શહેરી વસ્તી છે અને 2025માં આશરે 18,750 રેસિડેન્શિયલ વેચાણ થયા છે.

### મહિન્દ્રા રેસિંગે લંડન ડબલ પોડિયમ સાથે ફોર્મ્યુલા E ટીમ્સ ચેમ્પિયનશિપમાં ત્રીજું સ્થાન મેળવ્યું

લંડન, યુનાઈટેડ કિંગડમ : મહિન્દ્રા રેસિંગે ExCeL લંડન ખાતે 2025/26 FIA ફોર્મ્યુલા E ટીમ્સની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે, જ્યારે GEN3 વખતની ફાઈનલ રેસમાં નિક ડી વ્રીસ અને એડોઆર્ડો મોર્ટારા અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને રહ્યા છે. આ પરિણામથી ટીમ 252 પોઈન્ટ પર પહોંચી ગઈ, જે તેના સિંગલ-સીઝનનો સર્વોચ્ચ કુલ સ્કોર છે અને તેના શ્રેષ્ઠ ચેમ્પિયનશિપ ફિનિશ સાથે મેળ ખાય છે. 2025/2026 FIA ફોર્મ્યુલા E ચેમ્પિયનશિપના 16 અને 17મા રાઉન્ડ લંડન ExCeL સર્કિટ ખાતે યોજાયા હતા, અને બંને ટીમ તેમજ ડ્રાઈવર માટે ફાઈનલ ચેમ્પિયનશિપમાં સ્થાન નક્કી કરવા માટે બે અણધારી રેસ નાટકીય રીતે પ્રગટ થઈ હતી. શનિવારે, મહિન્દ્રા



રેસિંગે મોર્ટારાથી પ્રભાવશાળી કમબેક ડ્રાઈવ સાથે ભારતના સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી હતી. બંને ડ્રાઈવરો પ્રેક્ટિસ ટાઈમશીટમાં ટોચ પર હતા, પરંતુ ક્વોલિફાઈંગ એટલું સરળ રહ્યું નહીં, નિક નવમા ક્રમે રહ્યા, જ્યારે એડોઆર્ડો 13મા ક્રમે ક્વોલિફાય થયા અને 18મા ક્રમે શરૂઆત કરી. ફુલ કોર્સ યલો ખેલાડી રેસમાં જ ડી વ્રીસની વ્યૂહરચના સામે રમ્યો હતો, જેના કારણે તે ફરીથી 13મા સ્થાને આવી ગયો. આ દરમિયાન, મોર્ટારા 11 સ્થાન આગળ આવીને સાતમા સ્થાને રહ્યો, જે તેને ટીમ માટે ખાસ દિવસ બનાવે છે. રવિવારે, ડી વ્રીસ અને મોર્ટારાએ ડ્યુઅલ્સમાં લડીને ઓલ-મહિન્દ્રા ફાઈનલ સેટ કરી હતી. ડી વ્રીસે તેના ટીમના સાથી ખેલાડીને હરાવીને પોલ પોઝિશન લીધી, જેનાથી મહિન્દ્રાને ફ્રન્ટ-રો લોકઆઉટ અને 2026ની સીઝનનો પાંચમો પોલ મળ્યો. રેસની શરૂઆતમાં, બંને ડ્રાઈવરને ખુલ્લો ગેટવે મળ્યો, જેની મદદથી તેમણે કોર્નર્સના શરૂઆતના ક્રમ અને પહેલા પાંચ લેપ્સ દરમિયાન તેમની ગ્રીડ પોઝિશન જાળવી રાખી.લેપ 6 પર, ડી વ્રીસે પોતાનો એટેક મોડ સક્રિય કર્યો અને લીડ જાળવી રાખવામાં સફળ રહ્યો, જ્યારે મોર્ટારાએ એક લેપ પછી તેને અનુસરવાનો પ્રયાસ કર્યો, અને એક્ટિવેશન પોઈન્ટ ચૂકી જવા છતાં, તે બીજા સ્થાને રહ્યો.ત્યારબાદ મોર્ટારાએ લીડ મેળવી, અને 22મા લેપ પર, પ્રથમ સ્થાન છોડ્યા વિના પોતાનો એટેક મોડ સક્રિય કર્યો. દરેક પાસે એક એટેક મોડ બાકી રહેતા, ડી વ્રીસે મોર્ટારાને પાછળ છોડી દીધો અને અંતિમ તબક્કામાં, મહિન્દ્રાના ડ્રાઈવરોએ તેમના વધારાના પાવરની અંતિમ ફાળવણીનો ઉપયોગ સુમેળ સાધીને કર્યો. ટેલર બર્નાર્ડ દ્વારા મોડેથી ઉપયોગમાં લેવાયેલો એટેક મોડ મહિન્દ્રા ડ્રાઈવરોની જીતને રોકવા માટે પૂરતો હતો, જેના કારણે ડી વ્રીસ અને મોર્ટાસા અનુક્રમે બીજા અને ત્રીજા ક્રમે આવ્યા, પણ ટીમ માટે ડબલ પોડિયમના સંકેત મોટા હતા.

## એમસીએક્સે ક્રૂડ સનફ્લાવર ઓઈલ ફ્યુચર્સ કોન્ટ્રાક્ટ લોન્ચ કર્યો

અમદાવાદ | મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (MCX) એ આજે ક્રૂડ સનફ્લાવર ઓઈલ (સૂર્યમુખીના તેલ)પર ફ્યુચર્સ કોન્ટ્રાક્ટ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ નવા વાયદાથી ભારતના ખાદ્ય તેલ ઉદ્યોગ સાથે જોડાયેલા તમામ વેપારીઓ અને હિસ્સેદારો માટે રિસ્ક મેનેજમેન્ટના વિકલ્પો વધુ વ્યાપક બનશે.ભારતમાં અંદાજે વાર્ષિક 26-27 મિલિયન ટન ખાદ્ય તેલનો વપરાશ થાય છે, જે પૈકીની 60%થી વધુ જરૂરિયાત આયાત દ્વારા પૂરી કરવામાં આવે છે. આયાત પરની વધુ પડતી નિર્ભરતાને કારણે ભારતીય બજાર પર વૈશ્વિક ભાવની અસ્થિરતા, આંતરરાષ્ટ્રીય સ્તરે માંગ અને પુરવઠાનું સંતુલન, વિદેશી હૂંડિયામણમાં થતી વધઘટ અને અન્ય ખાદ્ય તેલોની કિંમતોમાં થતા ફેરફારોની સીધી અસર પડે છે. ભારતના ખાદ્ય તેલના કુલ વપરાશમાં સનફ્લાવર ઓઈલનો હિસ્સો અંદાજે 9% જેટલો છે, જેમાં ક્રૂડ સન ફ્લાવરનો વાર્ષિક વપરાશ આશરે 3.0 મિલિયન ટન હોવાનો અંદાજ છે. આ વપરાશ પૈકીનો આશર 28 લાખ ટન જેટલો પુરવઠો આયાત મારફતે પૂરો કરવામાં આવે છે. જેને કારણે, આ ક્ષેત્ર વૈશ્વિક પુરવઠાની સ્થિતિ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવમાં થતા ફેરફારો પ્રત્યે અત્યંત સંવેદનશીલ છે. ખાદ્ય તેલોના ભાવ એકબીજા પર નિર્ભર હોવાથી સનફ્લાવર ઓઈલના વિકલ્પ તરીકે ઉપયોગની પદ્ધતિ અને તેની બજારમાં સરખામણી પર સીધી અસર કરે છે. આ કારણે જ આંતરરાષ્ટ્રીય સ્તરે જોડાયેલાં ખાદ્ય તેલ બજારમાં કામ કરતા વેપારીઓ માટે ભાવમાં થતી વધઘટના જોખમથી બચવું અત્યંત જરૂરી બની જાય છે.આ લોન્ચિંગ પ્રસંગે બોલતા એમસીએક્સના એમડી અને સીઈઓ સુશ્રી પ્રવીણા રાયે જણાવ્યું હતું કે, 'ક્રૂડ સનફ્લાવર ઓઈલ ફ્યુચર્સ કોન્ટ્રેક્ટની શરૂઆતથી બજારના હિસ્સેદારોને ભાવની અસ્થિરતા અને જોખમનું સંચાલન કરવા માટે એક પારદર્શક અને કાર્યક્ષમ પ્લેટફોર્મ ઉપલબ્ધ બનશે જેની મદદથી તેઓ ભાવની વધઘટ સામે રક્ષણ મેળવી શકશે. આ સાથે જ આ કોન્ટ્રેક્ટ સ્થાનિક ખાદ્ય તેલ બજારના વિકાસને પણ વધુ મજબૂત બનાવશે.' આ નવો કોન્ટ્રાક્ટ આયાતકારો, રિફાઈનર્સ, પ્રોસેસર્સ, વેપારીઓ અને વેલ્યુ-ચેઈન સાથે જોડાયેલાં તમામ લોકોને ભાવની અસ્થિરતા સામે રક્ષણ મેળવવામાં અને તેમની રિસ્ક-મેનેજમેન્ટ વ્યૂહરચનાઓને વધુ અસરકારક બનાવવામાં મદદરૂપ થશે.

## ક્રોમાનું નવું અભિયાન 'ઘર બનતા હૈં ક્રોમા સે' મકાનને ઘર બનાવતી યાદગાર ક્ષણોની ઉજવણી કરે છે

મુંબઈ : ટાટા ગ્રૂપની વિશ્વસનિય ઓમ્નિ-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર ક્રોમાએ 'ઘર બનતા હૈં ક્રોમા સે' અભિયાન શરૂ કર્યું છે, જે ભારતીય ઘરો સાથે ક્રોમાના ઊંડા જોડાણ અને મકાનને ખરાં અર્થમાં ઘર બનાવતા સંબંધો, સંવાદ અને યાદગીરીઓની ઉજવણીઓ કરે છે. આધુનિક ભારતીય ઘર ઝડપથી બદલાઈ રહ્યાં છે. હવે ઉપકરણો અને ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓ આકાંક્ષારૂપ લક્ઝરીઓ રહી નથી, પરંતુ એ જીવનશૈલી, આરામ અને સુવિધાને શ્રેષ્ઠ બનાવતી આવશ્યક ચીજવસ્તુઓ બની ગઈ છે. આ પરિવર્તનને ધ્યાનમાં રાખીને અભિયાન દર્શાવે છે કે, ક્રોમા ફક્ત ચીજવસ્તુઓનું વેચાણ કરતી રિટેલર નથી, પરંતુ પરિવારો માટે એક વિશ્વસનિય સલાહકાર પણ છે, જે જીવનના મહત્વપૂર્ણ ક્ષણોમાં તેમનો સાથ આપે છે. આ અભિયાન વિશે ક્રોમાના ચીફ




માર્કેટિંગ ઓફિસર અમિત અગ્રવાલે કહ્યું હતું, '20 વર્ષથી વધારે ગાળાની સફરમાં ક્રોમાએ લાખો ભારતીય ઘરોમાં જવાની તક પ્રાપ્ત કરી છે. અમે પોતે જોયું છે કે, કેવી રીતે ટેકનોલોજી રોજિંદા જીવનનું અભિન્ન અંગ બની ગઈ છે. દરેક પ્રથમ ઘર, દરેક ઉજવણી અને પરિવાર સાથે કરેલું દરેક ભોજન એક સ્ટોરી બયાન કરે છે. ક્રોમામાં અમારો ઉદ્દેશ અમારા દરેક કાર્યના કેન્દ્રમાં ગ્રાહકો માટે ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓની ખરીદીને સરળ બનાવવાનો છે. અમારું મિશન ગ્રાહકોના ચહેરા પર ખુશી અને હાસ્ય લાવવાનું છે, જે માટે અમે તેમને નવી અને જીવનને શ્રેષ્ઠ બનાવતી ટેકનોલોજી અપનાવવામાં મદદરૂપ થઈએ છીએ, જે તેમની જરૂરિયાતોને હિસાબે સર્વશ્રેષ્ઠ હોય છે. 'ઘર બનતા હૈં ક્રોમા સે' એ સ્ટોરી અને એ ખાસ ભૂમિકા માટે અમારું સન્માન છે, જે અમે ગ્રાહકોને આરામ, જોડાણ અને યાદગાર ક્ષણોથી નિર્મિત ઘર બનાવવામાં મદદ કરીને અદા કરીએ છીએ.' આ અભિયાન ક્રોમાની એ વિશ્વસનિય પાર્ટનરની ઓળખને વધારે મજબૂત કરવાનું એક નવું વચન છે, જે ગ્રાહકોને તેમના સ્વપ્નોનું ઘર બનાવવામાં મદદ કરે છે. ખાસ ઓફર અને પસંદ કરેલા પેકેજ સાથે ઘર બનતા હૈં ક્રોમા સે અભિયાન ગ્રાહકોને પોતાના ઘરોની કલ્પના શ્રેષ્ઠ રીતે કરવામાં મદદરૂપ થશે. વળી, આ અભિયાનમાં ત્રણ હૃદયસ્પર્શી ડિજિટલ ફિલ્મો પણ શામેલ છે, જે એક યુવાન કપલની સફરને દર્શાવે છે. આ ફિલ્મો સુંદરતાપૂર્વક દર્શાવે છે કે, કેવી રીતે રોજિંદા વપરાશ થતા ઘરગથ્થું ઉપકરણની પસંદગી જીવનના સૌથી મહત્વપૂર્ણ તબક્કાનો ભાગ બની જાય છે.

## NRAIની પાંચમી ફૂડ ડિલિવરી સમિટમાં ગુજરાતને ભારતના રેસ્ટોરાં ઉદ્યોગ માટે નવા વિકાસ કેન્દ્ર તરીકે રજૂ કરાયું

(એજન્સી) અમદાવાદ | તા 18

ભારતની સૌથી મોટી ફૂડ બિઝનેસ સમિટ એવી પાંચમી NRAI ફૂડ ડિલિવરી સમિટ 2026ના આયોજન પૂર્વે નેશનલ રેસ્ટોરન્ટ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (NRAI)એ આજે ગુજરાતને ભારતના રેસ્ટોરાં અને ફૂડ સર્વિસ ઉદ્યોગ માટે સતત વધુ મહત્વપૂર્ણ બની રહેલા બજાર તરીકે રજૂ કર્યું હતું. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં આ ક્ષેત્રનો વિકાસ થઈ રહ્યો છે અને ગિફ્ટ સિટી આસપાસ નવી તકો ઊભી થઈ રહી છે. 20 ઓગસ્ટે યોજાનારી સમિટ પૂર્વે અમદાવાદમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં આ બાબતો રજૂ કરવામાં આવી હતી. ગુજરાતનું રેસ્ટોરાં ક્ષેત્ર તેની પરંપરાગત ખાણીપીણીની સંસ્કૃતિથી ઘણું આગળ વધી ગયું છે. માત્ર અમદાવાદમાં જ કેફે અને ક્યૂએસઆર સહિત 20,000થી વધુ રેસ્ટોરાં છે અને શહેરનું રેસ્ટોરાં સેક્ટર વાર્ષિક 10થી 12 ટકા દરે વધી રહ્યું હોવાનું અનુમાન છે. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં NRAIના 500થી વધુ સભ્યો છે, જે રાજ્યના રેસ્ટોરાં ક્ષેત્રની વ્યાપકતા દર્શાવે છે. તેમાં ધ સિક્રેટ કિચન, ગોપી ડાઈનિંગ હોલ, ઓલ્ડ સ્કૂલ ઈટરી, 22nd Parallel અને જગદીશ ફૂડ્સ



જેવી સ્થાનિક બ્રાન્ડ્સ ઉપરાંત લા પિનો'ઝ અને બાસ્કિન-રોબિન્સ જેવી બ્રાન્ડ્સ સહિત અન્ય અનેક અગ્રણી ફૂડ એન્ડ બેવરેજ બ્રાન્ડ્સનો સમાવેશ થાય છે. બજારમાં પ્રીમિયમ ડાઈનિંગ, આંતરરાષ્ટ્રીય ભોજન, કેફે, ક્યૂએસઆર અને ગ્રાહકોને વિશિષ્ટ અનુભવ આપતા ફૂડ ફોર્મેટ્સની સ્વીકૃતિ વધી રહી છે. સાથે જ ગુજરાતમાં શરૂ થયેલા વ્યવસાયો પણ હવે રાજ્યની બહાર પોતાની હાજરી વધારી રહ્યા છે અને સમગ્ર ભારત તેમજ આંતરરાષ્ટ્રીય બજારોમાં વિસ્તરણ કરવાની ક્ષમતા ધરાવે છે.ગુજરાત મજબૂત સ્પોર્ટ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઈકોસિસ્ટમ પણ વિકસાવી રહ્યું છે. અમદાવાદ 2030ની કોમનવેલ્થ ગેમ્સનું યજમાન બનવા જઈ રહ્યું છે અને 2036ની ઓલિમ્પિક તથા પેરાલિમ્પિક ગેમ્સનું આયોજન કરવાની ભારતની મહત્વાકાંક્ષામાં એક મહત્વપૂર્ણ શહેર તરીકે ઉભરી રહ્યું છે. આ ઈકોસિસ્ટમનો વિકાસ થઈ રહ્યો છે ત્યારે NRAI રાજ્યના વિવિધ હિતધારકો સાથે મળીને રેસ્ટોરાં અને ફૂડ સર્વિસ ઉદ્યોગને આ ચર્ચાઓનો હિસ્સો બનાવશે. ખાસ કરીને રમતગમતના કાર્યક્રમો, પ્રવાસન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ સાથે ઊભી થનારી ખાણીપીણી, હોસ્પિટાલિટી અને કેટરિંગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ ક્ષેત્ર સાથે સંકલન કરવામાં આવશે.

## ઓગમોન્ટ એન્ટરપ્રાઈઝિસ લિમિટેડનો પ્રારંભિક જાહેર ભરણું (IPO) શુક્રવાર, 21 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે

એજન્સી) મુંબઈ | તા 18

ઓગમોન્ટ એન્ટરપ્રાઈઝિસ લિમિટેડ ('કંપની')ના 5ની ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) ધરાવતા દરેક ઈક્વિટી શેર માટે પ્રાઈસ બેન્ડ 750 થી 788 નક્કી કરવામાં આવી છે.એન્કર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ - ગુરુવાર, 20 ઓગસ્ટ, 2026, બિડ/ઓફર ખુલવાની તારીખ - શુક્રવાર, 21 ઓગસ્ટ, 2026 અને બિડ/ઓફર બંધ થવાની તારીખ - મંગળવાર, 25 ઓગસ્ટ, 20265ની ફેસ વેલ્યુ ધરાવતા ઓછામાં ઓછા 19 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 19 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાય છે.રાષ્ટ્રીય સ્તરે, 18 ઓગસ્ટ, 2026: ઓગમોન્ટ એન્ટરપ્રાઈઝિસ લિમિટેડ ('કંપની') તેના 5ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર ('ઈક્વિટી શેર')નો પ્રારંભિક જાહેર ભરણું ('ઓફર') શુક્રવાર, 21 ઓગસ્ટ, 2026ના રોજ ખોલવાનો પ્રસ્તાવ ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ બિડ/ઓફર




ખુલવાની તારીખના એક કામકાજના દિવસ પહેલાં, એટલે કે ગુરુવાર, 20 ઓગસ્ટ, 2026 છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ મંગળવાર, 25 ઓગસ્ટ, 2026 છે. આ ઓફર માટેની પ્રાઈસ બેન્ડ (કિંમતની શ્રેણી) 5ની ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) ધરાવતા પ્રતિ ઈક્વિટી શેર દીઠ 750 થી 788 નક્કી કરવામાં આવી છે. ઓછામાં ઓછા 19 ઈક્વિટી શેર (દરેકની ફેસ વેલ્યુ 5) માટે બિડ કરી શકાય છે અને ત્યારબાદ 19 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાય છે. ફ્લોર પ્રાઈસ (ન્યૂનતમ કિંમત) અને કેપ પ્રાઈસ (મહત્તમ કિંમત) એ ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ કરતાં અનુક્રમે 150.00 ગણી અને 157.60 ગણી છે. નાણાકીય વર્ષ 2026 માટે કંપનીના બેઝિક અને ડાઈલ્યુટેડ EPS (શેર દીઠ કમાણી)ના આધારે, પ્રાઈસ બેન્ડના નીચલા સ્તરે (ફ્લોર પ્રાઈસ) 'પ્રાઈસ ટુ અર્નિંગ્સ રેશિયો' (P/E) 18.54 ગણો અને પ્રાઈસ બેન્ડના ઉપલા સ્તરે (કેપ પ્રાઈસ) 19.48 ગણો છે.

## કિયા ઈન્ડિયા અમદાવાદમાં નવી એકેડેમી સાથે ડીલર ટ્રેનિંગ નેટવર્કનું વિસ્તરણ કરે છે: ભારતવ્યાપી તેનું બીજું એકમ

(એજન્સી) અમદાવાદ | તા 18

દેશની અગ્રગણ્ય માસ- પ્રીમિયમ કાર ઉત્પાદકોમાંની એક કિયા ઈન્ડિયાએ આજે ગુજરાતના અમદાવાદમાં સુપરનોવા કિયા ખાતે તેની નવી ડીલર ટ્રેનિંગ એકેડેમીનું ઉદઘાટન કર્યું. દર મહિને આશરે 250 કર્મચારીઓને તાલીમ આપવાની ક્ષમતા સાથે એકેડેમી વેચાણ અને સેવામાં કુશળ અને જાણકાર ડીલર ટીમો વિકસાવવા માટે કિયા ઈન્ડિયાના અભિગમને મજબૂત બનાવે છે. એકેડેમી ગ્રુપ ડીલરશિપમાં વેચાણ અને સેવા ટીમો માટે ડીલર- નેતૃત્વ સ્તર-1 તાલીમ કાર્યક્રમોને સક્ષમ બનાવે છે. સ્થાનિક તાલીમ માળખાકીય સુવિધાઓ નિર્માણ કરીને કિયા ઈન્ડિયા નવા માનવશક્તિના ઝડપી સમાવેશ, હાલની ટીમોના સતત અપસ્કિલિંગ અને કેન્દ્રીય તાલીમ પર નિર્ભરતા ઘટાડવાની ખાતરી આપે છે. આ અભિગમ ડીલરશિપ સ્તરે કાર્યબળ સ્થિરતામાં સુધારો કરવા સાથે મજબૂત ભૂમિકા- આધારિત કુશળતા નિર્માણ કરવામાં મદદ કરે છે.આ પહેલથી ગ્રાહકોને સ્પષ્ટ સંદેશવ્યવહાર, ઝડપી સેવા ટર્નઅરાઉન્ડ સમય, સમાન સેવા ધોરણો અને સ્થાનને ધ્યાનમાં લીધા વિના વધુ આસાન માલિકી અનુભવનો લાભ મળે છે.વર્તમાન અને ભવિષ્યની વ્યાવસાયિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે રચાયેલી એકેડેમી ટેક્નિકલ કુશળતા, વર્તણૂકીય કુશળતા અને સેવા ગુણવત્તા શ્રેષ્ઠતા પર ભાર મૂકે છે, જે ખાતરી કરે છે કે કિયાનો વિસ્તરતો ગ્રાહક આધાર ટચપોઈન્ટ્સ પર વિશ્વસનીય, પારદર્શક અને ઉચ્ચ-ગુણવત્તાવાળા જોડાણનો અનુભવ ચાલુ રાખે છે.અમદાવાદ એકમ કિયા ઈન્ડિયાની પ્રથમ ડીલર ટ્રેનિંગ એકેડેમી પર બન્યું છે, જેનું ઉદઘાટન આ વર્ષની શરૂઆતમાં કોચીના ઈન્ચેઓન કિયા ખાતે કરવામાં આવ્યું હતું, જે કંપનીના ડીલર નેટવર્કની નજીક માળખાગત શિક્ષણ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કંપની પાસે હવે બે ડીલર ટ્રેનિંગ એકેડેમી છે જે દર મહિને આશરે 500 કર્મચારીઓને તાલીમ આપવાની સંયુક્ત ક્ષમતા ધરાવે છે, કુશળ ડીલર ટીમો બનાવવા અને તેના વેચાણ અને સેવા નેટવર્કમાં સતત ગ્રાહક અનુભવ પહોંચાડવાની તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

## કુદરતી લાગે તેવી હેરલાઈન પાછળની કલા

### કેવી રીતે ચોકસાઈપૂર્વક, કલાત્મક રીતે અને નવીનતા સાથે આધુનિક રીતે વાળનું રિસ્ટોરેશન કરાવી શકાય છે, શ્રેય જશે ડો. પ્રદીપ સેઠી અને ડો. એરિકા બંસલ- યુજેનિક્સ હેર સાયન્સના દ્રષ્ટિવેતા સહ-સ્થાપક

(એજન્સી) અમદાવાદ | તા 18

એક સફળ વાળના રિસ્ટોરેશન બાદ લોકો જે ધ્યાનથી જૂએ છે, તે વાળ નથી હોતા. પણ આત્મવિશ્વાસ હોય છે. પ્રક્રિયાના થોડા મહિનાઓ બાદ, જે વ્યક્તિ એક સમયે ફોટોગ્રાફ્સને ટાળતી હોય છે, તે હવે ફોટામાં દેખાવા લાગે છે. એક પ્રોફેશનલ જે મિટિંગ પહેલા આદતવસ પોતાનું પ્રતિબિંબ જોતો હોય છે, તે હવે વાળ વિશે વિચાર્યા વગર રૂમમાં જાય છે. વર્ષો સુધી પોતાના વાળને પાતળા સમજીને છૂપાવ્યા હતા, તે તેની ચિંતા કરવાનું બંધ કરે છે. કોઈ પૂછતું નથી કે શું બદલાયું છે. તેઓ ફક્ત એ કહે છે, 'તમે કંઈક અલગ દેખાવ છો, પણ સારા લાગો છો.' કદાચ આધુનિક વાળ રિસ્ટોરેશન માટેની આ સૌથી સારામાં સારી બાબત છે. દાયકાઓથી, આ શ્રેણીમાં ગ્રાફ્ટની ગણતરીઓ, ઘનતા અને નાટકીય પહેલા અને પછીના ફોટોગ્રાફ્સ દ્વારા જ જોવામાં આવતી હતી. આજે, વધુ જાણકાર પેઢી એક અલગ પ્રશ્ન પૂછી રહી છે: પરિણામ કેટલું કુદરતી હોય એવું દેખાશે? આ ઉત્ક્રાંતિના કેન્દ્રમાં ફોલિક્યુલર ગ્રાફ્ટ છે, એક નાજુક બાયોલોજીકલ એકમ છે, જેને એક્સટ્રેક્ટ કરવામાં આવે તો તેનું કામ પૂરું થઈ જતું નથી. તેનું સંચાલન, શરીરની બહારનો સમય અને પ્લેસમેન્ટ તેના ટકી રહેવા અને વધવાની ક્ષમતાને પ્રભાવિત કરી શકે છે. ચોક્કસાઈનો આ પ્રયાસ જ ડાયરેક્ટ હેર ટ્રાન્સપ્લાન્ટ (ડીટીએચ) ના વિકાસ તરફ આગળ લઈ ગયો, જે ટેકનીકના પ્રણેતા છે, ડૉ. પ્રદીપ સેઠી અને ડૉ. એરિકા બંસલ, તેમના દ્વારા 2013માં જર્નલ ઑફ ક્યુટેનિયસ એન્ડ એસ્થેટિક સર્જરીમાં પ્રકાશિત પીઅર-સમીક્ષા કરાયેલ સંશોધનને વૈશ્વિક તબીબી સમુદાય સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ડીએચટીમાં, નિષ્કર્ષણ અને ઈમ્પ્લાન્ટેશન એકસાથે થાય છે, જેના કારણે ગ્રાફ્ટ શરીરની બહાર વિતાવેલો સમય પરંપરાગત ટેકનોલોજીનો સમય 3થી 6 કલાકની તુલનામાં ઘટાડીને 30 મિનિટથી ઓછો કરી દે છે. સહ-સ્થાપકોએ ઈરાદાપૂર્વક ડીએચટીને પેટન્ટ ન આપવાનું પસંદ કર્યું, જેથી સમગ્ર વૈશ્વિક વાળ પુનઃસ્થાપન સમુદાય તેને અપનાવી શકે અને દરેક જગ્યાએ દર્દીઓને ફાયદો થઈ શકે. આ જ કારણ છે કે વાળના રિસ્ટોરેશનને વધુને વધુ આરોગ્યપ્રદ ઉંમર અને સ્વ-રોકાણની ચર્ચામાં પ્રવેશી રહ્યું છે. લોકો લાંબા સમય સુધી સક્રિય અને આત્મવિશ્વાસુ રહેવા માટે ફિટનેસ, પોષણ અને આરોગ્યસંભાળમાં રોકાણ કરી રહ્યા છે. વાળનું રિસ્ટોરેશન પણ આ જ ફિલોસોફીનો ભાગ બની રહ્યું છે: જરૂરી નથી કે યુવાન દેખાવા માટે જ કરવામાં આવે છે, પરંતુ પોતાની જાત સાથે વધુ સંકલિત અનુભવવા માટે પણ લોકો રિસ્ટોરેશન કરાવે છે. જેમ-જેમ દર્દીઓ વધુ સમજદાર બને છે, તેમ-તેમ તેઓ નાટકીય પરિણામોથી આગળ જોઈ રહ્યા છે અને વિજ્ઞાન, ટેકનોલોજી, ડોનર મેનેજમેન્ટ, દીર્ઘાયુષ્ય અને કુદરતી લાગશે તે અંગે પૂછી રહ્યા છે. આ ઉત્ક્રાંતિ હવે યુજેનિક્સને બેંગલુરુ લઈને આવી રહી છે, ક્લિનિકનું આગામી કેન્દ્ર તેના વિજ્ઞાન-આગેવાની હેઠળ, દર્દી-કેન્દ્રિત અભિગમને નવીનતાના પર્યાય સમા શહેરમાં લાવવા માટે તૈયાર છે. ભવિષ્યની નવી ટેકનોલોજી અને વધુ ચોકસાઈ લાવશે. પરંતુ એકલી ટેકનોલોજી તેને કુદરતી બનાવી શકતી નથી.વિજ્ઞાન એ ગ્રાફ્ટનું રક્ષણ કરે છે. કવાત્મક્તા તેને સ્થાન આપે છે અને આત્મવિશ્વાસ એ પરિવર્તનને તેનો અલગ અર્થ આપે છે.

**તંત્રીની કલમે...**

# વધુ એક દેશને બરબાદ કર્યો : ઈરાકમાંથી 23 વર્ષે અમેરિકાનું પલાયન!

પશ્ચિમ એશિયા (મધ્ય-પૂર્વ)ના સૈન્ય અને રાજકીય ઈતિહાસમાં એક અત્યંત જટિલ અને રક્તરંજીત યુગનો અંત આવવા જઈ રહ્યો છે. ઓગસ્ટ ૨૦૨૧માં અફઘાનિસ્તાનની ધરતી પરથી અમેરિકી દળોની ઉતાવળી વાપસી અને કાબુલ એરપોર્ટ પર સર્જાયેલી અરાજકતા અને આંતરરાષ્ટ્રીય બદનામી બાદ, હવે વોશિંગ્ટને મધ્ય-પૂર્વના બીજા સૌથી મોટા મોરચેથી પણ પોતાના હાથ સંપૂર્ણપણે પાછા ખેંચવાની સત્તાવાર સમયમર્યાદા જાહેર કરી દીધી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાકી વડા પ્રધાન અલી અલ-ઝૈદી વચ્ચે યોજાયેલી ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય વાટાઘાટો બાદ સંયુક્તપણે ઘોષણા કરવામાં આવી છે કે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં યુનાઈટેડ સ્ટેટ્સની સેના ઈરાકની ધરતીને સંપૂર્ણપણે ખાલી કરી દેશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૩માં તત્કાલીન અમેરિકી પ્રમુખ જ્યોર્જ ડબ્લ્યુ. બુશના શાસનકાળ દરમિયાન, ઈરાકી સરમુખત્યાર સદ્દામ હુસૈન પાસે માસ ડિસ્ટ્રક્શન વેપન્સ (જૈવિક અને રાસાયણિક શસ્ત્રો) હોવાના આક્ષેપો સાથે શરૂ કરાયેલું યુદ્ધ બરાબર ૨૩ વર્ષ પછી તેના અંતિમ પડાવ પર પહોંચ્યું છે. પરંતુ આ ઘોષણા માત્ર એક સૈન્ય વાપસી નથી; આ નિર્ણયે આંતરરાષ્ટ્રીય સંબંધો, જીયોપોલિટિક્સ અને માનવાધિકાર ક્ષેત્રે અત્યંત ઘેરા અને આકરા પ્રશ્નો ઊભા કર્યા છે. અફઘાનિસ્તાનની તાલિબાનના હાથમાં આવ્યા પછીની સ્થિતિ હોય કે હવે મધ્ય પૂર્વમાં આઈએસઆઈએસની હિંસક કામગીરીઓ કે પછી બગદાદમાં શિયા મિલિશિયા જૂથ દ્વારા કરાતો નરસંહાર હોય આ બધું જ અમેરિકાના પાપે થયું છે તેવું લોકો માને છે. અમેરિકાએ આ સદીમાં કેટલાય દેશોને બરબાદ કરીને મરવાના વાંકે છોડી દીધા છે.મહત્વની વાત એ છે કે, બીજા વિશ્વયુદ્ધ (૧૯૪૫) પછી અમેરિકાએ પોતાને લોકશાહીના રક્ષક અને જગતજમાદાર તરીકે સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. તેણે જે કર્યું છે તેની વિગતો જોઈએ તો ખ્યાલ આવશે કે તેણે ચારેતરફ નરસંહાર કરાવવા સિવાય અને નાના દેશોને ખેદાનમેદાન કરવા સિવાય કોઈ મોટા કામ કર્યા નથી. માત્ર વર્તમાન ૨૬ વર્ષના આંકડા જોઈએ તો તે પણ ભયાનક દ્રશ્ય ઊભું કરી શકે તેમ છે. ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ (૯/૧૧) પછી અમેરિકી કરદાતાઓની ૮.૮ ટ્રિલિયન ડોલરથી વધુ રકમ માત્ર સૈન્ય અભિયાનો, વિદેશી એજન્સીઓ અને યુદ્ધ સંબંધિત ખર્ચ ચૂકવવામાં વપરાઈ ગઈ છે. તેવી જ રીતે અમેરિકી યુદ્ધ ઝોન (અફઘાનિસ્તાન, ઈરાક, સીરિયા, યમન, પાકિસ્તાન આદિ)માં પ્રત્યક્ષ હિંસાથી ૯.૨૯ લાખથી વધુ લોકો માર્યા ગયા છે, જેમાં અંદાજે ૪૫ ટકા એટલે કે ૪.૩૫ લાખ થી વધુ તો માત્ર નિર્દોષ નાગરિકો હતા. તે સિવાય અમેરિકાના ઉન્માદને પગલે થયેલા યુદ્ધના કારણે પીવાના પાણીની તંગી, હોસ્પિટલોનો વિનાશ, કુપોષણ અને રોગચાળાના કારણે માર્યા ગયેલા લોકોનો આંકડાકીય અંદાજ ૩૫ થી ૪૫ લાખની વચ્ચે મૂકવામાં આવે છે. અમેરિકી સૈન્ય પગલાં અને તેના પરિણામે ફાટી નીકળેલા ગૃહયુદ્ધોને કારણે વિશ્વભરમાં ૩.૮ કરોડથી વધુ લોકો પોતાના ઘરબાર છોડીને શરણાર્થી બનવા મજબૂર થયા છે. આ આંકડો બીજા વિશ્વયુદ્ધ પછીનો સૌથી મોટો માનવ વિસ્થાપનનો આંકડો છે. ૨૦૦૧ પછીના યુદ્ધોમાં ૭,૦૫૦ થી વધુ અમેરિકી સૈનિકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૩૦,૦૦૦ થી વધુ સૈનિકો ગંભીર રીતે ઘાયલ અથવા શારીરિક-માનસિક વિકલાંગતાનો ભોગ બન્યા છે. ૧૯૪૫ પછી અમેરિકાએ ૫૦થી વધુ દેશોમાં ગુપ્ત અથવા તો પ્રત્યક્ષ રીતે સૈન્ય કામગીરી કરી છે. તેણે વિદેશોમાં ૮૦૦થી વધુ અમેરિકન સૈન્ય બેઝ બનાવ્યા છે.ઈતિહાસ સાક્ષી છે કે જ્યાં જ્યાં અમેરિકી સૈન્યના પગ પડ્યા છે અથવા જ્યાં સીઆઈએ દ્વારા લોકશાહી સ્થાપવાના નામે દખલગીરી કરવામાં આવી છે, ત્યાં મોટાભાગે સંસ્થાઓનું પતન, આર્થિક કંગાળિયત અને અનંત ગૃહયુદ્ધ જ સર્જાયું છે. અફઘાનિસ્તાનમાં ૨૦૦૧થી ૨૦૨૧ સુધી ૨૦ વર્ષ દરમિયાન નિષ્ફળ યુદ્ધ લડાયું. અલ-કાયદાનો વિનાશ, ઓસામા બિન લાદેનને પકડવો અને તાલિબાન શાસનનો અંત આણી મહિલા અધિકારોની સ્થાપના કરવી. અહીંયા ૨.૩૧ ટ્રિલિયન ડોલરનો ખર્ચ થયો, ૭૦ હજારથી વધુ અફઘાન નાગરિકોનાં મોત થયા. અફઘાન સેના અને પોલિસના ૬૬ હજારથી વધુ જવાનોના મોત થયા. ૨૦ વર્ષે, ઓગસ્ટ ૨૦૨૧માં અમેરિકી દળોએ અચાનક રાતોરાત બાગરામ એરબેઝ ખાલી કરી દીધું. તાલિબાને ફરીથી કાબુલ પર કબજો કરી લીધો.

**સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી વચ્ચે પણ આરોગ્યની પ્રાથમિક સુવિધાઓ માટે સંઘર્ષ;**

## ખાવડા CHC અને બિસ્માર રસ્તાઓના મુદ્દે ૨૪ તારીખે કલેક્ટર કચેરીએ ભીમ આર્મી દ્વારા અપાશે આવેદનપત્ર

મહેશ એલ. સોની નખત્રાણા

ભુજ (કચ્છ):ભીમ આર્મી ભારત એકતા મિશન સંગઠન દ્વારા કચ્છ જિલ્લામાં પ્રજાના પાયાના પ્રશ્નો અને ખાસ કરીને આરોગ્ય તેમજ બિસ્માર માર્ગોની સમસ્યાઓને લઈને એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને સરહદી વિસ્તારમાં કથળેલી આરોગ્ય સેવાઓ સામે અવાજ ઉઠાવવાનો સંકલ્પ લેવાયો હતો.આ બેઠકમાં પોતાના વિચારો રજૂ કરતાં ઈકબાલભાઈ જત એ જણાવ્યું હતું કે, દેશ ૮૦મો સ્વતંત્રતા દિવસ ઉજવી ચૂક્યો હોવા છતાં આજે પણ સરહદી કચ્છના લોકોને પ્રાથમિક જેવી મૂળભૂત સુવિધાઓ માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, ખાવડા સ્થિત સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (CHC)ની મુલાકાત દરમિયાન સામે આવ્યું હતું કે ત્યાંના મેડિકલ ઓફિસરે ખુદ લેખિતમાં ઉચ્ચ સ્તરે રજૂઆત કરી છે કે એક્સ-રે મશીન, નર્સિંગ સ્ટાફ સહિત ૧૦ જેટલી પાયાની સુવિધાઓનો લાંબા સમયથી અભાવ છે, જેના કારણે સ્થાનિક લોકો સારવારથી વંચિત રહી રહ્યા છે.જ્યારે અનીશભાઈ જુણેજાએ કાર્યકરોની આ બેઠક અને ખાવડા CHC સેન્ટરની વાસ્તવિક પરિસ્થિતિ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં જરૂરી સાધનો તેમજ ડોક્ટરો અને નર્સોની ભારે ઘટ છે. આ ગંભીર



સમસ્યાના કાયમી ઉકેલ માટે આગામી ૨૪ તારીખે કલેક્ટર કચેરીએ આવેદનપત્ર પાઠવવામાં આવશે. તેમણે આ લડતમાં સમગ્ર કચ્છમાંથી લોકોને મોટી સંખ્યામાં જોડાવવા અપીલ કરી હતી.આ ઉપરાંત બેઠકમાં હરિ પરમાર અને લક્ષ્મણભાઈ વાઘેલાએ પણ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. જેમાં જણાવાયું હતું કે, કચ્છમાં છેલ્લા એક વર્ષથી પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (PHC/CHC)ની સુવિધાઓ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં વહીવટી તંત્રના પેટનું પાણી હલતું નથી. આ સાથે જિલ્લામાં ઓછા વરસાદ છતાં રોડ-રસ્તાઓની અત્યંત ખરાબ હાલત થઈ ગઈ છે.આ તમામ લોકપ્રશ્નોને વાચા આપવા માટે આગામી ૨૪ તારીખે અંદાજે ૫,૦૦૦ જેટલા લોકો સાથે મળીને કચ્છ કલેક્ટર તેમજ જિલ્લા આરોગ્ય શાખાને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરશે. જ્યાં સુધી આરોગ્ય અને રસ્તા સહિતના પાયાના પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ નહીં આવે ત્યાં સુધી આ લડત ચાલુ રાખવાનો બેઠકમાં એકસૂરે નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારે આ બેઠક માં ભીમ આર્મી ભારત એકતા મિશન ગુજરાત રાજ્ય ઉપાધ્યક્ષ, ઈકબાલભાઈ જત, કચ્છ જિલ્લા અધ્યક્ષ હરિભાઈ પરમાર, કચ્છ જિલ્લા પ્રભારી લક્ષ્મણભાઈ વાઘેલા, કચ્છ જિલ્લા ઉપાધ્યક્ષ અનીશભાઈ જુણેજા, દેવભાઈ મણવર, માવજીભાઈ મહેશ્વરી, નરેશભાઈ ભોઈયા, હીરજી ભાઈ ભદ્રૂ હરેશભાઈ મહેશ્વરી, માવજી હિંગણા, માલશી માતંગ, ધરકાસ મોખા, પારુબેન શેખવા, ભારતીબેન ગરવા વગેરે ટીમના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## જુનાગઢ ખાતે ખોડિયાર ગૃપ દ્વારા નવમો ભવ્ય ત્રિવેણી મહોત્સવ ઉજવાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રીખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ, જુનાગઢ દ્વારા ૧૬/૦૮/૨૦૨૬ ને રવિવારનાં રોજ ગાયત્રી મંદિર, જુનાગઢ ખાતે નવમાં ત્રિવેણી મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી. આ મહોત્સવમાં ધોરણ:- ૭ થી ૧૨ નાં કુલ ૧૬૦ સર્વ જ્ઞાતિ વિદ્યાર્થીઓને શિલ્ડ,સિલ્વર મેડલ,સન્માન પત્ર,શૈક્ષણિક કીટ વગેરે એનાયત કરી સન્માનિત કર્યા હતાં, વિવિધ બાળ રમત ગમત સ્પર્ધાઓમાં



કુલ ૭૦ સ્પર્ધકોને શિલ્ડ,શૈક્ષણિક કીટ એનાયત કરવામાં આવેલ હતાં, સાથે સાથે મેગા બ્લડ ડોનેશન (રક્તદાન) કેમ્પ નું આયોજન કરવામાં આવેલ હતું. આ મહોત્સવનું ઉદ્ઘાટન જુનાગઢનાં નામાંકીત લોકસાહિત્યકાર શ્રી દિવ્યેશભાઈ જેઠવાનાં વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.આ મહોત્સવનાં અધ્યક્ષ સ્થાને ગાયત્રીશક્તિપીઠ, જુનાગઢનાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રી નાગભાઈ વાળા ઉપસ્થિત રહ્યાં હતા.આ મહોત્સવમા પ્રો.પી.બી.ઉનડકટ, શ્રી ભટુક બાપુ, ચંદુભાઈ લોઢીયા, વિજયભાઈ મિશ્રાણી શ્રી દિપકભાઈ મંડોરા,શ્રી હરીશભાઈ મહીયાર, શ્રી સલીમભાઈ ગુજરાતી, શ્રી ભોવાનભાઈ જાદવ, શ્રી રમેશભાઈ પઢાણી, મનસુખભાઈ વાજા, નરસિંહભાઈ વાઘેલા,ડો. રાજેશભાઈ ભાખર, શ્રી અરવિંદભાઈ આશરા, શ્રી પરેશભાઈ રૂપારેલીયા,શ્રી જીતુભાઈ જાની, શ્રી આશિષભાઈ રાવલ, શ્રી ચેતનભાઈ ટાકોદ્રા, શ્રી જયશ્રીબેન ગાલોરીયા, નિશાબેન ગોંડીયા, રજનીબેન પુરોહિત, ચેતનાબેન મિશ્રાણી, પ્રવિણાબેન વાઘેલા, રેખાબેન સ્વાદીયા, દેવીબેન દવે,રોહિણીબેન આચાર્ય, ઈન્દુબેન ખાખદર, કુંજનબેન સોલંકી,સ્મિતાબેન ગાલોરીયા, કંચનબેન ચેલાણી, કિરણબેન સોલંકી, રમીલાબેન ઘુચલા, રોશનીબેન ઘુચલા વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.આ મહોત્સવમાં સંસ્થાનાં તમામ મેમ્બરોને મોમેન્ટો આપી નવાજવામાં આવ્યાં હતાં.આ મહોત્સવમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતા.આ મહોત્સવનું સંચાલન શ્રી જીગરભાઈ રાદડીયા એ કર્યું હતું. આ ત્રિવેણી મહોત્સવમાં ગાયત્રી શક્તિપીઠ, જુનાગઢ તરફથી વિનામૂલ્યે જગ્યા આપવામાં આવેલ હતી.આ ત્રિવેણી મહોત્સવને સફળ બનાવવાં સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્રભાઈ ઘુચલા, ઉપપ્રમુખ પ્રતિકભાઈ મિશ્રાણી, મહામંત્રી નિકુંજભાઈ ભાલાણી, ખજાનચી અરવિંદભાઈ મારડીયા, ટ્રસ્ટી મિતલબેન રાડા, હર્ષભાઈ ઠાકર, હરસુખભાઈ પાલા, સભ્ય ભાર્ગવ માંડલીયા, ભાવનાબેન કે.વૈષ્ણવ વગેરે જહેમત ઉઠાવી હતી.

## કચ્છ જિલ્લા સોનાચાંદી મહા મંડળ દ્વારા ગાંધીધામ તાલુકા સોના ચાંદી મહામંડળની કારોબારી બેઠક ૨૭મી ઓગસ્ટે ગાંધીધામ ખાતે યોજાશે

મહેશ એલ. સોની નખત્રાણા

કચ્છ જિલ્લા સોનાચાંદી મહામંડળ દ્વારા ગાંધીધામ તાલુકા સોના ચાંદી મહા મંડળની કારોબારી, અગ્રણીઓ અને આમંત્રિત સભ્યોની મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજના હિતલક્ષી નિર્ણયો અને વ્યવસાયને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે યોજાનારી આ બેઠક તાલુકા પ્રમુખ શ્રી દિશાંક સોનીના અધ્યક્ષસ્થાને સંપન્ન થશે. બેઠકમાં જિલ્લાના વરિષ્ઠ અગ્રણીઓ પણ ઉપસ્થિત રહીને સમાજને માર્ગદર્શન આપશે. બેઠકમાં સૌ પ્રથમ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ ગાંધીધામ તાલુકાના સ્થાનિક પ્રશ્નો, સમાજના વિકાસના કાર્યો અને કચ્છના સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થતા સોના-ચાંદીના ભાવમાં એકરૂપતા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવશે. સમાજના સભ્યો દ્વારા રજૂ થતા પ્રશ્નોની રજૂઆત સાંભળી તેના યોગ્ય નિરાકરણ માટે પણ નિર્ણયો લેવામાં આવશે. આ બેઠક તા. 27/08/2026, ગુરુવારના રોજ બપોરે 12:30 કલાકે ભોજન સાથે કોન્ફરન્સ હોલ, રોટરી ભવન બીજો માળ, મહા નગર પાલિકા મેઈન ગેટ સામે, ગાંધીધામ ખાતે યોજાશે. આ બેઠકમાં વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહેવા શ્રી નરેશભાઈ સોની - (મહામંત્રી), હર્ષેશભાઈ સોની - (ખજાનચી) અને શ્રી દિશાંકભાઈ સોની ( પ્રમુખ) શ્રીયોગેશભાઈ સોની (જીલ્લા મંત્રી),પારૂલબેન સોની (જિલ્લા લિગલ એડવાઈઝર ) દ્વારા ગાંધીધામ તાલુકાના તમામ કારોબારી સભ્યો અને અગ્રણીઓને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ અંગેની એક અખબારી યાદીમાં કચ્છ જિલ્લા સોના ચાંદી મહામંડળના પ્રમુખ શ્રી હીરાલાલભાઈ સોનીએ જણાવ્યું હતું કે આ પ્રકારની બેઠકો દ્વારા સમાજ વધુ સંગઠિત બનીને પ્રગતિના પથ પર આગળ વધી શકે છે.

## શ્રદ્ધા અને શિલ્પનો સમન્વય: દેવપરના ઈશ્વરભાઈ દરજી 1988થી સીવે છે લક્ષ્મીનારાયણના દિવ્ય વાઘા

મહેશ એલ. સોની નખત્રાણા

શ્રદ્ધા અને શિલ્પનો સમન્વય દેવપર યક્ષ મેઈન બજારમાં છેલ્લા ચાર દાયકાથી ઈશ્વરભાઈ જાદવજી દરજીની દુકાનમાં જોવા મળી રહ્યો છે. વર્ષ 1988થી અવિરતપણે તેઓ શ્રી લક્ષ્મી



નારાયણ ભગવાનના દિવ્ય વાઘા સીવવાની સેવા કરી રહ્યા છે. ઈશ્વરભાઈની કળા માત્ર એક ગામ પૂરતી સીમિત નથી. દેવપરના શિવ મંદિર, મોમાઈ માતાજી મંદિર ઉપરાંત આસપાસના સાંગનારા, અંગીયા, ધાવડા અને સુખપર સહિતના વિસ્તારોના મંદિરોની મૂર્તિઓને પણ તેઓ પોતાના હાથે સુંદર વાઘા સીવીને ધરાવે છે. શ્રાવણ માસની શરૂઆત સાથે જ તેમના માટે ઉત્સવનો પ્રારંભ થાય છે. ઈશ્વરભાઈ કહે છે કે 'શ્રાવણ આવે એટલે વાઘા સીવવાનું કામ શરૂ થઈ જાય. લગભગ આખો મહિનો આ ભગવદ્ કાર્યમાં જ પસાર થઈ જાય છે.' ભક્તિ અને સમર્પણની આ ભાવના સાથે તેઓ નજીવા મહેનતાણામાં આ કામ કરીને પરંપરાને જીવંત રાખી રહ્યા છે. ગઈ તા. 15 ઓગસ્ટના રોજ સીવેલા શ્રી લક્ષ્મી નારાયણ ભગવાનના અદભુત વાઘા દેવપર વાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.સોય અને દોરાની મદદથી ભગવાનને શણગારતા ઈશ્વરભાઈ દરજી છેલ્લા 38 વર્ષથી માત્ર કપડા જ નથી સીવતા, તેઓ ગામની આસ્થાને, પરંપરાને અને શ્રદ્ધાને પણ એક નવી ઓળખ આપી રહ્યા છે.

## કેશવ કો-ઓપરેટિવ સોસાયટીની સભાસદ કલ્યાણ યોજના અંતર્ગત ₹15,000નો ચેક અર્પણ



નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશવ કો-ઓપરેટિવ સોસાયટીની કેશોદ શાખાની મહત્વપૂર્ણ બેઠક શાખાના સંયોજક શ્રી શંભુભાઈ પાંચાણીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં શાખાના વિકાસ, સભાસદોને વધુ સારી બેંકિંગ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સહિતના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરી મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠકમાં શાખા વિકાસ સમિતિના સભ્યોશ્રી દિનેશભાઈ કાનાબાર, શ્રી મયંકભાઈ રાદડિયા, શ્રી હિતેશભાઈ રાવલ, શ્રી જયેશભાઈ દવે, શ્રી નવીનચંદ્ર વ્યાસ તથા શ્રી ગૌરાંગભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કેશોદ શાખાના મેનેજરશ્રી રાજેશભાઈ ઢેબરીયા તથા મેંદરડા શાખાના સર્કલ મેનેજરશ્રી ચેતનભાઈ બાલધા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સર્કલ મેનેજરશ્રી ચેતનભાઈ બાલધાએ જણાવ્યું હતું કે નાના વેપારીઓને સરળ વ્યાજે લોન મળી રહે અને તેઓ વ્યાજખોરો દ્વારા વસૂલવામાં આવતા ઊંચા વ્યાજના બોજા માં ન ફસાય તે શ્રી કેશવ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીનો મુખ્ય હેતુ છે. સંસ્થા દ્વારા સામાન્ય તથા નાના વેપારીઓને સરળ પ્રક્રિયા અને વ્યાજબી વ્યાજદરે વિવિધ નાણાકીય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.શાખા મેનેજરશ્રી રાજેશભાઈ ઢેબરીયાએ સંસ્થાની વિવિધ નાણાકીય યોજનાઓ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે સભાસદો તથા ગ્રાહકોને બિઝનેસ લોન, ડિપોઝિટ યોજના, નાના ઉદ્યોગ માટેની લોન, હોમ લોન, વાહન લોન, ગોલ્ડ લોન સહિતની વિવિધ નાણાકીય સેવાઓનો લાભ મળી રહ્યો છે.આ દરમિયાન શ્રી કેશવ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીની સભાસદ કલ્યાણ યોજના અંતર્ગત સભાસદ સ્વ. ગોરધનભાઈ વાલજીભાઈ સાંચલાના અવસાન બાદ તેમના વારસદાર પુત્રી શ્રીમતી શીતલબેન કૈલાશભાઈ રાઠોડને 15,000 નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. શાખાના સંયોજક શ્રી શંભુભાઈ પાંચાણીના હસ્તે આ ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે ઉપસ્થિત સભ્યો દ્વારા શ્રી કેશવ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીની સભાસદ કલ્યાણ યોજનાની કામગીરીને આવકારી હતી તથા ભવિષ્યમાં પણ સભાસદોના હિતમાં વધુ કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## મ્યુનિ.કમિશનરશ્રી આઈ. આર.વાળા એ જૂનાગઢના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ તથા એસ.ટી. પી. પ્લાન્ટની સ્થળ મુલાકાત લીધી

નરેન્દ્ર દવે જૂનાગઢ | મહાનગરપાલિકા, જૂનાગઢના મ્યુનિસિપલ કમિશનરશ્રી આઈ. આર. વાળા એ આજરોજ શહેરની વિવિધ મહત્વપૂર્ણ પાયાની સુવિધાઓ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સુએજ ટ્રીટમેન્ટ પ્રોજેક્ટ્સની વિસ્તૃત સ્થળ મુલાકાત લઈ કામગીરીની સઘન સમીક્ષા કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન કમિશનરશ્રી આઈ.આર.વાળા એ હજીયાણી બાગ RTS, MRF સેન્ટર, ૬.૫ MLD પમ્પિંગ સ્ટેશન તેમજ બિલખા રોડ ખાતે આવેલ ૮.૨ MLD સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) અને ઈવનગર ખાતે આવેલ ઈન્ટિગ્રેટેડ વેસ્ટ મેનેજમેન્ટ ફેસિલિટી (CBG પ્લાન્ટ, સેગ્રિગેશન પ્લાન્ટ, એનિમલ ઈન્સિનરેટર અને સેનિટરી લેન્ડફિલ) ની રૂબરૂ મુલાકાત લઈ કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.મુખ્ય સમીક્ષા અને અપાયેલ માર્ગદર્શન : એસ.ટી.પી. પ્લાન્ટ અને વોટર ક્વોલિટી: શહેરમાંથી નીકળતા ગંદા પાણીના શુદ્ધિકરણની પ્રક્રિયા તથા પ્લાન્ટની ઓપરેશનલ ક્ષમતા ચકાસવામાં આવી હતી. શુદ્ધ થયેલા પાણીમાં CPCB અને GPCB ના નિયમ મુજબ BOD, COD અને pH ના નિર્ધારિત ધોરણો જળવાઈ રહે તે માટે દૈનિક લેબ ટેસ્ટિંગ કરવા સૂચના આપી હતી. શુદ્ધ પાણીનો પુનઃઉપયોગ (Reuse of Water): ટ્રીટ કરેલા પાણીનો મહત્તમ ઉપયોગ બગીચાઓ, બાંધકામ, ફાયર ફાઈટિંગ તેમજ ઔદ્યોગિક હેતુઓ માટે થાય તે દિશામાં આયોજન કરવા ભાર મૂક્યો હતો.

## આહવા, વઘઈ અને સુબિર ખાતેની જમીન દફતર નિરીક્ષકની તાલુકા કક્ષાની કચેરીઓ તાત્કાલિક શરૂ કરવાની માંગ

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિનાં IT CELL પ્રમુખ મનિષભાઈ કે. મારકણાએ ડાંગ જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી આહવા, વઘઈ અને સુબિર ખાતેની જમીન દફતર નિરીક્ષકની તાલુકા કક્ષાની કચેરીઓ તાત્કાલિક ધોરણે કાર્યરત કરવાની માંગ કરી છે.રજૂઆતમાં જણાવ્યા મુજબ, મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક RD/MIS/e-file/15/2026/0461/H(D), તા. 01/06/2026 મુજબ લોકોને જમીન દફતર અને રેકોર્ડ સંબંધિત સેવાઓ જિલ્લા કક્ષાએ જવાને બદલે તાલુકા કક્ષાએ મળી રહે તે હેતુથી તાલુકા કક્ષાએ જમીન દફતર નિરીક્ષકની કચેરીઓ શરૂ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. ડાંગ જિલ્લામાં આહવા જિલ્લા સેવા સદનના ગ્રાઉન્ડ ફ્લોર, વઘઈ તાલુકા સેવા સદનના બીજા માળ અને સુબિર તાલુકા સેવા સદનના બીજા માળે કચેરી માટે જગ્યા ફાળવવામાં આવી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.જગ્યા ફાળવાઈ હોવા છતાં કચેરીઓ સંપૂર્ણપણે કાર્યરત ન હોવાને કારણે પ્રજાજનોને જમીન સંબંધિત કામગીરી માટે મુશ્કેલી પડી રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તેથી તમામ તાલુકા કક્ષાની કચેરીઓ તાત્કાલિક શરૂ કરી લોકોને સમયસર સેવાઓ મળે તેવી માંગ કરવામાં આવી છે.સાથે અધિકારીની હાજરી અંગે તપાસની માંગ પણ કરવામાં આવી છે.રજૂઆતમાં આહવા ખાતેની

**ડાંગ જિલ્લામાં આહવા, વઘઈ અને સુબિરમાં કચેરીઓ કાર્યરત કરવાની માંગ, આહવા કચેરીમાં નકલો અને સ્વચ્છતાની સમસ્યા અંગે પણ રજૂઆત**

કચેરીના અધિકારીની ફરજ પરની હાજરી અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. રજૂઆતકર્તાના જણાવ્યા મુજબ, અધિકારી ફરજના સ્થળે નિયમિત હાજર ન રહેતા અરજદારોને પ્રોપર્ટી કાર્ડની નકલ, નકશાની નકલ સહિતની સેવાઓ મેળવવામાં વિલંબ થાય છે અને કેટલીક નકલો માટે એક અઠવાડિયાથી વધુ સમય રાહ જોવી પડતી હોવાનો આક્ષેપ છે.આ અંગે વાસ્તવિક સ્થિતિની તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.સાથે કચેરી નજીક શૌચાલયની સફાઈ અને સુવિધા શરૂ કરવા માંગ કરવામાં આવી છે.આહવા સ્થિત કચેરીમાં સફાઈ કામગીરીના અભાવે શૌચાલયની સ્થિતિ કથળી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. શૌચાલયમાં ગંદકીના કારણે તે બંધ કરી તાળું મારવામાં આવ્યું હોવાને કારણે અરજદારો સહિત સામાન્ય લોકોને મુશ્કેલી પડતી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. કચેરીમાં નિયમિત સફાઈ કરાવી શૌચાલયને ફરી ઉપયોગ માટે ખુલ્લું મૂકવાની માંગ કરવામાં આવી છે. રજૂઆતમાં કચેરીની કામગીરી, કર્મચારીઓની હાજરી તથા અરજદારો દ્વારા કરવામાં આવેલી RTI અને જિલ્લા ફરિયાદોની અરજીઓ અંગે પણ યોગ્ય તપાસ કરી જવાબદારો સામે નિયમોનુસાર કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.અંતમાં, આહવા, વઘઈ અને સુબિરની જમીન દફતર નિરીક્ષક કચેરીઓ તાત્કાલિક શરૂ કરવામાં નહીં આવે તો સંબંધિત કચેરીઓ ખાતે વિરોધ પ્રદર્શન અને ધરણાં કરવાની ચીમકી આપવામાં આવી છે. આ અંગેની જવાબદારી જિલ્લા પ્રશાસનની

### સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા કડી તાલુકામાં અંડર-૧૪, ૧૭ અને ૧૯ રમતોત્સવનું આયોજન



રૂપાલી દવે

તાલુકા અને જિલ્લા કક્ષાની અંડર-૧૪, અંડર-૧૭ અને અંડર-૧૯ (ભાઈઓ/ માટેની રમતોત્સવ સ્પર્ધાનું ભવ્ય આયોજન આદર્શ હાઈસ્કૂલ, કડી ખાતે કરવામાં આવ્યું છે. આ રમતોત્સવ અંતર્ગત એથ્લેટિક્સ સ્પર્ધામાં કડી તાલુકાની ચાલીસ કરતાં વધુ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે કડી તાલુકા વ્યાયામ પ્રચારક મંડળના મહામંત્રી શ્રી તુષારગિરી સ્વામી. તથા મંડળના હોદ્દેદારો, તાલુકાના વ્યાયામ શિક્ષકો અને કોચ મિત્રો ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. હેમર થ્રો સ્પર્ધામાં સોલંકી અભય ડી રાજપુર શાળા ના સ્પર્ધક નો પ્રથમ ક્રમાંક 31 મીટર .7.260 કે.જી. નો હેમર થી પ્રાપ્ત થયો આચાર્યશ્રી વિપુલભાઈ પટેલ સાહેબ તથા શાળા પરિવાર રાજપુર સાર્વજનિક કેળવણી મંડળ મંડળ તરફથી ખુબ ખુબ અભિનંદન. તારીખ: ૧૮/૦૮/૨૦૨૬ સ્થળ: આદર્શ હાઈસ્કૂલ, કડી

## અમેરિકામાં ભાવનગરના સિદ્ધાર્થ શેઠનું ક્રિકેટ જગતના દિગ્ગજ સુનીલ ગાવસ્કરના હસ્તે થયેલું ભવ્ય સન્માન



સીએટલ | ભારતના ૮૦ મા સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે અમેરિકાના સીએટલ સ્થિત કોન્સ્યુલેટ જનરલ ઑફ ઈન્ડિયા દ્વારા દેશભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવથી સભર વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત યોજાયેલી રાષ્ટ્રધ્વજ ક્વિઝ' સ્પર્ધામાં ગુજરાત (ભાવનગર) ના સિદ્ધાર્થ અજયભાઈ શેઠ વિજેતા બન્યા હતા.આ સિદ્ધિ બદલ ભારતીય ક્રિકેટ જગતના દિગ્ગજ, પદ્મભૂષણથી સન્માનિત અને 'લિટલ માસ્ટર' તરીકે જાણીતા શ્રી સુનીલ ગાવસ્કરના હસ્તે સિદ્ધાર્થ શેઠનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સીએટલના કોન્સ્યુલ જનરલ ઑફ ઈન્ડિયા શ્રી પ્રકાશ ગુપ્તા સહિત સ્થાનિક મેયર, સાંસદ, વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, સીઈઓ તથા ભારતીય સમુદાયના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.અમેરિકાની ધરતી પર યોજાયેલા આ કાર્યક્રમમાં ભારતીય રાષ્ટ્રીય ગૌરવ અને સાંસ્કૃતિક વારસાની ઉજવણી સાથે ભાવનગરના સિદ્ધાર્થ શેઠને મળેલું આ સન્માન વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

## સોમનાથ મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસ ના પહેલા સોમવારે પૂજન, અર્ચન, પુણ્ય અને પરમાનંદનો માહોલ

નરેન્દ્ર દવે જૂનાગઢ

દેવાધિદેવ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રાવણ મહિનાનો પ્રથમ સોમવાર હોય આજરોજ સોમનાથ મહાદેવના ચરણોમાં ભક્તોનો મહાસાગર ઉમટયો હતો. શિવજીની આરાધનાના મહા પર્વ એવા શ્રાવણ માસના પવિત્ર પ્રથમ સોમવારે સોમનાથ મહાદેવના દર્શન કરી ભક્તિનું ભાથું બાંધવા શ્રદ્ધાળુઓ મધ્ય રાત્રિથી શ્રી સોમનાથ મંદિરના દ્વારે એકઠા થયા હતા. સવારે 04:00 કલાકે મંદિરના દ્વાર



ખુલતાની સાથે ભક્તોનો મહાસાગર છૂટ્યો હતો. હજારો ભક્તો સોમનાથ મહાદેવના દર્શન કરી પૂજા કાર્ય અને યજ્ઞોમાં જોડાયા હતા. ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટીશ્રી પી.કે.લહેરીના હસ્તે સૌપ્રથમ પાલખી પૂજા કરી ઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સોમનાથ તીર્થની પ્રણાલિકા અનુસાર સવારે સોમનાથ મહાદેવની પ્રતિકૃતિ સ્વરૂપે મંદિર પરિસરમાં પાલખી યાત્રા કાઢવામાં આવી હતી જેમાં હજારો ભક્તો જોડાયા હતા.વિક્રમી ધ્વજારોહણ : સમગ્ર દિવસ દરમિયાન શ્રી સોમનાથ મહાદેવની ધર્મધ્વજા ના અહર્નિશ ફરકતી રહી હતી. શ્રી સોમનાથ મહાદેવની ધ્વજા પૂજા અત્યાર સુધીના તમામ વિક્રમ પાર કરીને 91 ધ્વજા પૂજા નોંધાઈ હતી. દર્શન કરનાર ભક્તોમાં મહાદેવની ધ્વજા પૂજાનું અદભુત આકર્ષણ જોવા મળ્યું હતું. સોમનાથમાં પ્રવેશ કરતાની સાથે જ આકાશમાં ફરકી રહેલ સોમનાથ મંદિરનો ધર્મધ્વજ શ્રદ્ધાળુઓના મનમાં અનેરી આસ્થા ઉત્પન્ન કરે છે. સોમનાથ મહાદેવની ધ્વજા પૂજા દાયકાઓથી શ્રદ્ધાળુઓમાં પરમ આસ્થાનું કેન્દ્ર બની રહી છે. ત્યારે આ વખતે શ્રાવણ માસમાં સોમનાથ મંદિર પરિસરમાં સંકીર્તન ભવન ખાતે વિશેષ પૂજન વ્યવસ્થા ઊભી કરી છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભક્તોના પૂજન અનુભવને વધુ ને વધુ ઉત્કૃષ્ટ બનાવવા માટે બહુસ્તરીય આયોજન કરવામાં આવ્યું છે. જેની ફળ શ્રુતિ સ્વરૂપે શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવના દર્શને પધારે છે ત્યારે તીર્થનું ભક્તિમય વાતાવરણ તેઓને આધ્યાત્મિક અને પૂજા કાર્ય માટે પ્રેરણા આપે છે. શ્રાવણ માસના પ્રથમ સોમવારે સોમનાથ મહાદેવને 91 ધ્વજા પૂજા કરવામાં આવી હતી. વેદોક્ત મંત્રોચ્ચાર સાથે વિધીવિધાન થી ધ્વજા પૂજન કરીને ભક્તોએ સોમનાથ મહાદેવના પરમ સાનિધ્યનો અનુભવ કર્યો હતો. કોરોના મહામારી બાદ લોકોમાં આસ્થા વધુ સુદ્રઢ બની હોય તે ગત વર્ષોમાં શ્રદ્ધાળુઓમાં વધતી સંખ્યા અને પૂજા કાર્ય પ્રત્યેના ઉત્સાહ થી અનુભવી શકાય છે. ઉલ્લેખનીય છે કે સાંજે 6:00 વાગ્યા સુધીમાં 1.43 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા.

મહા મૃત્યુંજય યજ્ઞની આહુતિઓ- 5 7 0 0 0 +
સોમેશ્વર પૂજા - 73
રુદ્રાભિષેક - 937
પાઠાત્મક લઘુરૂદ્ર - 32

### જેસીઆઈ જુનાગઢ દ્વારા તેજસ પ્રાઈમરી સ્કૂલ ખાતે 80 માં સ્વાતંત્ર પર્વની ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ | તેજસ પ્રાઈમરી સ્કૂલ ખાતે જેસીઆઈના પ્રમુખ જગદીશ મદનાણી દ્વારા ધ્વજવંદન કરી આઝાદીના પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. જેસીઆઈ જૂનાગઢના ડાયરેક્ટર કિશોરભાઈ ચોટલીયા દ્વારા વિદ્યાર્થીઓને આઝાદી કેવી રીતે મળી અને શહીદોને



યાદ કરીને વિદ્યાર્થીઓને દેશમાં સ્વચ્છતા પર્યાવરણનું જતન જેવી પ્રવૃત્તિઓ કરી ને પણ દેશ સેવા કરી શકાય એમ જણાવી શુભેચ્છાઓ પાઠવેલ, ખજાનચી વિરલ કડેચા દ્વારા જેસીઆઈ દ્વારા વ્યસન મુક્તિ કાર્યક્રમ વિશે માહિતી આપી પેમ્પલેટ વિતરણ કરેલ, વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિની અનેક પ્રતિકૃતિ રજૂ કરવામાં આવેલ અને તેમાં જેસીઆઈ જુનાગઢ દ્વારા તમામ વિદ્યાર્થીને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવેલ.તેજસ પ્રાઈમરી સ્કૂલના સંચાલકો શ્રી કેતનભાઈ વેગડ તથા તેજસભાઈ વેગડ આચાર્ય શ્રીમતી રૂપલબેન વેગડ તથા શ્રીમતી હર્ષાબેન વેગડ તેમજ તેમના સ્ટાફ દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમને અંતે જેસીઆઈ દ્વારા દરેક વિદ્યાર્થી માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**તેરા તુજકો અર્પણ અંતર્ગત અરજદારના રાજુલા ટાઉન વિસ્તારમાં ખોવાયેલ**

## સોનાના દાગીના બુટી નંગ-૦૨ કિ. રૂ.૨,૧૦,૦૦૦/- ની CCTV કેમેરાની મદદ તેમજ હ્યુમન સ્ત્રોતથી શોધી મુળ માલીકને પરત અપાવતી રાજુલા પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર રેન્જ આઇ.જી શ્રી આર. વી.અસારી સાહેબ, ભાવનગર વિભાગ, ભાવનગર નાઓએ ભાવનગર રેન્જના જિલ્લામાં બનતા મિલ્કત સબંધીત ગુમના બનાવમાં ત્વરિતપણે પગલાં લઇ ગુમ થયેલ મિલ્કત શોધી મુળ માલીકને પરત કરવાં 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ સાર્થક કરવાં સુચના આપેલ હોય, જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત સાહેબ નાઓએ જિલ્લાના જુદા જુદા પો.સ્ટે વિસ્તારમાં લોક ભાગીદારીથી લગાડેલ CCTV કેમેરાઓની મદદથી ચોરી, વાહન અકસ્માત જેવાં બનાવો બને ત્યારે CCTV કેમેરાના ફુટેઝ ચેક કરી આવા બનાવો ઉકેલી નાગરીકોને મદદરૂપ થવાં સુચના અને માર્ગદર્શન આપેલ હોય, ગઈ તા.૧૫/૦૮/૨૦૨૬ ના રોજ અરજદાર અજીજભાઇ સિરાજભાઇ મલ્લીક રહે. રાજુલા વોરાવાડ તા.રાજુલા વાળા જેઓ બંગાળી કારીગર હોય અને તેઓ રાજુલાના વેપારીઓને મજુરીથી સોના ચાંદીના દાગીના બનાવી આપતા હોય જે પૈકી રાજુલાના એક વેપારીએ અરજદારને સોનાની બુટી નંગ-૦૨ બનાવવા ઓર્ડર આપેલ હોય જે સોનાની બુટી તૈયાર થઇ જતાં અરજદાર વેપારીને ડીલીવરી કરવાં માટે તેઓની દુકાને જતા હતા તે દરમ્યાન અરજદારના ખિસ્સામાંથી સોનાની બુટી નંગ-૦૨ ભરેલ નાનુ બોક્સ રાખેલ તે બોક્સ ક્યાંક પડી ગયેલ હતુ. અને તેઓએ તેમની રીતે શોધતા મળેલ ન હોય જેથી તેઓએ રાજુલા પોલીસને જાણ કરેલ અને કહેલ કે, સાહેબ હું નાનો માણસ છુ અને મારાથી સોનાની બુટી નંગ-૦૨ મુકેલ નાનુ બોક્સ પડી ગયેલ છે અને તેની કિંમત રૂ.૨,૧૦,૦૦૦/- છે તે શોધી આપો. નહીં મળે તો આ પૈસા મારે ભરપાઇ કરવાં પડશે.જે અનુસંધાને રાજુલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક શ્રી નયના ગોરડીયા સાહેબ ના માર્ગદર્શન હેઠળ રાજુલા પો.સ્ટે.ના પો.ઈન્સ શ્રી વી.એમ. કોલાદરા સાહેબ ની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા પોલીસ સ્ટાફને બનાવ સમયના CCTV ચેક કરવાં અને અરજદારના ખોવાયેલ સોનાના દાગીના પરત અપાવવાં માર્ગદર્શન આપેલ હોય, જે



આધારે રાજુલા ટાઉન બીટ ઈન્ચાર્જ બી. એમ.વાળા તથા પો.કોન્સ અમીતભાઇ તુળસીભાઇ મકવાણા તથા પોલીસ સ્ટાફે રાજુલા ટાઉન વિસ્તારમાં જઇ પુછપુરછ કરી અલગ અલગ જગ્યાના સી.સી.ટી.વી ફુટેઝ તેમજ હ્યુમન સ્ત્રોત ઉભા કરી માહિતી મેળવતા એક અજાણી ભિક્ષુક મહીલા આ પડી ગયેલ દાગીના નીચે નમીને લેતી જણાઇ આવેલ. જેથી રાજુલા શહેરમાં ભિક્ષાવૃતિ કરતાં લોકોને અજાણી ભિક્ષુક મહીલા બાબતે પુછપુરછ કરતાં જણાઇ આવેલ કે, આ અજાણી ભિક્ષુક મહીલા રાજુલા વિસ્તારમાં રહેતી નથી અને રાજુલામાં પહેલીવાર આવેલ છે. તેમ જણાવતા હોય જેથી હ્યુમન સ્ત્રોત ઉભા કરી તે અજાણી ભિક્ષુક મહીલાને રાજુલા ગ્રામ્ય વિસ્તારમાંથી શોધી મહીલાની પુછપુરછ કરતાં તેઓએ જણાવેલ કે, તેઓને એક બુટી ભરેલ નાનુ બોક્સ મળેલ છે પરંતુ તેઓને આ બુટી સાચી છે કે ખોટી તેની ખબર નથી પરંતુ તેને બોક્સ રસ્તામાં પડેલ મળેલ હોવાથી પોતાની પાસે રાખેલ હોવાનું જણાવેલ. જેથી બોક્સમાં રહેલ સોનાની બુટી નંગ-૦૨ કિ.રૂ.૨,૧૦,૦૦૦/- અજીજભાઇ સિરાજભાઇની હોવાની ખરાઇ કરી મુળ માલીકને પરત સોંપી ''તેરા તુજકો અર્પણ'' સુત્રને સાર્થક કરવામાં આવેલ છે.આમ રાજુલા પો.સ્ટે.ના જુદા જુદા વિસ્તારમાં લોક ભાગીદારીથી લગાડેલ CCTV કેમેરાઓની મદદ તેમજ હ્યુમન સ્ત્રોત આધારે અરજદાર અજીજભાઇનું સોનાની બુટી નંગ-૨ ભરેલ નાનુ બોક્સ પરત શોધી આપી, પોલીસ ખરેખર પ્રજાનો મિત્ર છે તે સુત્રને સાર્થક કરેલ હોય, અરજદાર અજીજભાઇ સિરાજભાઇએ રાજુલા પોલીસ સ્ટાફનો આભાર માન્યો હતો.કામગીરી કરનાર અધિ.શ્રી/ ક ર્મ ચા રી ઓ આ કામગીરી રાજુલા પો.સ્ટેના પો.ઈન્સ શ્રી વી.એમ.કોલાદરા સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનના ટાઉન બીટ ઇન્ચાર્જ ભરતભાઇ મુહાભાઇ વાળા તથા હેડ.કોન્સ સુરજભાઇ સોમાતભાઇ બાંભણીયા, તથા હેડ.કોન્સ પ્રકાશભાઇ શામજીભાઇ બાબરીયા તથા પો.કોન્સ અમીતભાઇ તુળસીભાઇ મકવાણા તથા પો.કોન્સ શંભુભાઇ લાભુભાઇ વાઘેલા દ્વારા કરવામાં આવેલ છે.

## સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત શિવતત્ત્વ અનુસંધાન પીઠ દ્વારા શ્રાવણે શિવસપર્યા" દ્વિ-દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠી યોજાઇ



નરેન્દ્ર દવે | જૂનાગઢ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના શિવતત્ત્વ અનુસંધાન પીઠ દ્વારા સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત "શ્રાવણે શિવસપર્યા" વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠી યુનિવર્સિટીના "પ્રભાસ જ્યોતિ" શૈક્ષણિક કક્ષ ખાતે યોજાઇ ગયો. શ્રાવણ માસ ભગવાન શિવની આરાધના, ઉપાસના અને અવસરને અનુરૂપ રાષ્ટ્રીય સંગોષ્ઠી શિવતત્ત્વ, શિવભક્તિ, શૈવ પરંપરા, સંસ્કૃત વાઙ્મય તથા ભારતીય જ્ઞાનપરંપરામાં શિવના વિવિધ સ્વરૂપોનું શાસ્ત્રીય, સાંસ્કૃતિક, ઐતિહાસિક અને સંશોધનાત્મક અધ્યયન કરવાનો અભિગમ હોય સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના ૨૦ વર્ષની ઊજવણી નિમિત્તે યોજાયેલ દ્વિ-દશાબ્દી કાર્યક્રમ અષ્ટક પ્રતિવેદન (Report) ""નું વિમોચન કરવામાં આવ્યું. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. સુકાન્તકુમાર સેનાપતિએ અધ્યક્ષીય વાત કરતા જણાવ્યુ હતુ કે "" નામથી વિમોચન થયેલ કાર્યક્રમાષ્ટક પ્રતિવેદન અત્યંત ગંભીર અને ગૂઢ છે. સ્વાધ્યાય, પ્રશિક્ષણ, સંશોધન અને પ્રકાશનમાં પ્રતિવર્ષ ઉત્કર્ષ છાત્રકેન્દ્રિત રહ્યો છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણે પ્રાસંગિક વાત કરતા જણાવ્યુ હતુ કે સંસ્કૃતના અભ્યાસ વિના ભારતીય જ્ઞાન અધૂરું છે. સ્વીકૃતિનો બોધપાઠ સંસ્કૃતિ સાહિત્યના અભ્યાસ થકી પ્રાપ્ત થાય છે. મુખ્ય અતિથિ ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી, ભુજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રો. કશ્યપ ત્રિવેદીએ કહ્યું કે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના દિવસથી આ યુનિવર્સિટીના દરેક કાર્યમાં જોડાવાની તક એટલે મારી શ્રાવણ માસની શિવતપર્યા.શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાના કુલપતિ પ્રો. હરિભાઈ કાતરિયાએ ઉપસ્થિત રહી ઉદ્ઘાટન પ્રસંગે પોતાના વિચારો રજૂ કરી કહ્યું કે સંસ્કૃત ભાષાના જ્ઞાન થકી સમાજ ઉપયોગી સાહિત્ય નિર્માણ કરવા સાથે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી વચ્ચે થયેલ MoU વધુ સુદ્રઢ બનાવવા એક સેમિનાર શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી મુકામે કરવાં ઘોષણા કરી હતી. સાવિત્રીબાઈ ફુલે પુણે યુનિવર્સિટી, પુણેના સંસ્કૃત અને પ્રાકૃત ભાષા વિભાગના પ્રો. દિનેશ રસાળે કહ્યું કે શ્રાવણે શિવસપર્યા વિષય અત્યન્ત અન્ત:કરણીય અને પ્રિય છે. પ્રત્યેક જીવ સ્વયં શિવ બનીને આરાધના કરે તેમ શાસ્ત્રનું વચન છે. જીવથી શિવની યાત્રા એટલે શ્રાવણ માસમાં શિવસપર્યા. યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. મહેશકુમાર મેતરાએ મંચસ્થ સૌનો પરિચય કરાવી સેમિનારની પ્રસ્તાવના પ્રસ્તુત કરી હતી.. આચાર્ય નરેન્દ્રકુમાર પંડ્યા માર્ગદર્શક તરીકે ઉપસ્થિત રહ્યા. પ્રભારી શોધનિયામક ડૉ.ડી.એમ.મોકરીયા અને આ સેમિનારના આયોજક તરીકે ઉપસ્થિત રહ્યા અને અંતે તેમણે સૌનો આભાર વ્યક્ત કર્યો. સંગોષ્ઠીના સંયોજક ડૉ. મંગલવર્ધનદાસ સાધુએ ઉદ્ઘાટન સમારોહમાં સફળતાપૂર્વક મંચ સંચાલન કર્યું. યુનિવર્સિટીના અધિકારીઓ, કર્મચારીઓ, અધ્યાપકો, શોધાર્થીઓ, વિવિધ ક્ષેત્રોના વિદ્વાનો તથા સહ-સંયોજકશ્રી ભાવિનકુમાર કે. પંડ્યા સહિત ૨૫૦ જેટલાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં. તે પૈકી ૧૪૫ જેટલા રજિસ્ટ્રેશન નોંધાયા.

# ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ આચાર્ય પારિતોષિત માટે પસંદગી પામતા સરસ્વતી હાઈસ્કુલ પાલનપુર ના આચાર્યશ્રી નરેન્દ્રસિંહ પી દેવડા

આ વર્ષે જાહેર થયેલ ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ આચાર્ય પારિતોષિક અંતર્ગત વડગામ તાલુકાના નળાસર ગામના વતની અને શ્રી રાજપૂત કેળવણી સહાયક મંડળ સંચાલિત માતુશ્રી એસ.બી.ચાવડા સરસ્વતી હાઈસ્કૂલ, પાલનપુરના આચાર્યશ્રી નરેન્દ્રસિંહ પી.દેવડા ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ આચાર્ય એવોર્ડ માટે પસંદગી પામેલ છે. અત્રે ઉલ્લેખનિય છે કે સમગ્ર ગુજરાત માંથી શ્રેષ્ઠ આચાર્ય એવોર્ડ માટે પસંદગી પામેલ સાત આચાર્યશ્રીઓ પૈકી શ્રી નરેન્દ્ર સિંહ પી દેવડાની સમગ્ર ઉત્તર ઝોન માથી પસંદગી કરવામાં આવી છે જેઓને આગામી પાંચ સપ્ટેમ્બરના રોજ મા. રાજ્યપાલશ્રીના હસ્તે આ એવોર્ડ પ્રાપ્ત થશે નિષ્ઠા, નેતૃત્વ અને શિક્ષણ પ્રત્યેની સમર્પણભાવનાને મળેલું આ ગૌરવ બનાસકાંઠા શિક્ષણ જગત માટે ગર્વની ક્ષણ છે.




# તિરંગાની શાન સાથે મોટીધુફીમાં જીવંત થઈ ગામઠી સંસ્કૃતિ ૮૦મા સ્વાતંત્ર્ય પર્વે જૂની રમતોમાં જોવા મળ્યો ઉમંગ





જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

અબડાસા તાલુકાના મોટીધુફી ગામની પ્રાથમિક શાળા ખાતે ભારતના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી રાષ્ટ્રપ્રેમ, ઉત્સાહ અને ઉમંગભેર કરવામાં આવી હતી. સમગ્ર શાળા પરિસર દેશભક્તિના રંગે રંગાયું હતું અને તિરંગાની શાન સાથે 'વંદે માતરમ્' તથા 'જય હિન્દ'ના નાદ ગુંજી ઉઠ્યા હતા. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને માત્ર ધ્વજવંદન પૂરતી મર્યાદિત ન રાખી ગામડાની ભૂલાતી જતી પરંપરા અને જૂની રમતોને ફરી જીવંત કરવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. ભાઈઓ તેમજ વડીલો દ્વારા રસ્સાખેંચ સહિતની પરંપરાગત રમતો રમવામાં આવી હતી. વર્ષો જૂની આ રમતોમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લેતાં વાતાવરણમાં આનંદ અને બાળપણની યાદોની રંગત છવાઈ ગઈ હતી. આ પ્રસંગે હરિસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, "સ્વાતંત્ર્ય દિવસ દેશ માટે બલિદાન આપનાર વીરોને યાદ કરવાનો અને નવી પેઢીમાં દેશભક્તિની ભાવના જગાવવાનો પાવન અવસર છે. મોટીધુફીમાં જૂની પરંપરાગત રમતોનું આયોજન કરી વડીલો અને યુવાનોને એકસાથે જોડવાનો પ્રયાસ પ્રશંસનીય છે. આવી રમતો આપણી ગ્રામ્ય સંસ્કૃતિ અને ઓળખનો અમૂલ્ય વારસો છે, જેને નવી પેઢી સુધી પહોંચાડવો આપણી સૌની જવાબદારી છે." 'મારી માટી, મારો દેશ - માટીને નમન, વીરોને વંદન' ના સંદેશ સાથે યોજાયેલી આ ઉજવણીમાં રાષ્ટ્રપ્રેમ સાથે ગામઠી સંસ્કૃતિની સુંદર ઝલક જોવા મળી હતી.

# કોઠંબા ટીડીએ કોઠંબા, લાડવેલ અને કોઠંબા પાલ્લા આંગણવાડીની મુલાકાત લીધી



મહીસાગર: જગદીશ ત્રિવેદી

કોઠંબા તાલુકા વિકાસ અધિકારી જી.જી.ઝાલા દ્વારા કોઠંબા તાલુકાના કોઠંબા, લાડવેલ અને કોઠંબા પાલ્લા આંગણવાડી કેન્દ્રોની અચાનક મુલાકાત લેવામાં આવી. મુલાકાત દરમિયાન TDO સાહેબે આંગણવાડી કેન્દ્રોમાં ગુલેઈન બેર સીન્ડ્રોમ (જીબીએસ)બાબતે બાળકો, માતાઓ અને કાર્યકર બહેનોને માહિતગાર કર્યા હતા. GBSના લક્ષણો, બચાવના ઉપાયો અને સ્વચ્છતા જાળવવાના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.
આ સાથે જ કેન્દ્રોની સ્વચ્છતા, પીવાના પાણી, પોષણયુક્ત આહાર અને રેકોર્ડની પણ ચકાસણી કરવામાં આવી હતી. મુલાકાતના અંતે ટીડીઓના હસ્તે બાળકોને ફળ વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.આ તકે આંગણવાડી કાર્યકર બહેનો, તેડાગર બહેનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છની ધરતીના રહસ્યો ઉઘાડનારા સંશોધકનું કચ્છી અજરખથી સન્માન



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ યુનિવર્સિટી, ભુજના જીયોલોજી વિભાગના ડો. ગૌરવ ચૌહાણ સાથે લખપતના ઓસમાણ નોતિયારએ સૌજન્ય મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન કચ્છની પ્રાચીન, ઐતિહાસિક અને ભૂગર્ભીય ધરોહર અંગે મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી.
ડો. ગૌરવ ચૌહાણ દ્વારા કચ્છની અનેક જૂની અને મહત્વપૂર્ણ સાઈટો પર સંશોધન કરવામાં આવ્યું છે. કચ્છની ધરતીમાં રહેલા ભૂગર્ભીય ઈતિહાસ અને પ્રાકૃતિક વારસાને સંશોધનના માધ્યમથી સમજવા તથા લોકો સુધી પહોંચાડવા અંગે મુલાકાત દરમિયાન ચર્ચા થઈ હતી.
કચ્છમાં ગાઈડ ટ્રેનિંગના કાર્યમાં સહયોગ બદલ ઓસમાણ નોતિયાર દ્વારા ડો. ગૌરવ ચૌહાણનું કચ્છની પરંપરાગત ઓળખ સમાન કચ્છી અજરખથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કચ્છની સંસ્કૃતિ અને સંશોધન ક્ષેત્ર વચ્ચેના સુંદર સમન્વયની ઝલક જોવા મળી હતી.
પ્રકૃતિ અને વારસાના નિષ્ણાતોની ઉપસ્થિતિ આ સૌજન્ય મુલાકાત દરમિયાન પક્ષી નિષ્ણાંત નવીન બાપટ તથા લિયાકતઅલી નોતિયાર પણ સાથે રહ્યા હતા. કચ્છના ભૂગર્ભીય, ઐતિહાસિક અને કુદરતી વારસાને પ્રવાસન તથા ગાઈડ તાલીમ સાથે જોડીને વધુ અસરકારક રીતે લોકો સુધી પહોંચાડવા અંગે પણ વિચારોનું આદાન-પ્રદાન થયું હતું.
કચ્છની ધરતીમાં સમાયેલા અમૂલ્ય વારસાના સંશોધન, સંરક્ષણ અને પ્રચાર-પ્રસાર માટે આવા સંવાદો આગામી સમયમાં મહત્વપૂર્ણ સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# પાણીજન્ય રોગચાળો અટકાવવા નખત્રાણા તાલુકામાં આરોગ્ય વિભાગનું સઘન સર્વેલન્સ



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકામાં શંકાસ્પદ પાણીજન્ય રોગચાળાને પગલે આરોગ્ય વિભાગ દ્વારા સઘન તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે. CDHO તથા EMO સાહેબના આદેશ અને તાલુકા હેલ્થ ઓફિસરશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેશલપર (ગુંતલી)ની ટીમો દ્વારા લુડબાય, લુડબાય પાટિયા, મુરુ, વજીરા વાંઢ, ભંભારા વાંઢ, ઢોરો તથા ઉઠંગડી સહિતના વિસ્તારોમાં હાઉસ-ટુ-હાઉસ સર્વેલન્સ હાથ ધરાયું હતું.
આરોગ્ય ટીમો દ્વારા ઘરે-ઘરે મુલાકાત લઈ શંકાસ્પદ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી અને જરૂરી સારવાર આપવામાં આવી હતી. સાથે જ ક્લોરીન ટેસ્ટ, ક્લોરીન ટેબલેટ તથા ORSનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગામોમાં પોરાનાશક તથા MLO કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. ઢોરો ગામમાં શંકાસ્પદ ટાઈફોઈડના કેસોની માહિતી મળતા તાલુકા હેલ્થ ઓફિસર શ્રી પ્રસાદ સાહેબ, TMPS શ્રી રીયાઝભાઈ તથા MTS શ્રી અંજનીભાઈએ ગામની હાઉસ-ટુ-હાઉસ મુલાકાત લઈ સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. ગ્રામજનોને સ્વચ્છતા અને પાણીજન્ય રોગોથી બચવાના ઉપાયો અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. પાણીજન્ય રોગચાળો અટકાવવા પીવાના પાણીના સ્ત્રોતોની પણ તપાસ કરવામાં આવી હતી. ઢોરો ગામમાં ઉગેડીથી સપ્લાય થતા પાણીના ટાંકા, ઢોરો ગામના પાણીના ટાંકા તેમજ લુડબાય ગામના પાણીના ટાંકા ખાતે સુપર ક્લોરીનેશનની કામગીરી કરાવવામાં આવી હતી.સમગ્ર કામગીરીનું મોનિટરિંગ અને સુપરવિઝન MPHS શ્રી મુકેશભાઈ શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું..

# રાષ્ટ્રિય વસ્તી ગણતરી કાર્યક્રમમાં જોડાયેલા ચાણસ્મા તાલુકાના શિક્ષકોને વળતર રજાઓ મંજૂર કરવામાં વિલંભ થતાં સારસ્વતોમાં કચવાટ

નિતીન ઠાકર ચાણસ્મા

રાષ્ટ્રીય વસ્તી ગણતરી કાર્યક્રમ તાજેતરમાં જ પ્રથમ તબક્કાનો યોજાઈ ગયો પાટણ જિલ્લામાં લગભગ તમામ તાલુકામાં તે બાબતની વળતર રજા નો પરિપત્ર થઈ ગયો પણ હજી સુધી ચાણસ્મા તાલુકા નો પરિપત્ર કરવામાં આવ્યો નથી શા કારણે આ વિલંબ થયો છે એ સમજાતું નથી શિક્ષકો આતુરે રાહ જોઈ રહ્યા છે પણ પ્રાથમિક શૈક્ષિક મહાસંગ દ્વારા પણ વારંવાર રજૂઆત કરવામાં આવી છે પણ આજ દિન સુધી તેના માટે કોઈ મામલતદાર કચેરી અને નગરપાલિકા દ્વારા કોઈપરિપત્ર કરવામાં આવેલ નથી જ્યારે ફરજ ની વાત આવે ત્યારે શિક્ષકો ઉપર દબાણ કરવામાં આવે છે અને જ્યારે હક માગવાનો આવે ત્યારે કચેરીઓ દ્વારા ગમે તેવી રજૂઆત સાંભળવામાં આવતી નથી આજે તેઓને આ બાબતે ચાણસ્મા તાલુકા ના શિક્ષક આલમમાં કચવાટ જોવા મળે છે

## મામલતદાર શું કહે છે

. રાષ્ટ્રિય વસ્તી ગણતરી કાર્યક્રમમાં ઉપીયોગમાં લેવામાં આવેલ શિક્ષકોએ કેટલા દિવસ કામ કર્યું તેના પ્રમાણપત્ર મામલતદાર કચેરી થી આપવાના હોય છે જે શિક્ષણ વિભાગને આપી દેવાયા છે બાકી વળતર રજાઓ અંગે શિક્ષણ વિભાગ દ્વારા કામગીરી થતી હોવાનું જણાવ્યું હતું
. જ્યારે ટીપીઓનો ટેલીફોનીક સંપર્ક કરવાનો પ્રયત્ન કરાતાં થઈ શક્યો નથી

# સંખેડા ખાતે સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જયંતિ નિમિત્તે 'સમરસતા સંકલ્પ અભિયાન' અંતર્ગત કળશ વિતરણ સમારંભ યોજાયો

કમલેશ પટેલ. સંખેડા

સંખેડા ખાતે સંત શિરોમણી શ્રી ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જયંતિ નિમિત્તે 'સમરસતા સંકલ્પ અભિયાન' અંતર્ગત કળશ વિતરણ સમારંભ યોજાયો. આ કાર્યક્રમ શ્રી સ્વામિનારાયણ મંદિર, પંચેશ્વર, સંખેડા ખાતે યોજાયો હતો.
કાર્યક્રમમાં સ્વામિનારાયણ મંદિર પંચેશ્વરના કોઠારી શ્રી ધર્મપ્રકાશ સ્વામીજી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, જિલ્લા મહામંત્રી શ્રી પુષ્કરભાઈ પટેલ, સહ-ઈન્ચાર્જ શ્રી વિનોદભાઈ સક્સેના, સંખેડા મંડળના મહામંત્રી શ્રી શૈલેષભાઈ વસાવા અને શ્રી દેવસિંહભાઈ ભરવાડ, ઉપપ્રમુખ જયેશ રોય, એસટી મોરચાના મહામંત્રી રાહુલભાઈ તડવી પણ હાજર રહ્યા હતા.
સંખેડા તાલુકા પંચાયતના પ્રમુખ, તાલુકા તથા જિલ્લા પંચાયતના સદસ્યો, સરપંચો, બુથ પ્રમુખો, પ્રભારીઓ અને



વિવિધ મોરચાના કાર્યકર્તાઓ સહિત અનેક આગેવાનોએ પણ આ પ્રસંગે હાજરી આપી હતી. સમારંભ દરમિયાન કળશ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંત ગુરુ રવિદાસ મહારાજના સમરસતા, સમાનતા, સેવા અને ભાઈચારાના સંદેશને જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ લેવામાં આવ્યો.
ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, સમરસતા માત્ર એક વિચાર નથી, પરંતુ સમાજને એકતાના તાંતણે જોડતી જીવનપદ્ધતિ છે. તેમણે ઉમેર્યું કે, સંત ગુરુ રવિદાસ મહારાજે સમાજમાં સમાનતા, માનવતા અને ભાઈચારાનો જે સંદેશ આપ્યો છે, તેને સાકાર કરવા સૌએ સાથે મળીને કાર્ય કરવાનો સંકલ્પ લેવો જોઈએ. આ કાર્યક્રમમાં સંખેડા તાલુકાના સંગઠનના હોદ્દેદારો, વિવિધ મોરચાના કાર્યકર્તાઓ અને આગેવાનોની નોંધપાત્ર હાજરી જોવા મળી હતી. કાર્યક્રમમાં 'સમરસતા એ સમાજની શક્તિ, સેવા એ સંસ્કાર અને એકતા એ વિકાસનો આધાર' જેવા સંદેશાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# રાજપીપલા પાલિકા પ્રમુખ ના વોર્ડ માં બેસુમાર ગંદકી, મંદીર પાસે ઉભરાતી ગટર C.O .ના ધ્યાન પર આવતા સફાઈ કરાવી





સત્યવલંબા બારોટ

રાજપીપલા નગરપાલિકા વૉર્ડ નં -4 કે જે પ્રમુખ નો વોર્ડ છે તે વોર્ડ માં ઉભરાતી ગટરો ને કારણે. પાલિકાતંત્ર ની સ્વચ્છતા પ્રત્યેની બેદરકારી બહાર આવવા પામી હતી ,પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા માં વોર્ડ નં -4 જે પ્રમુખ નો વોર્ડ ગણાય છે ત્યાં મહાલક્ષ્મી મંદિર પાસે છેલ્લા કેટલાય દીવસો થી સાફસફાઈ ને અભાવે ગટરો માં કચરો જમા થતા ગંદુ પાણી ભરાતા રસ્તા પર પાણી વહેતુ હતું . જેને કારણે મંદિર માં જવું હોય તો ગંદા પાણી માં થઈને જવું પડે . ઉભરાતી ગટર ની સામેજ મસ્જિદ પણ આવેલી છે . આમ જાહેર રસ્તા ની ઉભરાતી ગટરો ને કારણે પાલિકા તંત્ર ની સ્વચ્છતા પ્રત્યે ની લાપરવાહી બહાર આવવા પામી હતી . આશ્ચર્ય ની વાત એ છે કે મહાલક્ષ્મી મંદીર સામેજ રહેતા પાલિકા ના નિવૃત સેનેટરી ઈન્સ્પેકટર મુકેશ બ્રહ્મભટ્ટે પાલિકા કચેરીએ અવાર નવાર જાણ કરવા છતાં સફાઈ નહિ થતા આખરે તેમણે સોસીયલ મીડિયા પર ગંદકી નો વિડિઓ વાયરલ કર્યો જે વિડીયો એક જાગ્રત નાગરિકે નવનિયુક્ત ચીફ ઓફિસર ને મોકલતા ચીફ ઓફિસર વૈશાલી વરિયા એ તાત્કાલિક ટિમ મોકલી વિસ્તાર ની સાફસફાઈ કરાવી હતી . જોકે હજુ પણ આ વિસ્તાર ની ગટરો ગંદકી થી ખદબદે છે . અત્રે નોંધનીય છેકે ચીફ ઓફિસર વૈશાલી વરિયા એ હોદ્દો ગ્રહણ કરતાજ શહેર ની સ્વચ્છતા કામગીરી પર ભાર મુક્યો છે અને જાહેર રસ્તા પર ના દબાણો દૂર કરવા દુકાનદારો ને નોટિસો ફટકારી છે.

# ડ્રેગન ફ્રૂટ(કમલમ)



- રુપાલી દવે

જે રીતે કંકોડા ને સુપર શાક માનવા માં આવે છે એ જ રીતે ડ્રેગન ફ્રૂટ ને સુપર ફ્રૂટ કહેવામાં આવે છે.આ ફ્રુટ માં પ્લેટ લેટ સુધરવા ની કાચા પપૈયા ના પાન ની જેવી તાકાત હોય છે.૨૦૧૯માં મારા દિકરા ને લિવર માં ડેન્ગ્યુ થયો ત્યારે દવાઓ,ઇન્જેક્શન,બાટલાઓ સાથે અનેકો અનેક ઉપાય કરવા છતાંય એના શરીર માં પ્લેટલેટ અમુક ચોક્કસ આંકડા વધવા ને બદલે ઘટતા હતા.ડેન્ગ્યુ લીવર માં હતો એટલે બ્લિડિંગ ના ચાન્સ ને લીધે અમે વધારે ચિંતિત હતા.પ્લેટલેટ ની સમસ્યા ના કારણે ડોક્ટર પણ અન્ય જગ્યા એ શિફ્ટ કરવાનું રિસ્ક લેવા માંગતા નહતા.આ ક્રૂસિયલ સમય માં દિકરા ના ખબર અંતર પૂછવા આવેલ સબંધી એ ડ્રેગન ફ્રૂટ ના ફાયદાઓ વિશે જાણકારી આપી ને દિકરા ને ડ્રેગન ફ્રૂટ આપવા સમજાવ્યું ત્યારે દીકરા એ આનાકાની ખૂબ કરી હતી પણ આશ્ચર્ય વચ્ચે બે ડ્રેગન ફ્રૂટ ખાધા બાદ પ્લેટલેટ એના નીચેના આંકડા થી વધતા દિકરા ના ચહેરા પર તાજગી અને તેજ દેખાવવા લાગ્યું હતું.ઘણી વખત આપણે ફ્રુટ ને વિના જાણીએ જજ કરી લેતા હોઈએ છીએ પણ કુદરત એ એના સર્જન ની સ્વાસ્થ્ય સુખાકારી માટે વિપુલ પ્રમાણ માં અર્ષધિઓ નું નિર્માણ કર્યું હોય છે.ક્યારેય ડ્રેગન ફ્રૂટ જોયું જ ન હોય એવું નહતું શાકભાજી વાળા ની દુકાન માં અન્ય ફ્રૂટ સાથે ડ્રેગન ફ્રૂટ પણ હોય છે. ડ્રેગન ફ્રૂટ એ દક્ષિણ અમેરિકા અને મેક્સિકો ના પ્રદેશો માં ઊગતું ફ્રુટ છે જેનું બીજું નામ પિટાયા પણ છે.હાલ માં ભારત માં કમલમ નામે ઓળખાતા ડ્રેગન ફ્રૂટ ની ખેતી બહોળા પ્રમાણ માં થઈ રહી છે. પ્રથમ વખત ડ્રેગન ફ્રૂટ ને જોયું ત્યારે કંટાળા થોર પર ઊગતા લાલ કલર ના જીંડવા જેવું લાગતું હતું. આ બહાર થી સખત લાગે છે પણ એની અંદર નો લાલ કલર નો માવો સ્વીટ સોફ્ટ ને આયર્ન થી ભરપૂર હોય છે. ડ્રેગન ફ્રૂટ નો પીસ મોં માં મૂકતા જ તુરંત ઓગળી જાય છે. આ કારણોસર એના પોષક તત્વો લોહી માં જલ્દી ભળી જતા હોવાથી રક્ત કણોની સંખ્યા ઝડપી વધારવા માં મદદ રૂપ બને છે. ડ્રેગન ફ્રૂટ ( કમલમ) ની ખેતી : આ ફ્રુટ નું વાવેતર જૂન જુલાઈ મહિનામાં અથવા ફેબ્રુઆરી માર્ચ મહિનામાં થાય છે. એક વખત નું વાવેતર એ ૨૦-૨૫ વર્ષ સુધી સતત સારો નફો ખેડૂત ને આપે છે. ગરમ અને સૂકા વાતાવરણ માં ઊગતા ડ્રેગન ફ્રૂટ ના ગેર ફાયદા કરતા ફાયદાઓ વધારે છે.

**ફાયદાઓ :** ૧ ડ્રેગન ફ્રૂટ માં વિટામિન સી અને એન્ટી ઓક્સિડન્ટ ભરપુર માત્રામાં હોવાના લીધે શરીર ની રોગ પ્રતિકારક શક્તિ માં વધારો કરે છે.
૨ ભારત માં અત્યારે મેંદા થી બનતી ચીજ વસ્તુઓ વધારે ખવાતી હોવા ના લીધે દર દસ બાળક માં ૪ થી ૫ બાળક માં કબજિયાત ની સમસ્યા સામન્ય હોય છે.



ડ્રેગન ફ્રૂટ માં ફાઈબર ની માત્રા વધારે હોવાથી ચયાપચય ની પ્રકિયા ને ઝડપી બને છે ને કબજિયાત ના રોગ માંથી મુક્તિ મેળવી શકાય છે.
૩ કોરોના કાળ ના કપરા સમય બાદ જે રોગ ને રાજ રોગ કે પેઢીગત માનવા માં આવતો હતો એ કેલેસ્ટ્રોલ દર દસ એ સાત આઠ ૫૦ વર્ષ ના લોકોના બ્લડ રિપોર્ટ માં આવતો હોય છે. સામન્ય રીતે આપણા શરીર માં બેડ અને ગુડ એમ બે પ્રકારે કેલોસ્ટ્રોલ ના આંકડા બ્લડ રિપોર્ટ માં આવતા હોય છે.શરીર માંથી ખરાબ કેલેસ્ટ્રોલ ઘટાડી ને ડ્રેગન ફ્રૂટ એ હાર્ટ ને મજબુત બનાવે છે.
૪ વર્તમાન સમયમાં રાજરોગ ગણાતા ડાયાબિટીસ એ નાના બાળકો થી લઈને યુવાનોના શરીર માં કબજો જમાવી દીધો છે. ક્યાં કારણોસર? અને કેમ? પ્રશ્ન સામે દલીલો તો ઘણી છે પણ ભેળસેળ ના જમાના માં ડ્રેગન ફ્રૂટ એ ડાયાબિટીસ ના દર્દીઓનું બ્લડ સુગર નિયંત્રણ માં રાખવા માટે વરદાન સાબિત થાય છે.
૫ આ ફળ એ શરીર માં લોહીનું પરિભ્રમણ સુવ્યવસ્થિત રાખે છે ને ધમની ને નુકશાન કારક તત્વો સામે રક્ષણ આપે છે.
૬ ડ્રેગન ફ્રૂટ માં ઉપલબ્ધ ભરપુર માત્રામાં કેલ્શિમ એ શરીર ના હાડકા ને મજબૂતી આપે છે.
૭ આપણા શરીર ની વિદ્યુત,સેલ્યુલર અને નર્વસ સિસ્ટમ ના કર્યો ને કાર્યરત રાખવામાં પોટેશિયમનો ભરપૂર ઉપયોગ થતો હોય છે. આપણા શરીર માં પાણી ની માત્રા અને એસિડ નું સંતુલન પોટેશિયમ રાખે છે. આ ઉપરાંત પોટેશિયમ થી ભરપુર આહાર લેવાના કારણે કિડની અને હૃદય સુરક્ષિત રહે છે.આ કારણોસર પોટેશિયમ ની માત્રા થી ભરપૂર ડ્રેગન ફ્રૂટ નિયમિત સવારે ફ્રૂટની ડીશ માં અથવા જ્યુસ સ્વરૂપે સામેલ કરવું જરૂરી છે.
૮ શરીર માં આયર્ન નું શોષણ ઝડપી બનાવી ને ડ્રેગન ફ્રૂટ એ કોલેજન ઉત્પન્ન કરવામાં મદદ કરે છે.
૯ ડ્રેગન ફ્રૂટ નો નિયમિત ઉપયોગ કરવાથી શરીરની ચમકતી કરચલી વગરની ત્વચા થી લઈને દાંત અને વાળ સ્વસ્થ અને મજબૂત થાય છે.
૧૦ સગર્ભા અવસ્થામાં ડ્રેગન ફ્રૂટ એ ફાયદાકારક માનવા માં આવે છે એમાં ઉપલબ્ધ કાર્બોહાઈડ્રેટસ,ફોલિક એસિડ,આયર્ન,પોટેશિયમ,વિટામિન સી, બીટા કેરેટિન અને ફાઈબર વગેરે બાળક ના વિકાસ માટે ફાયદાકારક સાબિત થાય છે. પરંતુ જેને જન્મ જાત એલર્જી ની સમસ્યા હોય એ સગર્ભા સ્ત્રીઓ એ ડોક્ટર ની સલાહ વગર ન લેવું જોઈએ.
૧૧, ડ્રેગન ફ્રૂટ માં ઉપલબ્ધ લાઈકોપીન નામનું ઘટક એ અનેક સ્વાથ્ય સમસ્યા સામે લડી ને શરીર નું રક્ષણ કરે છે કેન્સર નામના મૃત્યુ તુલ્ય રોગ થી લાઈકોપીન ઘટક શરીરનું અંદરથી અને બહારથી રક્ષણ કરે છે.
જો તમારી ત્વચા પર ડાઘ,ખીલ અને કરચલી વાળી છે તો ડ્રેગન ફ્રૂટ ની પેસ્ટ બનાવી ને લગાવો.જ્યાં સુધી પેસ્ટ સુકાઈ નહી ત્યાં સુધી રાખો.પેસ્ટ સુકાઈ ગયા બાદ ઠંડા પાણી થી ધોઈ ને સ્વચ્છ કરો. આ ઉપાય દક્ષિણ પૂર્વ એશિયાની સ્ત્રીઓ ત્વચા પર વૃદ્ધત્વ ન દેખાય એ માટે ડ્રેગન ફ્રૂટ ની પેસ્ટ નો ઉપયોગ કરતી હોય છે એટલે જ દક્ષિણ પૂર્વ એશિયાની સ્ત્રીઓની ત્વચા તાજગીભરી અને સ્વસ્થ હોય છે. ડેન્ગ્યુ,કમળો,મેલેરિયા વગેરે જેવા વાયરલ રોગોમાં અને અન્ય તમામ રોગો માં ડ્રેગન ફ્રૂટ એ અત્યંત ફાયદાકારક સાબિત થાય છે
નોંધ : ડ્રેગન ફ્રૂટ એ ખાલી પેટે ખાવાનું ટાળવું નાસ્તો કર્યા બાદ જ ડ્રેગન ફ્રૂટ ખાવું જોઈએ. ડ્રેગન ફ્રૂટ એ સુપર ફ્રૂટ હોવાથી એક બેઠકે આખું ખાવાના બદલે દિવસ માં એના ટુકડા કરીને ત્રણ ચાર વખત ખાવા થી વધારે લાભ થાય છે. કાપેલું ડ્રેગન ફ્રૂટ એ પાંચ સાત કલાક માં ખાઈ જવું જરૂરી છે બીજા દિવસે ખાવાથી કેમિકલ રીએકશન થઈ શકે છે.

# જાવેદ અખ્તરે પાકિસ્તાનના રાષ્ટ્રપતિને ઝાટકી નાખ્યા

## પાક ટ્રોલર્સને પણ ફટકાર લગાવી, ઝરદારીએ કહ્યું હતું- અમે હિંદુઓને સહન કરીએ છીએ

(એજન્સી) મુંબઈ | તા 18

ભારતીય ડાયલોગ રાઈટર અને ગીતકાર જાવેદ અખ્તર પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીના તે નિવેદન પર ભડકી ઉઠ્યા હતા, જેમાં તેમણે કહ્યું હતું કે તેઓ પાકિસ્તાનમાં હિંદુઓને સહન કરે છે. જાવેદ અખ્તરે તેમની ટીકા કરતા તેમને સંવેદનહીન કહ્યા છે. જ્યારે કેટલાક લોકો જાવેદ અખ્તરના નિવેદનની નિંદા કરવા લાગ્યા, ત્યારે તેમણે એક પછી એક બધાને ઠપકો આપ્યો.



ઝરદારીએ પાકિસ્તાનમાં હિંદુઓની સ્થિતિ વિશે વાત કરતા ભારતના હિંદુઓ સાથે તેમની સરખામણી કરી હતી. ઝરદારીએ કહ્યું, "ભારતીયોનો દૃષ્ટિકોણ અલગ છે. તેમના મગજમાં તેમનો પોતાનો એજન્ડા છે. તેઓ અખંડ ભારતમાં વિશ્વાસ કરે છે. પરંતુ વચ્ચે ઘણું બધું એવું છે, જેને તેઓ ભૂલી ગયા છે."

તેમણે આગળ કહ્યું, "અમે મુસલમાન છીએ અને તેઓ નથી. પરંતુ અમે એવી વિચારસરણીવાળા મુસલમાન છીએ, જે પાકિસ્તાનમાં 3-4 ટકા હિંદુ વસ્તીને સહન કરીએ છીએ. તેઓ એટલા જ આઝાદ અને સારા છે, જેટલા ક્યાંય પણ હતા. તેઓ તેમની સાથે રહેવાને બદલે અમારી સાથે રહેવાનું પસંદ કરશે."

ધૂળ ભરેલી હવામાં ઠંડા લહેરાઈ રહ્યા હતા. રાજસ્થાનની નિંબાહેડાની ધરતી પર હજારો આંખો એક જ દિશામાં ટકેલી હતી. અચાનક શાંતિ ભંગ થઈ. સફેદ કપડામાં લપેટાયેલી એ વિશાળ આકૃતિ ધીમે-ધીમે ખુલ્લી થવા લાગી. એકવીસ ફૂટ ઊંચી અષ્ટધાતુની પ્રતિમા. ભારત રત્ન અટલ બિહારી વાજપેયીની. મેવાડની વીર ભૂમિ પર ઊભેલી એ મૂર્તિ જાણે સમયને પડકારી રહી હતી. રાજસ્થાનમાં ભારત રત્ન પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીની પ્રતિમાના અનાવરણનો પ્રસંગ આ જ વિરાટ વ્યક્તિત્વને યાદ કરવાનો અવસર બન્યો. આ માત્ર એક પ્રતિમાનું અનાવરણ નહોતું, પરંતુ એ રાજકીય પરંપરા પ્રત્યેના સન્માનનું પ્રતીક હતું, જેમાં સત્તા ધ્યેય નહિ, પણ રાષ્ટ્રસેવા ધ્યેય હતી. એ જ ક્ષણે, કોઈના મનમાં પોખરણનો એ ઐતિહાસિક દિવસ ગુંજી ઊઠ્યો, જ્યારે સિદ્ધાંતો સાથે ક્યારેય બાંધછોડ ન કરનારા અટલજીએ દેશને પરમાણુ શક્તિ સંપન્ન બનાવ્યો હતો.11 અને 13 મે 1998ના રોજ રાજસ્થાનની ધરતી પર પોખરણમાં અણુ પરીક્ષણોની ગૂંજ સંભળાઈ અને સમગ્ર વિશ્વને ખબર પડી ગઈ કે ભારત હવે પોતાની સુરક્ષાના નિર્ણયો કોઈ બાહ્ય દબાણમાં આવીને નહીં કરે. આંતરરાષ્ટ્રીય દબાણ હતું. પ્રતિબંધોની આશંકાઓ હતી. પરંતુ અટલજીનો સંકલ્પ સ્પષ્ટ હતો - રાષ્ટ્રહિત સર્વોપરી છે. આ માત્ર પરમાણુ પરીક્ષણ નહોતું. આ ભારતના આત્મવિશ્વાસની ઘોષણા હતી.અટલજીનું જીવન અનેક ભૂમિકાઓનો સંગમ હતું. તેઓ પત્રકાર હતા. તેમણે પોતાની કલમથી રાષ્ટ્રવાદ વિશે લખ્યું. તેઓ પંચજન્ય અને સ્વદેશ જેવા પ્રકાશનો દ્વારા દેશભક્તિની ભાવના જાગૃત કરતા રહ્યા. તેઓ કવિ હતા. તેમણે શબ્દોથી દેશભક્તિ વણી હતી. તેમની કવિતાઓ હૃદયને સ્પર્શી જતી હતી અને હિંમત પ્રેરિત કરતી. પછી તેઓ પ્રધાનમંત્રી બન્યા. સત્તાના આસન પર બેઠા હોવા છતાં પણ તેમણે રાષ્ટ્રીય સુરક્ષા અને સુશાસનને પ્રોત્સાહન આપ્યું. પત્રકાર, કવિ અને પ્રધાનમંત્રી - દરેક ભૂમિકામાં અટલજી માટે રાષ્ટ્રીય હિત સર્વોપરી હતું. એટલા માટે તેમને અજાતશત્રુ કહેવામાં આવતા હતા. કોઈ પણ તેમનો દુશ્મન બની શક્યું નહીં, કારણ કે તેમના વિચારો હંમેશા રાષ્ટ્ર પ્રથમ આવતો હતો.આજે મોદી સરકારમાં એ જ મહાન વ્યક્તિત્વને નવી ઊંચાઈ આપી રહી છે. નિંબાહેડામાં ભાજપના કાર્યકર્તાઓએ એક કરોડ પચાસ લાખ રૂપિયાના ખર્ચે આ ભવ્ય પ્રતિમા સ્થાપિત કરી. પોખરણ પરીક્ષણની ઝલકવાળા પ્લેટફોર્મ સાથે આ સ્મારક માત્ર પથ્થર નથી, સ્મૃતિનો જીવંત દસ્તાવેજ બની ગયું છે. અટલજીની પુણ્યતિથિ પર આ સન્માન દેશને યાદ અપાવે છે કે સાચા નેતાઓ ક્યારેય મરતા નથી. તેઓ પેઢી દર પેઢી જીવંત રહે છે.અને અહીંથી વર્તમાનની વાર્તામાં અમિત શાહનું પાત્ર સામે આવે છે. અટલજીએ જે ભારતનો પાયો નાખ્યો હતો - સુરક્ષિત, મજબૂત, આત્મનિર્ભર અને વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધતું ભારત - એ જ ભારતને વધુ સશક્ત બનાવવાની જવાબદારી આજની પેઢીના નેતૃત્વના ખભા પર છે. અમિત શાહ આ જ વારસાના એક પ્રમુખ વાહક તરીકે દેખાય છે.આ જ કારણ છે કે અમિત શાહને માત્ર ગૃહમંત્રી તરીકે જોવા એ અટલજીના વારસાના આ રાજકીય સંદર્ભને નાનો કરી દેવા જેવું ગણાશે. તેઓ અટલજીના રાષ્ટ્રવાદી દ્રષ્ટિકોણને નવા ભારત માટે સુરક્ષા, વિકાસ અને રાષ્ટ્રીય એકતાના એજન્ડા સાથે જોડતા મુખ્ય વ્યક્તિત્વ છે. એક સામાન્ય નાગરિકના દ્રષ્ટિકોણથી, ચિત્ર વધુ સ્પષ્ટ બને છે. સામે અટલજીની એક ઉંચી પ્રતિમા છે. પાછળ પોખરણની સ્મૃતિ છે. અને હવે, આપણી પાસે એક એવું ભારત છે જે તેની સુરક્ષા, સાર્વભૌમત્વ અને વિકાસ અંગે પહેલા કરતાં વધુ આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે.ભીડમાં ઉભેલા એક સામાન્ય માણસની આંખોમાં ગર્વ ચમકી રહ્યો હતો. તે જોઈ રહ્યો હતો કે કેવી રીતે એક નેતાની યાદને જીવંત રાખવાનું કામ આટલી શ્રદ્ધા અને આટલી મજબૂતીથી થઈ રહ્યું છે. અટલજીના સિદ્ધાંતોને અમિત શાહે પોતાની કાર્યશૈલીનો આધાર બનાવ્યો છે. દબાણ આગળ ન ઝૂકવું, રાષ્ટ્રહિતને સર્વોપરી રાખવું, અને વિકાસને અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવો - આ બધું અટલજીના સપનાઓની પૂર્તિ છે, જેને મોદી સરકારમાં અમિત શાહ રાત-દિવસ સાકાર કરી રહ્યા છે. અમિત શાહ એ જ દ્રઢતાને આજની પરિસ્થિતિઓમાં આગળ વધારતા દેખાય છે - રાષ્ટ્રીય સુરક્ષાના મોરચે, આતંકવાદ સામેની લડાઈમાં, દેશની એકતાને મજબૂત કરવામાં અને વિકાસને અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવાના પ્રયાસોમાં. સૂર્ય આથમવા લાગ્યો હતો. પ્રતિમા પર સોનેરી ચમક આવી રહી હતી. ભીડ ધીમે ધીમે વિખેરાઈ રહી હતી, પરંતુ તેમના હૃદયમાં એક સંકલ્પ મજબૂત થઈ ગયો હતો. સિદ્ધાંતો સાથે ક્યારેય સમાધાન ન કરનારા અટલજીએ દેશને પરમાણુ શક્તિ સંપન્ન બનાવ્યો. અને આજે, અમિત શાહ તે સિદ્ધાંતની મશાલને આગળ ધપાવી રહ્યા છે. દેશનો સામાન્ય માણસ જોઈ રહ્યો છે કે અટલજીના સપના હવે અધૂરા નથી. તે પૂરા થઈ રહ્યા છે - મજબૂતાઈથી, ગર્વથી અને રાષ્ટ્રીય હિતને સર્વોપરી રાખીને.જ્યારે ઈતિહાસના પુસ્તકો ફેરવવામાં આવશે, ત્યારે નિંબાહેડાનો આ દિવસ માત્ર એક પ્રતિમાના અનાવરણ તરીકે નહીં લખાય. લખાશે કે કેવી રીતે એક મહાન નેતાના વારસાને બીજા મહાન નેતાએ પોતાના ખભા પર ઉપાડ્યો અને દેશને નવી ઊંચાઈઓ તરફ લઈ ગયા. અટલજીનો આત્મા હસી રહ્યો હશે. કારણ કે તેમના સપનાનું ભારત હવે વધુ સશક્ત, વધુ સુરક્ષિત અને વધુ ગૌરવશાળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અમિત શાહ એ વારસાને સુરક્ષા, રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય એકતાના સંકલ્પ સાથે આગળ વધારી રહ્યા છે.



# News Brief

## બાળકોના શોષણની ઓનલાઇન સામગ્રી રોકવા મુદ્દે સુપ્રીમે કેન્દ્રનો જવાબ માગ્યો

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સોશિયલ મીડિયા પર બાળકોના શારીરિક શોષણની સામગ્રીને લઈને સુનાવણી કરી હતી, સાથે જ પોક્સો કાયદા મુજબ ફરજિયાત આવી સામગ્રી રોકવાની જોગવાઇનું પાલન ના થવા બદલ પણ ચિંતા વ્યક્ત કરી હતી. આ મુદ્દે હાલ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માગ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ હાલ બાળકોના શારીરિક શોષણની જાણકારી પોલીસને નથી કરી રહ્યા તેને લઇને પણ સવાલો ઉઠાવાયા છે.સુપ્રીમ કોર્ટમાં થયેલી અરજીમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે સોશિયલ મીડિયા પર બાળકોના શારીરિક શોષણની કોઇ સામગ્રી આવે છે તો સોશિયલ મીડિયા કંપનીઓ તેને લઇને સ્પેશિયલ જુવેનાઇલ પોલીસ યુનિટને ફરિયાદ નથી કરતી, જ્યારે હકીકતમાં આવી ફરિયાદ કરવી કે જાણકારી આપવી તે પોક્સો કાયદા હેઠળ ફરજિયાત છે. જોકે કંપનીઓ તેનું પાલન નથી કરી રહી તેવો દાવો આ અરજીમાં કરવામાં આવ્યો છે. જેને પગલે બાદમાં સુપ્રીમ કોર્ટ દ્વારા કેન્દ્ર સરકાર પાસેથી આ મામલે જવાબ માગવામાં આવ્યો છે.થોડા દિવસો પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો એક વીડિયો સોશિયલ મીડિયા પરથી હટાવવામાં આવ્યો હતો, જોકે બાદમાં તેને ફરી વિઝિબલ કરી દેવાયો હતો. આ ઉપરાંત કેન્દ્ર સરકારે સોશિયલ મીડિયા પર બાળકોના શારીરિક શોષણ અંગેની સામગ્રીને રોકવા માટે યોગ્ય પગલા ના લેવા બદલ મેટા પાસેથી જવાબ માગ્યો હતો. હવે આ જ પ્રકારનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટે હાલ કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માગ્યો છે, અરજદારે એવી માગ કરી છે કે એક યુનિફોર્મ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરનો અમલ થવો જોઇએ, જ્યારે પણ કોઇ બાળકોનું શારીરિક શોષણ કરતી સામગ્રી સોશિયલ મીડિયા કે ઓનલાઇન પ્લેટફોર્મ પર અપલોડ કરે કે જાહેર કરે કે તુરંત જ તેનું આઇપી એડ્રેસ તપાસ એજન્સી પાસે જવું જોઇએ સાથે જ ઇલેક્ટ્રોનિક પુરાવા સંગ્રહ કરી શકાય તે પ્રકારનું માળખુ તૈયાર કરવામાં આવે.

## શ્રાવણ માસમાં ધર્મ પરાયણતામાં મંદિરોમાં નાસભાગ : સાતનાં મોત

નવી દિલ્હી : બિહારના અશોકધામ મંદિરમાં દર્શન માટે ભીડ જામી હતી. એ દરમિયાન નાસભાગ થઈ જતાં સાતનાં મોત થયા હતા. અનેકને ઈજા પહોંચી હતી. વર્ષમાં માત્ર એક જ વખત નાગપંચમીના દિવસે દર્શન માટે ખુલતા ઉજ્જૈનના નાગચંદ્રેશ્વર મંદિરમાં પણ આવી જ ધક્કામુક્કીની ઘટના બની હતી, જેમાં ઘણાં લોકોને ઈજા પહોંચી હતી. બંગાળમાં એક આગની દુર્ઘટનામાં પણ સાતના મોત થયા હતા. બિહારના લખીમરાયમાં આવેલા વિખ્યાત અશોકધામ મંદિરમાં શ્રાવણ મહિનાના સોમવારે સવારે દર્શન માટે ભીડ જામી હતી. મંદિરમાં સુરક્ષાની વ્યવસ્થા નબળી હોવાથી નાસભાગ મચી હોવાનો આરોપ શ્રદ્ધાળુઓ લગાવી રહ્યા છે. બેરિકેડિંગ હોવા છતાં લગભગ ૧૦૦ લોકો અંદર ઘૂસવાની કોશિશ કરતા હતા અને તેના કારણે ધક્કામુક્કી થઈ હતી. દર્શનની લાઈનમાં આગળ ઉભેલી મહિલાઓ આ ધક્કામુક્કીના કારણે કચડાઈ ગઈ હતી. લોકો એક ઉપર એક પડયા હતા, જેમાં કચડાઈ જવાથી સાત મહિલાઓનાં મોત થયા હતા ને લગભગ ૧૨ લોકોને ગંભીર ઈજા થઈ હતી. તે સિવાયના ઘણાં શ્રદ્ધાળુઓ ઈજા પામ્યા હતા.નાસભાગની આવી જ એક ઘટના ઉજ્જૈનના મહાકાલ પરિસરમાં બની હતી. નાગચંદ્રેશ્વર મંદિરમાં દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટયા હતા. આ મંદિરમાં વર્ષમાં માત્ર એક દિવસ નાગપંચમીએ જ દર્શન માટે ખુલે છે એટલે શ્રદ્ધાળુઓ દર્શન કરી લેવા ઉતાવળા બન્યા હતા. એ દરમિયાન એકાએક ધક્કામુક્કી થઈ ગઈ હતી. આ ઘટનામાં જાનહાનિ થઈ નથી, પરંતુ ૧૩ લોકો બેભાન થઈ જતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડયા હતા. તે સિવાયના ઘણાં લોકોને નાની-મોટી ઈજા થઈ હતી.

પશ્ચિમ બંગાળમાં વીરભૂમિ જિલ્લામાં તારાપીઠ મંદિરની નજીક આવેલી હોટલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. હોટલ મંદિરની નજીક હોવાથી એમાં ઉતારો લેનારા મોટાભાગના યાત્રાળુઓ હતા. ચાર માળની હોટલમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં વહેલી સવારે પાંચ વાગ્યે આગ ફાટી નીકળી હતી. હોટેલમાં રોકાયેલા ઘણાં શ્રદ્ધાળુઓ આગની જ્વાળામાં ફસાઈ ગયા હતા. સાત યાત્રાળુઓનાં મોત થયા હતા. એ સિવાયના ઘણા દાઝી જતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## ભારત, બ્રાઝિલ સહિત અનેક દેશોમાં 2027માં ખાદ્યાન્ન સંકટ સર્જાશે!

(એજન્સી) નવી દિલ્હી | તા 18

જેપી મોર્ગને 2027માં વૈશ્વિક અન્ન સંકટની ગંભીર ચેતવણી આપી છે. ભૂ-રાજકીય તણાવ, ખાતરની અછત અને આબોહવા પરિવર્તન મુખ્ય કારણો છે. ભારત, બ્રાઝિલ, ઈન્ડોનેશિયા પર સૌથી વધુ અસર થશે. કૃષિ ખર્ચ વધશે અને પાક ઉત્પાદન ઘટશે. વૈશ્વિક ફુગાવો 5% સુધી પહોંચવાની શક્યતા છે. અલ નીનોની અસરથી પરિસ્થિતિ વધુ વણસશે, જે ખેડૂતો માટે મોટો પડકાર બનશે. દુનિયા પર એક મોટું અને ભયંકર સંકટ તોળાઈ રહ્યું છે. પ્રખ્યાત ગ્લોબલ ફાઈનાન્સિયલ સંસ્થા જેપી મોર્ગન દ્વારા એક મોટી અને ગંભીર ચેતવણી આપવામાં આવી છે, જે મુજબ આવતા વર્ષે એટલે કે 2027માં દુનિયાએ એક મોટા અને વિનાશક ખાદ્ય સંકટનો સામનો કરવો પડી શકે છે. રિપોર્ટમાં આ સંકટ પાછળ કેટલાક મોટા કારણો દર્શાવવામાં આવ્યા છે અને એલર્ટ કરવામાં આવ્યું છે કે ભારત, બ્રાઝિલ અને ઈન્ડોનેશિયા જેવા દેશો પર આ સંકટની સૌથી ઘાતક અને ગંભીર અસરો જોવા મળશે.જેપી મોર્ગને (JP Morgan) આગામી સમયમાં વૈશ્વિક અન્ન સંકટ (અંગે ગંભીર ચેતવણી આપી છે. રિપોર્ટ અનુસાર, જિયો-પોલિટિકલ તણાવ, ખાતરની અછત અને આબોહવા પરિવર્તનના કારણે 2027 માં વિશ્વએ અન્ન પુરવઠાના એક નવા અને મોટા સંકટનો સામનો કરવો પડી શકે છે. આ સંકટની સૌથી વધુ અને ગંભીર અસર ભારત, બ્રાઝિલ અને ઈન્ડોનેશિયા પર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# સ્ટીલ ફ્રેમનું પુનઃનિર્માણ: શાસન કરવાથી લઈને સેવા સુધી, સમયબદ્ધ સુધારાઓનો સિલસિલો

જ્યારે અંગ્રેજો 1947 માં ભારત છોડીને પાછા બ્રિટન જવા લાગ્યા, તો તેઓ એક શબ્દપ્રયોગ પોતાની પાછળ છોડી ગયા : 'સ્ટીલ ફ્રેમ'. આને તેઓ ભારતીય સિવિલ સેવા કહેતા હતા, એ વહીવટી માળખું જેના દ્વારા બ્રિટિશ રાજ હુકૂમત ચલાવતું હતું. સ્ટીલ સહેલાઈથી નથી વળતું, અને મુખ્ય હેતુ પણ એ જ હતો. આ માળખું એક સામ્રાજ્યને સ્થિર બનાવી રાખવા માટે બનાવવામાં આવ્યું હતું, ન કે એ લોકોની વાત સાંભળવા માટે જેમના પર તેણે શાસન કર્યું હતું. આઝાદી પછીના દશકો સુધી આપણને એ ફ્રેમ વારસામાં મળી. આપણે તેને નવું નામ આપ્યું, તેને ખાદીનું આવરણ પહેરાવ્યું અને પોતાને કહ્યું કે હવે આ આપણું પોતાનું છે. પરંતુ નિયંત્રણ માટે બનાવાયેલું માળખું સ્વાભાવિક રીતે સેવા માટે બનાવાયેલું માળખું નથી. અને આપણા ગણતંત્રના પહેલાંના કેટલાય દશકો સુધી, ભારત પોતાના ઉપનિવેશક દેશના માળખાની અંદર જ બનેલું રહ્યું. એક જ ફોર્મને ત્રણ નકલોમાં ભરતું રહ્યું, એ જ ઊંચી ખુરશીઓ સામે કતારોમાં ઊભું રહેતું રહ્યું અને પોતાના ભાગ્યના નિર્ણય માટે કોઈ 'સાહેબ' ની પ્રતીક્ષા કરતું રહ્યું.

મેં મારા કામકાજી જીવનનો મોટાભાગનો સમય આ માળખાની અંદર વિતાવ્યો છે. પહેલાં એક નાગરિકના રૂપમાં અને એક વ્યવસાયિકના રૂપમાં, પછી ભારત સરકારમાં કાર્મિક, લોક ફરિયાદ અને પેન્શનનો પ્રભાર સોંપાયેલા મંત્રીના રૂપમાં, જે વિભાગનું કામ જ સ્ટીલ ફ્રેમની તપાસ કરવાનું અને એ પૂછવાનું છે કે શું ફરીથી તૈયાર કરવાની આવશ્યકતા છે. એટલા માટે જ્યારે મને પૂછવામાં આવે છે કે શું ભારતે પોતાની નોકરશાહીમાં સુધારો કર્યો છે, તો મારા ઉત્તરમાં ન તો કોઈ સંસ્થાનું રક્ષણ કરનારા વ્યક્તિની ઢાલ બનવાનું છે, કે તેનાથી કંટાળી ગયેલી વ્યક્તિની નિરાશાવાદ પણ નથી. આ એ વ્યક્તિનો જવાબ છે જેણે આઝાદી પછી અર્થપૂર્ણ રીતે સ્પર્શ ન કરાયેલી પ્રણાલીના શાંત પરંતુ મક્કમ પુનઃનિર્માણને ૧૨ વર્ષથી ભીતરથી જોયું છે, અને જો ૧૫મા પ્રધાનમંત્રી તરીકે પોતાના અલગ વિચારો માટે જાણીતા શ્રી નરેન્દ્ર મોદીએ પદ ન સંભાળ્યું હોત તો કદાચ તે અછૂતું જ રહી ગયું હોત.

આપણે ક્યાંથી શરૂઆત કરી હતી તેનો વિચાર કરો. ૨૦૧૪માં, કેન્દ્ર સરકાર સમક્ષ નાગરિકની ફરિયાદના નિકાલમાં સરેરાશ ૧૫૭ દિવસ લાગતા હતા, જો તેનો નિકાલ થાય તો. તેને દાખલ કરવાનો અર્થ એવો હતો કે દેશભરમાં માંડ દસ હજાર ફરિયાદ અધિકારીઓ ધરાવતી સિસ્ટમમાં જવું પડતું હતું, જેમાંના મોટા ભાગના અપ્રાપ્ય હતા અને કોઈપણ વાસ્તવિક સમયમર્યાદા માટે બિન-જવાબદાર હતા. નોકરી માટે સરકારી કચેરી બહાર લાઈનમાં ઉભેલો યુવાન હોય, તેના પતિની પેન્શન ફાઈલ પાછળ દોડતી વિધવા હોય, કે પછી કોઈ મંત્રાલયના કબાટમાં તેના પાકની વીમા દાવાની ફાઈલ કેમ ગાયબ થઈ ગઈ તે જાણવા માંગતો ખેડૂત હોય,, આ બધાની સામે એક જ સ્થિતિ હતી. તેમનો સામનો નાગરિકોને પ્રતીક્ષા કરાવવા માટે બનેલી એક સિસ્ટમથી અને એવા અધિકારીઓથી હતો, જેમની કોઈ પણ પરિણામ પ્રત્યે કોઈ ઉત્તરદાયિત્વ નહોતું. આ માત્ર અક્ષમતા નહોતી. આ એ પ્રશાસનનો અંતિમ જીવંત અવશેષ હતો જેનું નિર્માણ ઉકેલ ઉપલબ્ધ કરાવવાને બદલે ડરાવવા માટે કરવામાં આવ્યું હતું.

આજના સાથે આની સરખામણી એ માત્ર અભિપ્રાય નથી; આ સંખ્યાઓમાં વર્ણવાયેલું છે. ફરિયાદ નિવારણનો સમય 157 દિવસ ઘટીને 15 દિવસ રહી ગયો છે. આ સિસ્ટમ જે ફરિયાદો સંભાળે છે તેની સંખ્યા વાર્ષિક લગભગ ૩ લાખથી વધીને લગભગ ૨૭ લાખ થઈને નવ ગણી વધી ગઈ છે, અને તેનો નિકાલ કરવા માટે સક્ષમ અધિકારીઓની સંખ્યા દસ ગણી વધીને એક લાખથી વધુ થઈ ગઈ છે. આ વર્ષના માર્ચ મહિનામાં જ, કેન્દ્રીય સચિવાલયે સતત ૪૫મા મહિને એક લાખથી વધુ ફરિયાદોના નિકાલનો આંકડો પાર કર્યો છે. આપણે CPGRAMS (સેન્ટ્રલાઈઝ્ડ પબ્લિક ગ્રીવન્સ રિડ્રેસ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ) ને એક એવા પ્લેટફોર્મ તરીકે વિકસાવ્યું છે જે હવે ૨૨ ભાષાઓમાં વાત કરે છે, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) નો ઉપયોગ કરીને નાગરિકની ફરિયાદ વાંચી તેને યોગ્ય ટેબલ સુધી પહોંચાડે છે, અને ખૂબ જાણી જોઈને, આપણે આનું નામ 'સમાધાન દીદી' અર્થાત 'સમાધાન કરનારી બહેન' રાખ્યું હતું. જે ગ્રામીણને પોતાના કામ માટે ક્યારેય જિલ્લા કાર્યાલય સુધી જવું પડતું હતું અને આશા રાખવી પડતી હતી કે તેનું કામ સરળતાથી થઈ જાય, તે હવે પોતાની પંચાયતમાં એક સામાન્ય સેવા કેન્દ્રથી આ કામ કરી શકે છે. દરેક મહિનાની ૨૦મી તારીખે CSC-CPGRAMS દિવસ તરીકે નક્કી કરવામાં આવી છે જેથી આ વચન છેલ્લા વ્યક્તિ સુધી પહોંચે.

પરંતુ તે ઊંડો બદલાવ, જેને હું સ્ટીલ ફ્રેમનો સાચો સુધારો માનૂ છું, તે ડિજિટલ વ્યવસ્થા નથી. તે સૌથી પહેલાં આપણાં વહીવટી અધિકારીઓનું નિર્માણ કેવી રીતે કરીએ છીએ. 70 વર્ષો સુધી, સરકાર 'નિયમ-આધારિત' સંસ્કૃતિ પર ચાલતી રહી: એક અધિકારીને એ વાતથી આંકવામાં આવતો હતો કે શું તેણે સાચી પ્રક્રિયાનું પાલન કર્યું હતું, ન કે એ વાતથી કે તેણે નાગરિકની સમસ્યાનો ઉકેલ કર્યો છે કે નહીં. 2020 માં, અમે મિશન કર્મયોગી લોન્ચ કર્યું, જે વહીવટી સેવા ક્ષમતા નિર્માણ માટે રાષ્ટ્રીય કાર્યક્રમ છે. અમે આ કાર્યક્રમને આ જ 'ભૂમિકા-આધારિત' સંસ્કૃતિમાં પરિવર્તિત કરવા માટે લોન્ચ કર્યો હતો, જ્યાં એક અધિકારીને એ આધારે તાલીમબદ્ધ અને મૂલ્યાંકન કરવામાં આવે છે કે તેની નોકરી વાસ્તવમાં તેનાથી શું માંગ કરે છે, ન કે ઔપનિવેશિક યુગની નિયમ પુસ્તિકામાં શું વર્ણન કરવામાં આવ્યું છે. આજે એક ગ્રામ-સ્તરીય ક્લાર્કથી લઈને ભારત સરકારના સચિવ સુધી 1.65 કરોડથી વધુ સરકારી કર્મચારીઓ, iGOT કર્મયોગી નામના એક સામાન્ય ડિજિટલ પ્લેટફોર્મ પર શીખે છે, જે હવે હિન્દી અને સત્તર અન્ય ભારતીય ભાષાઓમાં પાંચ હજારથી વધુ પાઠ્યક્રમો સંચાલિત કરે છે. પ્રથમ વખત, અમે આ શિક્ષણને અધિકારીના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ (APAR) સાથે ઔપચારિક રીતે જોડી દીધું છે, જે વાર્ષિક મૂલ્યાંકન પર બઢતી નિર્ભર કરે છે, જેથી સતત શીખવું એ માત્ર એક સારું કામ નથી પરંતુ કારકિર્દી સાથે સીધું જોડાયેલું માપદંડ છે. આ કામગીરી પ્રત્યેની જવાબદારી છે, માત્ર નારા તરીકે નહીં પણ એક પ્રણાલી તરીકે.



—ડૉ.જિતેન્દ્ર સિંહ

વિજ્ઞાન અને ટેકનોલોજી અને પૃથ્વી વિજ્ઞાન માટે કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), અને પ્રધાનમંત્રી કાર્યાલય અને કર્મચારી, પરમાણુ ઉર્જા અને અવકાશના રાજ્ય મંત્રી

અમે અધિકારીઓની ભરતી અને તાલીમની રીતમાંથી સંસ્થાનવાદી અવશેષોને હટાવવા માટે શાંતિથી પરંતુ સતત કામ કર્યું છે. 2016 પછીથી, નીચલા અને મધ્યમ સ્તરની સરકારી નોકરીઓ, ગ્રુપ C અને નોન-ગેઝેટેડ ગ્રુપ B પદો માટે ઈન્ટરવ્યુ, જે પદો પર પરંપરાગત રૂપથી એક ઈન્ટરવ્યુનો અર્થ પક્ષપાત થતો હતો અને અવારનવાર લાંચ આપવામાં આવતી હતી, ને કેન્દ્ર સરકારના કાર્યાલયોમાં સમાપ્ત કરી દેવામાં આવ્યા છે. 24 રાજ્યો અને 8 કેન્દ્ર શાસિત પ્રદેશોએ પણ આનું અનુકરણ કર્યું છે. સરકારી ફોર્મ ભરતા પહેલા કોઈ નાગરિક પર વિશ્વાસ મૂકવામાં આવે તે પહેલાં ગેઝેટેડ ઓફિસર દ્વારા સહી અને પ્રમાણિત કરાવવાની જૂની જરૂરિયાત અમે દૂર કરી છે, જે સંસ્થાનવાદી યુગની એવી પ્રથા હતી જે દરેક નાગરિકને જ્યાં સુધી નિર્દોષ સાબિત ન થાય ત્યાં સુધી ગુનેગાર માનતી હતી. અમે નોકરશાહી ઔપચારિકતા માટે મહિનાઓ રાહ જોવડાવવાને બદલે સફળ ઉમેદવારોને પોલીસ ચકાસણી થવા સુધી અસ્થાયી રૂપે પોતાની નવી નોકરીઓમાં જોડાવા દઈએ છીએ. અમે 1600 થી વધુ અપ્રચલિત કાયદાઓને રદ કરી દીધા છે, જેનો ઉદ્દેશ્ય માત્ર આપણને એ યાદ અપાવવાનો હતો કે આપણા પર પહેલાં કોણે શાસન કર્યું હતું.

આજે જ્યારે હું યુવા અધિકારીઓને મળું છું, તો હું તેમને સ્પષ્ટ રૂપે કહું છું કે મેં આ વર્ષની શરૂઆતમાં તેમને શું કહ્યું હતું: કે હજુ પણ સૌથી મોટો સુધારો મનમાં કરવાની જરૂર છે, આપણી 'સંસ્થાનવાદી માનસિકતા' ને છોડવામાં. જ્યારે પ્રધાનમંત્રીએ અમારા મંત્રાલયને નોર્થ બ્લોક, જેનો દરેક પથ્થર કોઈ સામ્રાજ્ય પર શાસન માટે બિછાવવામાં આવ્યો હતો, થી બહાર કર્તવ્ય ભવનમાં સ્થાનાંતરિત કર્યું, તો આ માત્ર સરનામામાં બદલાવ નહોતો. આ એક વક્તવ્ય હતું કે ભારતનો કાર્યકારી શબ્દ કર્તવ્ય હોવો જોઈએ, ન કે નિયંત્રણ.

આ બધાની સાથે એક વધુ શાંત સુધારો ચાલી રહ્યો છે, જે બહારના નાગરિક માટે નહીં પણ અંદરથી ઓફિસ ચલાવતી મહિલાઓ માટે છે. સ્વતંત્ર ભારતના મોટા ભાગના ઈતિહાસમાં, સરકારી સેવામાં જે મહિલાએ જન્મ સમયે બાળક ગુમાવ્યું હોય તેને શોક મનાવવા માટે કોઈ ઔપચારિક રજા નહોતી; આજે તે ૬૦ દિવસની ખાસ માતૃત્વ રજા માટે હકદાર છે, આ એક એવી પાત્રતા છે, જેને અમે 2022 માં પ્રદાન કરી હતી. જે હક અમે ૨૦૨૨ માં કરુણાની ભાવના સાથે આપ્યો હતો, અને જેને અમે સરોગસી દ્વારા પરિવાર બનાવતી માતાઓ માટે પણ વિસ્તૃત કર્યો છે. અમે ચાઈલ્ડ કેર લીવની સુવિધાનો લાભ મહિલાઓની દરેક પોસ્ટિંગ સુધી ઉપલબ્ધ કરાવીએ છીએ. અહીં સુધી કે સરકાર તેને વિદેશ યાત્રા માટે પણ આનો ઉપયોગ કરવાની પરવાનગી આપે છે. એક સિંગલ મધરને એક કેલેન્ડર વર્ષમાં આના છ અવસર આપીએ છીએ, જ્યારે અન્યને માત્ર ત્રણની જ પરવાનગી આપવામાં આવે છે. જે મહિલા તેના કાર્યસ્થળે જાતીય સતામણીની ફરિયાદ કરવાની હિંમત બતાવે છે તેને હવે તેની ફરિયાદની તપાસ ચાલે ત્યાં સુધી ૯૦ દિવસની રજાનો હક છે, જે રજા તેના પોતાના ખાતામાંથી કાપવામાં આવતી નથી. દિવ્યાંગ મહિલા અધિકારીઓને નવજાત શિશુના ઉછેરમાં મદદ કરવા માટે માસિક ભથ્થું મળે છે. સરકારી કર્મચારીના દિવ્યાંગ બાળક માટે શિક્ષણ ભથ્થું બમણું કરી દેવામાં આવ્યું છે. આમાંથી કંઈ પણ જીડીપી ચાર્ટમાં દેખાશે નહીં, પરંતુ તે સરકારી સેવામાં રહેતી મહિલાઓના જીવનમાં દેખાશે જેઓ એક સમયે ચૂપચાપ બહાર ફેંકાઈ જતી હતી, અને સિવિલ સેવા એવું કહી શકશે કે લૈંગિક સમાનતા એ એક એવી બાબત છે જેનું તે આચરણ કરે છે, માત્ર વર્ષમાં એકવાર બેનર પર બતાવવાની બાબત નથી.

ચોક્કસપણે, આમાંથી કોઈ પણ મહત્વ નથી રાખતું, , સિવાય કે તે સામાન્ય નાગરિકના જીવનમાં કંઈક બદલે, અને તે બદલે છે. પાછલા કેટલાક વર્ષોમાં રોજગાર મેળાઓના માધ્યમથી 12 લાખથી વધુ નિમણૂંક પત્રો એનાયત કરવામાં આવ્યા છે, જે સંપર્ક અને પ્રભાવના જૂના રિવાજ વગર વિતરિત કરવામાં આવ્યા છે. મસૂરીમાં એક કોમન ફાઉન્ડેશન કોર્સ છે, જ્યાં એક આઈએએસ અધિકારી અને એક આઈપીએસ અધિકારી પોતાના અલગ-અલગ સંવાદહીનતાને જાળવી રાખવાને બદલે સાથે મિલાવીને તાલીમ લે છે, જેથી જ્યારે તેઓ વર્ષો પછી કોઈ નાગરિકને મળે, તો તેઓ ત્રણ સ્પર્ધાત્મક વિભાગોને બદલે એક સરકારના રૂપમાં કાર્ય કરે. આ સુવિધા હવે એક પેન્શનર પાસે છે, જે હવે બેંકની કતારમાં ઊભા રહેવાને બદલે પોતાના ઘરથી ડિજિટલ જીવન પ્રમાણપત્ર બનાવી શકે છે. એક યુવા આકાંક્ષી વિદ્યાર્થી પાસે જે દરેક પરીક્ષા માટે એક જ ફોર્મ ભરવાને બદલે યુપીએસસી પોર્ટલ પર એક વાર નોંધણી કરે છે. સરકારી સેવામાં ઓબીસી પ્રતિનિધિત્વ 2014 થી 19 ટકાથી વધીને 27 ટકા થઈ ગયું છે. અંગ્રેજોએ આપણને જે સ્ટીલ ફ્રેમ આપીને ગયા હતા, તે ક્યારેય પણ રાતોરાત નષ્ટ નહોતું થવાનું, અને ન તો થવું જોઈએ; સંસ્થાઓ સ્મૃતિને સાચવે છે અને સ્મૃતિના પોતાના ઉપયોગ હોય છે. આ 12 વર્ષોમાં અમે આનું પુનઃનિર્માણ કરવાની કોશિશ કરી છે, શાંતિથી, અલગ-અલગ સેવાઓ ના માધ્યમથી, અલગ-અલગ નિયમોના માધ્યમથી, જેથી જે માળખાએ ક્યારેય એક સામ્રાજ્યને સંભાળ્યું હતું, તે જ હવે એ વ્યવસ્થાને સહારો આપી શકે, જેનો વાયદો આપણા બંધારણે વાસ્તવમાં પોતાના લોકોથી કર્યો હતો: એવી સરકાર જે શાસન કરવાને બદલે સેવા કરે અને માત્ર પ્રશાસન કરવાને બદલે જનતા પ્રત્યે ઉત્તરદાયી હોય.

## જંતર-મંતર વિવાદ : કિરેન રિજિજુના દાવા પર રાહુલ ગાંધી ભડક્યા

દિલ્હીના જંતર-મંતર ખાતે થયેલા વિરોધ પ્રદર્શન અને પોલીસ કાર્યવાહીને લઈને રાજકીય ઘમાસાણ તેજ બન્યું છે. કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રીએ દિલ્હી પોલીસ અને વહીવટી તંત્રનો બચાવ કરતાં જણાવ્યું કે આટલા મોટા પ્રદર્શનને કોઈ પણ ગંભીર ઈજા કે જાનહાનિ વિના કાબૂમાં લેવું પ્રશંસનીય છે, જ્યારે બીજી તરફ વિપક્ષે સરકારના આ દાવા સામે ગંભીર સવાલો ઉઠાવીને પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પર અત્યાચાર ગુજારાયો હોવાના આક્ષેપ કર્યા છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ(Kiren Rijiju)એ દાવો કર્યો હતો કે, જંતર-મંતર પર હજારોની સંખ્યામાં લોકો પ્રદર્શન કરવા પહોંચ્યા હતા, છતાં કોઈ પ્રદર્શનકારીને ગંભીર ઈજા પહોંચી નથી. તેમણે જણાવ્યું કે, 'એક પણ વ્યક્તિને ગંભીર નુકસાન થયું નથી, કોઈનું હાડકું તૂટ્યું નથી અને કોઈ પણ પ્રદર્શનકારી ગંભીર ઈજાના કારણે હૉસ્પિટલમાં દાખલ નથી.' તેમણે આરોપ મૂક્યો કે, પ્રદર્શનમાં કેટલાક 'ગુનાહિત તત્ત્વો' અને રાજકીય સંગઠનો સાથે જોડાયેલા લોકો સામેલ થઈ ગયા હતા, જેમણે ભીડને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કર્યો નહોતો, પરંતુ કેટલાક લોકોએ સંસદ તરફ કૂચ કરવાનો પ્રયાસ કરતાં પોલીસે તેમને રોકવા માટે કાર્યવાહી કરવી પડી હતી. કેન્દ્રીય મંત્રીના નિવેદન પર લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી(Rahul Gandhi) એ આકરો વળતો પ્રહાર કરતાં કહ્યું કે, 'મોદી સરકારના મંત્રી કહી રહ્યા છે કે દિલ્હી પોલીસની પ્રશંસા કરવી જોઈએ. સંસદથી માત્ર અડધો કિલોમીટર દૂર શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પેલેટ ગન ચલાવવામાં આવી, ખીલા લગાવેલી લાઠીઓ મારવામાં આવી, જેમાં એક બાળકે આંખ ગુમાવી અને એક બાળકીનો કાન કપાઈ ગયો. શું આ બર્બરતાની પ્રશંસા થવી જોઈએ?'

## રામ મંદિર દાન ચોરી કેસમાં ચંપત રાયને ક્લિનચીટ, યોગી સરકારે બનાવેલી SITના રિપોર્ટમાં દાવો!

(એજન્સી) અયોધ્યા | તા 18

અયોધ્યામાં રામ મંદિરના ચઢાવાની ચોરી મામલે ઉત્તર પ્રદેશ ગૃહ વિભાગે SITનો અંતિમ રિપોર્ટ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને સોંપ્યો છે. રિપોર્ટમાં 8 આરોપીઓના નામ છે, જેઓની ધરપકડ થઈ ચૂકી છે. ટ્રસ્ટના પૂર્વ મહાસચિવ ચંપત રાય અને પૂર્વ સભ્ય અનિલ મિશ્રાને ક્લીન ચીટ મળી છે. સુપ્રીમ કોર્ટની SIT દ્વારા વધુ તપાસ ચાલુ છે. ઉત્તર પ્રદેશના ગૃહ વિભાગે અયોધ્યા સ્થિત રામ મંદિરના ચઢાવાની ચોરીના મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)નો અંતિમ રિપોર્ટ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને આગળની કાર્યવાહી માટે સોંપી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ રિપોર્ટમાં ટ્રસ્ટના પૂર્વ મહાસચિવ ચંપત રાય અને પૂર્વ સભ્ય અનિલ મિશ્રાને ક્લીન ચિટ આપવામાં આવી છે. નોંધનીય છે કે જ્યારે આ દાન ચોરીનો મામલો પ્રકાશમાં આવ્યો ત્યારે આ બંનેની ભૂમિકા પર સતત સવાલો ઊઠી રહ્યા હતા. જેના કારણે વિવાદ વધતા તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.SIT દ્વારા રજૂ કરવામાં આવેલી આ અંતિમ રિપોર્ટમાં કુલ 8 લોકોના નામ સામેલ છે, જેમની પોલીસ દ્વારા અગાઉ જ ધરપકડ કરવામાં આવી ચૂકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે આ મામલે હસ્તક્ષેપ કર્યો તે પહેલાં જ, ઉત્તર પ્રદેશ સરકારે ટ્રસ્ટની વિનંતી પર 13 જૂનના રોજ આ ત્રણ સભ્યોની SIT ની રચના કરી હતી. જોકે, આ કેસની ગંભીરતાને જોતા હાલમાં સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ રચાયેલી બીજી SIT આ સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ કરી રહી છે.યોગી સરકાર દ્વારા રચાયેલી આ SIT નું નેતૃત્વ લખનઉના કમિશનર વિજય વિશ્વાસ પંતે કર્યું હતું. તેમની સાથે આઈજી (રેન્જ) કિરણ એસ. અને વિશેષ સચિવ (નાણાં) નીલ રતન કુમાર સભ્ય તરીકે સામેલ હતા. SIT દ્વારા 23 જૂને રાજ્ય સરકારને પોતાનો પ્રાથમિક રિપોર્ટ સોંપવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં કરવામાં આવેલી ભલામણોના આધારે 25 જૂનના રોજ ટ્રસ્ટના સભ્ય કૃષ્ણમોહનની લેખિત ફરિયાદ પર 8 નામજોગ અને અન્ય અજ્ઞાત લોકો સામે FIR નોંધવામાં આવી હતી.શ્રી રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR માં અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, મનીષ કુમાર યાદવ, કરુણેશ પાંડે, રમાશંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ અને રામ શંકર યાદવ ઉર્ફે ટીનુના નામ આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે.

Skill India
MINISTRY OF SKILL DEVELOPMENT AND ENTREPRENEURSHIP

ભારત સરકાર
કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય

પ્રસ્તાવ માટેની વિનંતી (RFP) આમંત્રિત કરતી નોટિસ
ટેન્ડર રેફ. નં.: P-S/17/2026-RDSDEB/02

ટેન્ડર આઈડી: 2026_DGT_921163_1

**PM-SETU હેઠળ ભુવનેશ્વર ખાતે આવેલી નેશનલ સ્કિલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ (NSTI) ની ક્ષમતામાં વધારો કરવા અને નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ (NCoE) ની સ્થાપના માટે લીડ ઈન્ડસ્ટ્રી પાર્ટનર (LIP) ની પસંદગી માટે પ્રસ્તાવ માટેની વિનંતી**

પ્રાદેશિક નિર્દેશાલય, કૌશલ્ય વિકાસ અને સાહસિકતા (RDSDE), ઓડિશા, PM-SETU ના ઘટક હેઠળ ભુવનેશ્વર ખાતે આવેલી નેશનલ સ્કિલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ (NSTI) ની ક્ષમતામાં વધારો કરવા અને નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ (NCoE) ની સ્થાપના માટે લીડ ઈન્ડસ્ટ્રી પાર્ટનર (LIP) ની પસંદગી માટે લાયક સંસ્થાઓ પાસેથી https://eprocure.gov.in દ્વારા ઓનલાઈન અરજીઓ આમંત્રિત કરે છે, RFP દસ્તાવેજ https://setu.skillindiadigital.gov.in પર પણ ઉપલબ્ધ છે. ઓનલાઈન અરજીઓ જમા કરવાની છેલ્લી તારીખ અને સમય 07.09.2026 ના રોજ બપોરે 03:30 વાગ્યા સુધી છે.

પ્રાદેશિક નિર્દેશક
પ્રાદેશિક નિર્દેશાલય, કૌશલ્ય વિકાસ અને સાહસિકતા, ઓડિશા
DGT, MSDE, ભારત સરકાર

CBC 63101/11/0009/2627

Skill India
MINISTRY OF SKILL DEVELOPMENT AND ENTREPRENEURSHIP

ભારત સરકાર
કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય

પ્રસ્તાવ માટેની વિનંતી (RFP) આમંત્રિત કરતી નોટિસ
ટેન્ડર રેફ. નં.: NSTICHN /TN / PMSETU – II /2026

ટેન્ડર આઈડી: 2026_DGT_921280_1

**PM-SETU હેઠળ ચેન્નાઈ ખાતે આવેલી નેશનલ સ્કિલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ (NSTI) ની ક્ષમતામાં વધારો કરવા અને નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ (NCoE) ની સ્થાપના માટે લીડ ઈન્ડસ્ટ્રી પાર્ટનર (LIP) ની પસંદગી માટે પ્રસ્તાવ માટેની વિનંતી**

પ્રાદેશિક નિર્દેશાલય, કૌશલ્ય વિકાસ અને સાહસિકતા (RDSDE), તામિલનાડુ, PM-SETU ના ઘટક હેઠળ ચેન્નાઈ ખાતે આવેલી નેશનલ સ્કિલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ (NSTI) ની ક્ષમતામાં વધારો કરવા અને નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ (NCoE) ની સ્થાપના માટે લીડ ઈન્ડસ્ટ્રી પાર્ટનર (LIP) ની પસંદગી માટે લાયક સંસ્થાઓ પાસેથી https://eprocure.gov.in દ્વારા ઓનલાઈન અરજીઓ આમંત્રિત કરે છે, RFP દસ્તાવેજ https://setu.skillindiadigital.gov.in પર પણ ઉપલબ્ધ છે. ઓનલાઈન અરજીઓ જમા કરવાની છેલ્લી તારીખ અને સમય 25.09.2026 ના રોજ સાંજે 06:00 વાગ્યા સુધી છે.

પ્રાદેશિક નિર્દેશક
પ્રાદેશિક નિર્દેશાલય, કૌશલ્ય વિકાસ અને સાહસિકતા, ઓડિશા
DGT, MSDE, ભારત સરકાર

CBC 63101/11/0011 /2627

સિટી એક્સપ્રેસ
WEDNESDAY 19 AUGUST-2026
AHMEDABAD



# ગુજરાત સરકારે પીએમ અનુસૂચિત જાતિ અભ્યુદય યોજના (PM-AJAY)ના અસરકારક અમલ માટે રાજ્ય કક્ષાના પ્રોજેક્ટ મૅનેજમેન્ટ યુનિટ (PMU)ની સ્થાપના કરી

ગાંધીનગર: અનુસૂચિત જાતિના લોકોના સામાજિક-આર્થિક વિકાસ અને સશક્તિકરણની દિશામાં ગુજરાત સરકારે મહત્વનું પગલું ભરતાં 'પ્રધાનમંત્રી અનુસૂચિત જાતિ અભ્યુદય યોજના (PM-AJAY)'ના અસરકારક અમલીકરણ માટે રાજ્ય કક્ષાએ પ્રોજેક્ટ મૅનેજમેન્ટ યુનિટ (PMU)ની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો છે. આ PMU આ યોજનાના અમલીકરણની સાથે સાથે તેના મોનિટરિંગ, સંકલન અને મૂલ્યાંકનને વધુ વ્યવસ્થિત તેમજ અસરકારક બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. સંકલિત વ્યવસ્થાથી યોજનાના અમલીકરણ પર રહેશે અસરકારક નજર : ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા તાજેતરમાં જ જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ત્વરિત પગલું ભરી રાજ્ય કક્ષાએ PMUની સ્થાપના તથા તેના માટે એક ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ આ રાજ્ય કક્ષાના PMUમાં State Social Justice Lead તેમજ State Social Justice Coordinatorsનો સમાવેશ કરવામાં




આવશે.મુખ્યમંત્રીના માર્ગદર્શન તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા તથા રાજ્ય મંત્રી ડૉ. મનીષા વકીલના નેતૃત્વમાં વિભાગે ભારત સરકારની ગાઈડલાઈન્સ તથા અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નિયામકની દરખાસ્ત મુજબ પ્રોજેક્ટ મૅનેજમેન્ટ યુનિટ (PMU)ની સ્થાપના તથા તેના માટે પસંદગી સમિતિની રચના કરવા માટે ગત 06 ઑગસ્ટ, 2026ના રોજ ઠરાવ કર્યો છે. PMU તરીકે આ નવી વ્યવસ્થાથી PM-AJAY હેઠળ હાથ ધરવામાં આવતી કામગીરીની નિયમિત દેખરેખ, વિભાગો વચ્ચે વધુ સારૂ સંકલન અને યોજનાઓની પ્રગતિનું વ્યવસ્થિત મૂલ્યાંકન શક્ય બનશે. આનાથી યોજનાના ઉદ્દેશોને વધુ અસરકારક રીતે પાર પાડી શકાશે.ઉચ્ચ કક્ષાની પસંદગી સમિતિની પણ રચના : PMU માટે ગુજરાત સરકારે ઉચ્ચ કક્ષાની પસંદગી સમિતિની રચનાને પણ મંજૂરી આપી છે. સમિતિમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સચિવ કક્ષાના વરિષ્ઠ અધિકારીઓની સાથે અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના સંબંધિત અધિકારી તેમજ ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના એક પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવ્યો છે.અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નિયામકને સમિતિના સભ્ય સચિવની જવાબદારી સોંપવામાં આવી છે. PMUના કર્મચારીઓની પસંદગી અને નિમણૂક સંબંધિત જરૂરી પ્રક્રિયા પણ

### કેન્દ્રની માર્ગદર્શિકા અનુસાર થશે કામગીરી

રાજ્ય સરકારના ઠરાવ અનુસાર PMUની ભરતી પ્રક્રિયા, કર્મચારીઓની સંખ્યા, શૈક્ષણિક લાયકાત, અનુભવ, માનદ વેતન, કાર્યકાળ અને સેવા શરતો ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયની 16 જૂન, 2026ની માર્ગદર્શિકા તેમજ સમયાંતરે કરવામાં આવતા સુધારાઓ અનુસાર રહેશે. સાથે જ, PM-AJAY સંબંધિત કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવનારી આગામી માર્ગદર્શિકા અને સૂચનાઓનું પણ પાલન કરવામાં આવશે.

### સશક્ત મોનિટરિંગથી સશક્તિકરણની દિશામાં મજબૂત પગલું

ગુજરાત સરકારનો આ નિર્ણય PM-AJAYના અમલીકરણને માત્ર વહીવટી રીતે મજબૂત કરવા પૂરતો સીમિત નથી, પરંતુ અનુસૂચિત જાતિ વર્ગના સામાજિક-આર્થિક વિકાસ અને સશક્તિકરણ માટે હાથ ધરવામાં આવતા પ્રયાસોને વધુ અસરકારક, સંકલિત અને પરિણામલક્ષી બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. રાજ્ય કક્ષાએ સમર્પિત PMUની સ્થાપના થવાથી યોજનાની પ્રગતિ પર સતત નજર રાખવા અને તેની અસરનું વધુ સારું મૂલ્યાંકન કરવાની વ્યવસ્થા મજબૂત બનશે.

### કોને અને શું લાભ થશે?

- **અનુસૂચિત જાતિ વર્ગને :** PM-AJAY દ્વારા સામાજિક-આર્થિક વિકાસ અને સશક્તિકરણ સાથે જોડાયેલા પ્રયાસોના અમલીકરણ પર વધુ અસરકારક દેખરેખ રાખી શકાશે.
- **યોજનાના લાભાર્થીઓને :** યોજનાના કાર્યોની નિયમિત મોનિટરિંગ અને મૂલ્યાંકનથી સરકારી પ્રયાસોને વધુ વ્યવસ્થિત અને પરિણામલક્ષી બનાવવામાં મદદ મળશે.
- **વિભાગીય વહીવટી તંત્રને:** PMU મારફતે યોજના સાથે જોડાયેલા કાર્યોની પ્રગતિ, સંકલન અને મૂલ્યાંકન માટે એક સમર્પિત રાજ્ય કક્ષાની વ્યવસ્થા ઉપલબ્ધ થશે.
- **યોજનાના અમલીકરણમાં :** જવાબદારીઓ અને પ્રક્રિયાઓને વધુ વ્યવસ્થિત કરવા, પ્રગતિની દેખરેખ રાખવા તેમજ જરૂરી સુધારાઓ સમયસર અમલમાં મૂકવામાં સરળતા રહેશે.

# 24 કલાકમાં વલસાડના ધરમપુરમાં સૌથી વધુ દોઢ ઇંચ વરસાદ

## અમદાવાદમાં અત્યાર સુધીમાં 23.11 ઇંચ વરસાદ વરસ્યો; આજે સુરત-સાબરકાંઠા સહિત 15 જિલ્લામાં આગાહી



અમદાવાદ | છેલ્લા 24 કલાકમાં રાજ્યના 115 તાલુકામાં સૌથી વધુ વલસાડના ધરમપુરમાં દોઢ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે સુરત, નવસારી, ડાંગના ચાર તાલુકામાં 1 ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. આજે રાજ્યના કોઈ જિલ્લામાં ભારે વરસાદની શક્યતા નથી, પરંતુ ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. બીજી તરફ, રાજ્યના મહત્તમ તાપમાનમાં 1C વધારો નોંધાયો છે.

અમદાવાદમાં આજે વાદળછાયું આકાશ રહેવાની સાથે એકથી બે વખત વરસાદ પડવાની શક્યતા છે. છેલ્લા 24 કલાકમાં અમદાવાદમાં 2.5 મિમી વરસાદ નોંધાયો છે. અમદાવાદમાં 1 જૂનથી અત્યાર સુધીમાં કુલ 587 મિમી મોસમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં 74.9 મિમી વધુ છે. તાપમાનની વાત કરીએ તો ગઈકાલે કચ્છ અને ઉત્તર-મધ્ય ગુજરાત ક્ષેત્રમાં તાપમાનનો પારો ઉછળતો જોવા મળ્યો છે. 16 ઓગસ્ટે 33.4C તાપમાન ધરાવતા કંડલામાં 17 ઓગસ્ટે 0.6Cનો વધારો થઈને 34C નોંધાયું હતું, જ્યારે કંડલા એરપોર્ટ 34.4C સાથે સમગ્ર રાજ્યનું સૌથી ગરમ સ્થળ બન્યું હતું. આ ઉપરાંત ભૂજમાં 1.4C (31.6Cથી વધીને 33C), ડીસામાં 1.8C (30.2Cથી વધીને 32C), વડોદરામાં 0.8C (31.2Cથી વધીને 32C), અમદાવાદમાં 0.1C (31.9Cથી વધીને 32C) અને દ્વારકામાં 0.2C (30Cથી વધીને 30.2C)નો વધારો નોંધાયો હતો.

બીજી તરફ, દમણમાં 2.2Cનો સૌથી ઘટાડો (31.4Cથી ઘટીને 29.2C) થતાં દમણ રાજ્યનું સૌથી ઓછું તાપમાન ધરાવતું શહેર બન્યું હતું. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ તાપમાન ગગડ્યું હતું, જેમાં સુરતમાં 0.9C (30.2Cથી ઘટીને 29.3C), દીવમાં 1.3C (30.8Cથી ઘટીને 29.5C), અમરેલીમાં 1.4C (31.3Cથી ઘટીને 29.9C) અને વેરાવળમાં 0.8C (30.4Cથી ઘટીને 29.6C)નો ઘટાડો જોવા મળ્યો હતો. ગાંધીનગર (32.6C), સુરેન્દ્રનગર (32.3C), અને ભાવનગર (32.7C)માં 0.2Cથી 0.5C સુધીનો મામૂલી ઘટાડો નોંધાયો હતો, જ્યારે નલિયા (32.5C) અને ઓખા (31.8C)માં તાપમાન બિલકુલ સ્થિર રહ્યું હતું.

# પશ્ચિમ રેલવેમાં સુરક્ષિત પીવાના પાણીની વ્યવસ્થાને સર્વોચ્ચ પ્રાથમિકતા

અમદાવાદ | રેલવેમાં યાત્રીઓને સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્યથી માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, રેલવે બોર્ડના અધ્યક્ષ અને મુખ્ય કારોબારી અધિકારી તથા વરિષ્ઠ અધિકારીઓ દ્વારા પીવાના પાણીની વ્યવસ્થાની વ્યાપક સમીક્ષા કરવામાં આવી. સમીક્ષા બાદ રેલવે નેટવર્ક પર પીવાના પાણીની ગુણવત્તા, ઉપલબ્ધતા અને દેખરેખને વધુ સુદ્રઢ કરવા માટે તાત્કાલિક સુધારાત્મક ઉપાયોના નિર્દેશ આપવામાં આવ્યા છે. રેલવે દ્વારા લગભગ 20,000 સ્થળો પર 'Tank to Tap' વોટર ફિલ્ટરેશન અને દેખરેખ સિસ્ટમ સ્થાપિત કરવાની દિશામાં કામ કરવામાં આવશે. આ સાથે જ જરૂરિયાત મુજબ વોટર સ્ટોરેજ ટેંકોને બદલવામાં આવશે તથા પીવાના પાણીની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે નીચે મુજબની વ્યવસ્થાઓનું કડકપણે પાલન કરવામાં આવશે 1. જળ સ્ત્રોત અને આઉટલેટ પોઈન્ટ પર નિયમિત પીવાના પાણીનું ગુણવત્તા પરીક્ષણ.2. જળ ગુણવત્તાની કેન્દ્રીયકૃત દેખરેખ અને જવાબદારીની વ્યવસ્થા.3. જળ સંગ્રહ ટેંકની નિર્ધારિત સમય-પત્રક મુજબ સફાઈ અને જાળવણી.4. જળ ગુણવત્તા સંબંધિત રિપોર્ટ અને પ્રગતિની નિયમિત સમીક્ષા.આ વિષય રેલવે માટે સર્વોચ્ચ પ્રાથમિકતાવાળું ક્ષેત્ર છે અને તેની પ્રગતિની રેલવે બોર્ડ સ્તરે નિયમિત દેખરેખ કરવામાં આવશે. પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે પ્રગતિ અને પીવાના પાણીની ગુણવત્તા સંબંધિત રિપોર્ટ સમયાંતરે પ્રકાશિત કરવામાં આવશે.

### અમદાવાદ અને સુરત સ્ટેશનોના સંબંધમાં CAG રિપોર્ટનો સાચો સંદર્ભ

CAG રિપોર્ટમાં અમદાવાદ અને સુરત સ્ટેશનોના સંબંધમાં ઉલ્લેખિત તારણોને તેમના યોગ્ય સંદર્ભમાં જોવામાં આવે તે આવશ્યક છે. CAGની ટિપ્પણીઓ નિર્ધારિત Minimum Essential Amenities ધોરણોને અનુરૂપ કેટલીક સુવિધાઓની સંખ્યા/જોગવાઈમાં ઉણપ સાથે સંબંધિત છે. રિપોર્ટમાં એવું નથી કહેવામાં આવ્યું કે અમદાવાદ કે સુરત સ્ટેશનો પર મૂળભૂત યાત્રી સુવિધાઓ અથવા પીવાના પાણીની વ્યવસ્થા સંપૂર્ણપણે અનુપલબ્ધ છે.CAG એ પોતાની Appendix-V માં અમદાવાદ અને સુરતને વધુ આવક અને વધુ યાત્રીઓની અવરજવરવાળા 10 પસંદગીના સ્ટેશનોમાં સામેલ કરીને નિર્ધારિત MEA ધોરણો સામે સુવિધાઓનું આકલન કર્યું છે. અહીં CAG દ્વારા પ્રયુક્ત શબ્દાવલી "shortfall in provision of MEA" છે, જેનો આશય નિર્ધારિત ધોરણની સરખામણીએ સુવિધાના પ્રમાણમાં ઘટાડાથી છે, ન કે સુવિધાના સંપૂર્ણ અભાવથી.

**CAG નું આકલન નિર્ધારિત ધોરણોના પાલન પર આધારિત :** આ ઑડિટ ભારતીય રેલવેના વિવિધ સ્ટેશનો પર નિર્ધારિત Minimum Essential Amenities ધોરણોના પાલનનું વ્યાપક આકલન હતું. દેશભરના 512 સ્ટેશનોના સંયુક્ત નિરીક્ષણ દરમિયાન પંખા, વોટર કૂલર, પીવાના પાણીના નળ, શૌચાલય, બેસવાની વ્યવસ્થા, પ્લેટફોર્મ શેલ્ટર અને અન્ય સુવિધાઓના સંબંધમાં નિર્ધારિત ધોરણો સામે ખામીઓ નોંધવામાં આવી હતી.આથી અમદાવાદ અને સુરત સાથે સંબંધિત ટિપ્પણીઓ એક વ્યાપક સિસ્ટમ-વાઈડ ઓડિટનો ભાગ છે તથા આ સ્ટેશનો પર યાત્રી સુવિધાઓના સંપૂર્ણ અભાવ તરીકે તેને જોવું યોગ્ય રહેશે નહીં.

**પશ્ચિમ રેલવેનું MEA પ્રદર્શન રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર :** CAG દ્વારા કરવામાં આવેલા આંતર-ક્ષેત્રીય તુલનાત્મક આકલનમાં પશ્ચિમ રેલવેએ Minimum Essential Amenities ના સંબંધમાં 34.90 નો deficiency score નોંધાવીને 16 ક્ષેત્રીય રેલવેમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ દર્શાવે છે કે યાત્રી સુવિધાઓના નિર્ધારિત ધોરણોના પાલનની બાબતમાં પશ્ચિમ રેલવેનું એકંદર પ્રદર્શન રાષ્ટ્રીય સ્તરે વધુ સારા ક્ષેત્રોમાં રહ્યું છે.

## રેલ મદદ એપ પર પ્રાપ્ત ફરિયાદ પર રેલવેની તાત્કાલિક અને કડક કાર્યવાહી

# મહેસાણા સ્ટેશન પર પે-એન્ડ-યૂઝ કોન્ટ્રાક્ટર દ્વારા વધારે ફી વસુલવા પર થયો ₹5,000/- નો દંડ

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ યાત્રી સુવિધાઓ, સ્વચ્છતા અને નિષ્પક્ષતાને લઈને હંમેશા તત્પર અને પ્રતિબદ્ધ છે. યાત્રીઓ દ્વારા આપવામાં આવેલ કોઈપણ ફરિયાદનું નિવારણ અત્યંત ઝડપી ગતિથી કરવામાં આવે છે. આ જ ક્રમમાં તારીખ 17.08.2026 ના રોજ 'રેલ મદદ' (Rail Madad) પોર્ટલ પર એક યાત્રી દ્વારા ફરિયાદ નોંધાવામાં આવી કે મહેસાણા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 આવેલ પે-એન્ડ-યૂઝ (Pay & Use) ટોઈલેટમાં યૂરીન (મૂત્રાલય) ના નિશ્ચિત દર 1 ને બદલે 5 વસૂલવામાં આવી રહ્યા છે.ફરિયાદને ગંભીરતાથી લેતાં, મંડળ રેલવે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશ એ સમીક્ષા

**રેલવે દ્વારા સ્વીકૃત અધિકૃત દરો**
યૂરીન: ₹1/-,
ટૉઈલેટ: ₹5/-
બાથ/સ્નાન: ₹10/-
ટૉયલેટ અને બાથ બંને: ₹10/-

બેઠકમાં કડક વલણ અપનાવતાં સંબંધિત કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ આજે જ 5,000/- (રૂપિયા પાંચ હજાર ફક્ત) નો આર્થિક દંડ લગાવવાના કડક નિર્દેશ આપ્યા. ડીઆરએમના નિર્દેશ મુજબ કોન્ટ્રાક્ટર પર તાત્કાલિક દંડાત્મક કાર્યવાહી અમલમાં લાવવામાં આવી.રેલવે પ્રશાસને કોન્ટ્રાક્ટર M/s Aryan Samajik Seva Sansthan, New Delhi (કોન્ટ્રાક્ટ સમયગાળો: 08/01/2026 થી 07/01/2029) ને કડક ચેતવણી આપી છે કે ભવિષ્યમાં યાત્રીઓથી વધારે ફી વસુલવા અથવા કોઈપણ પ્રકારની અનિમિયતતા માલુમ પડવા પર કોન્ટ્રાક્ટ રદ કરવા જેવી કડક કાર્યવાહી કરવામાં આવશે. મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ તમામ યાત્રીઓને અપીલ કરી છે કે તેઓ રેલવે સંકુલોમાં ફક્ત નિશ્ચિત દરોની જ ચુકવણી કરે. જો કોઈપણ લાયસન્સધારક નિશ્ચિત દરથી વધારે પૈસા માંગે છે, તો યાત્રી નિર્ભય થઈને 'રેલ મદદ' એપ, ટૉલ-ફ્રી નંબર 139 અથવા નજીકના સ્ટેશન માસ્ટર પાસે પોતાની ફરિયાદ નોંધાવે. રેલવે પ્રશાસન યાત્રીઓની સુખદ અને પારદર્શી યાત્રા માટે હંમેશા તત્પર છે.

# ગુજરાત હાઇકોર્ટનો પર્યાવરણલક્ષી આદેશ : બે આરોપીઓને કુલ 1700 વૃક્ષો વાવવાની શરતે જામીન, ત્રણ વર્ષ સ્વખર્ચે દેખભાળ કરવાની રહેશે

ભાવનગર જિલ્લાના પાલિતાણા રેન્જ ફોરેસ્ટ ઓફિસ હેઠળ રાજસ્થળી બીટમાં ગેરકાયદેસર રીતે 1690 જેટલાં મહાકાય વૃક્ષોનું નિકંદન કાઢવાના ચકચારી કેસમાં ગુજરાત હાઈકોર્ટે મહત્વનો અને દાખલારૂપ ચુકાદો આપ્યો છે. જેલમાં બંધ બે ફોરેસ્ટ ગાર્ડ્સની નિયમિત જામીન અરજી મંજૂર કરતાં હાઈકોર્ટે બંને આરોપીઓને જેલમાંથી મુક્ત થયાના 15 દિવસમાં પોતાના ખર્ચે વ્યક્તિદીઠ 850-850 વૃક્ષો વાવવા અને સતત 3 વર્ષ સુધી તેનું જતન કરવાની કડક શરત મૂકી છે.

પાલિતાણા ફોરેસ્ટ રેન્જના રાજસ્થળી બીટ ખાતે ફરજ બજાવતા ફોરેસ્ટ ગાર્ડ કરશન ગોહિલ અને કલ્પેશ ડાભી સામે ભારતીય વન અધિનિયમ તેમજ વન્યજીવ સંરક્ષણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો: બંને ગાર્ડે લાકડાના કોન્ટ્રાક્ટર સાથે સાંઠગાંઠ રચી 25,000ની લાંચ/લાભ મેળવી 1690 જેટલાં મોટાં વૃક્ષો ગેરકાયદેસર કપાવા દીધાં હતાં અને વન્યજીવોના કુદરતી આવાસને મોટું નુકસાન પહોંચાડ્યું હતું. ગુનો નોંધાયા બાદ વન વિભાગ દ્વારા બંને કર્મચારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.



- કોર્ટમાં બંને પક્ષોની દલીલો
- બચાવ પક્ષની રજૂઆત: આરોપીઓના વકીલે દલીલ કરી હતી કે આ કેસમાં પોલીસ અને વન વિભાગ દ્વારા તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ ફાઈલ કરી દેવાઈ છે, મુદ્દામાલ પણ કબ્જે થઈ ચૂક્યો છે. કેસ મેજિસ્ટ્રેટ ટ્રાયેબલ હોવાથી અને બંને આરોપીઓ સસ્પેન્ડ હોવાથી હવે પુરાવા સાથે ચેડાં થવાની શક્યતા નથી, જેથી જામીન મળવા જોઈએ.
- સરકારી વકીલનો વિરોધ: સરકારી વકીલે જામીન અરજીનો સખત વિરોધ કરતાં જણાવ્યું હતું કે જેમના શિરે જંગલના રક્ષણની જવાબદારી હતી તેમણે જ ભક્ષકની ભૂમિકા ભજવી વૃક્ષોનો સોથ વાળી દીધો છે. આવા આરોપીઓને મુક્ત કરવાથી ખોટો સંદેશ જશે.
- 25 હજારના બોન્ડ સાથે વૃક્ષારોપણ ફરજિયાત
- અદાલતે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ 25,000ના અંગત બોન્ડ પર નીચે મુજબની આકરી શરતો સાથે જામીન મંજૂર કર્યા છે:
- ગુજરાત હાઈકોર્ટે આ અરજીની સુનવણી દરમિયાન ટિપ્પણી કરી હતી કે, હાઈકોર્ટ પરિસરમાં કન્સ્ટ્રક્શન કરવાનું છે ,પરંતુ તે જમીન ઉપર 20 વૃક્ષો આવેલા છે. જેને મૂળમાંથી ઉખાડીને અન્ય સ્થળે પુનઃવાવણી કરવાની છે. પરંતુ તેનું મશીન હાલમાં ઉપલબ્ધ ન હોવાથી કન્સ્ટ્રક્શન કામ અટકી પડ્યું છે અને તમે 1690 વૃક્ષો કપાવી નાખ્યા !

# ₹142.05 કરોડના ખર્ચે સ્ટોર્મ વોટર ડ્રેનેજ પ્રોજેક્ટ તૈયાર : બોપલ-ઘુમામાં બે વર્ષમાં વરસાદી પાણીનું નેટવર્ક અને ત્રણ તળાવોમાં મુખ્ય લાઈન નખાશે

અમદાવાદ | ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના પત્ર બાદ મુખ્યમંત્રી, મેયર અને મ્યુનિસિપલ કમિશનરની સૂચનાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બોપલ અને ઘુમા વિસ્તારમાં રૂ. 142.05 કરોડના ખર્ચે સ્ટોર્મ વોટર ડ્રેનેજ પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. આગામી બે વર્ષમાં આ કામગીરી પૂર્ણ કરવાના લક્ષ્યાંક સાથે ત્રણ તળાવમાં પમ્પિંગ સ્ટેશન અને મુખ્ય લાઈન નાખવાનું નેટવર્ક ઊભું કરવામાં આવશે.

મેયર હિતેશ બારોટ અને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, વર્ષ 2021માં મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સમાવિષ્ટ થયેલા બોપલ, ઘુમા સહિતના પશ્ચિમ વિસ્તારોમાં નીચાણવાળી ભૌગોલિક પરિસ્થિતિ તથા અગાઉથી સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્કના અભાવના કારણે વરસાદી પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે. તાજેતરમાં જ અતિભારે વરસાદ થતાં બોપલ-ઘુમા પટ્ટામાં બસંત બહાર સોસાયટી તથા સાઉથ બોપલ (SoBo) ની અનેક રહેણાંક સોસાયટીઓ સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તથા સહકારીતા મંત્રી અમિત શાહની ભલામણ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૂચનાને પગલે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સમગ્ર વિસ્તારનો હાઈડ્રોલોજિકલ અભ્યાસ (વરસાદી પાણીના કુદરતી વહેણ અને ઢાળનો વૈજ્ઞાનિક અભ્યાસ) કરી ઝોનવાર સ્ટોર્મ વોટર ડ્રેનેજ માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (ડી.પી.આર.) તૈયાર કરી NDMA અંતર્ગત પ્રથમ ત્રણ કામોના ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

જે આયોજન અંતર્ગત બોપલ તળાવ (કેચમેન્ટ વિસ્તાર 174.50 હેક્ટર), ઘુમા તળાવ (91.94 હેક્ટર) તથા રતન તળાવ (444.11 હેક્ટર) એમ કુલ અંદાજે 710.55 હેક્ટર (અંદાજે 7.10 ચો.કિ.મી.) કેચમેન્ટ વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. પ્રતિ હેક્ટર 500 વ્યક્તિની ગીચતા મુજબ ભવિષ્યની અંદાજે 3.50 લાખની વસ્તીને ધ્યાને લઈ સ્ટોર્મ વોટર નેટવર્કની ડિઝાઈન કરવામાં આવી છે, જ્યારે હાલમાં આ વિસ્તારની અંદાજિત વસ્તી 1.50 લાખ જેટલી છે. જ્યાં સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્ક ઉપલબ્ધ નથી ત્યાં નવી સ્ટોર્મ વોટર લાઈનો, કેચપીટ, ઈન્ટર-કનેક્શન તથા આઉટફોલ (નિકાલ મુખ) ઊભા કરી વોટર લોગિંગ સ્પોટ દૂર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. રતન તળાવ ખાતે નિર્માણ પામનાર પમ્પિંગ સ્ટેશન થકી તળાવોમાં એકત્રિત થતા વધારાના વરસાદી પાણીનો ઝડપી નિકાલ શક્ય બનશે. વક્તા વિસ્તારને ધ્યાનમાં રાખી ધ્યાને લઈ ગોતા- ગોધાવી કેનાલ તથા સાબરમતી નદી સાથે નિકાલ વ્યવસ્થાના જોડાણ સહિતના લાંબા ગાળાના ઉકેલોને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

# 20 થી 26 ઓગસ્ટ સુધી અમદાવાદ-અસારવા વચ્ચે આવેલ રેલવે ફાટક નં. 01 (અસારવા ફાટક) વાહનવ્યવહાર માટે બંધ રહેશે

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં અમદાવાદ અને અસારવા સ્ટેશનો વચ્ચે આવેલ રેલવે ફાટક નં. 01 (અસારવા ફાટક), કિમી 409/1-2 ખાતે મરામત અને જાળવણી (ઓવરહોલિંગ) કાર્ય હાથ ધરવામાં આવનાર છે. આ કાર્યને કારણે 20 ઓગસ્ટ 2026ના રોજ સવારે 08:00 વાગ્યાથી 26 ઓગસ્ટ 2026ના રોજ સાંજે 20:00 વાગ્યા સુધી (7 દિવસ) આ રેલવે ફાટક માર્ગ વાહનવ્યવહાર માટે બંધ રહેશે.આ સમયગાળા દરમિયાન માર્ગ વપરાશકર્તાઓને વૈકલ્પિક માર્ગ તરીકે ચામુંડા બ્રિજ અને કાલુપુર બ્રિજનો ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવે છે.મુસાફરો તથા સામાન્ય નાગરિકોને વિનંતી છે કે આ સમયગાળા દરમિયાન અસુવિધા ટાળવા માટે વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરે અને રેલવે પ્રશાસનને સહયોગ આપે.

### આદરજ મોટી-ગાંધીનગર કેપિટલ વચ્ચે આવેલ રેલવે ક્રૉસિંગ નં. 10 અને 9 સમારકામ માટે બંધ રહેશે

અમદાવાદ | પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના કલોલ-ગાંધીનગર સેક્શનના આદરજ મોટી-ગાંધીનગર કેપિટલ સ્ટેશનો વચ્ચે આવેલ રેલવે ક્રૉસિંગ નં. 10 અને 09 અત્યંત જરૂરી જાળવણી કામને લીધે માર્ગ વાહનવ્યવહાર માટે હંગામી ધોરણે બંધ રહેશે.1. ગાંધીનગર-રાંધેજા રોડ પર આવેલ રેલવે ક્રૉસિંગ નં. 10 (કિમી 17/8-9) જરૂરી ટ્રેક જાળવણી/ઓવરહૉલિંગ કામને લીધે તારીખ 20.08.2026 ના રોજ સવારે 08.00 કલાકથી 21.08.2026 ના રોજ સાંજે 18.00 કલાક સુધી માર્ગ વાહનવ્યવહાર માટે હંગામી ધોરણે બંધ રહેશે.આ દરમિયાન માર્ગ ઉપયોગકર્તાઓ માટે વાહનવ્યવહારને રેલવે ક્રૉસિંગ નં. 11 (ROB), કિમી 18/7-8 થી ડાયવર્ટ કરવામાં આવશે.2. ગાંધીનગર-રાંધેજા રોડ પર આવેલ રેલવે ક્રૉસિંગ નં. 09 (ઘૂંઘટ હોટલ), કિમી 16/1-2, જરૂરી ટ્રેક જાળવણી કામને લીધે તારીખ 22.08.2026 ના રોજ સવારે 08.00 કલાકથી 23.08.2026 ના રોજ સાંજે 18.00 કલાક સુધી માર્ગ વાહનવ્યવહાર માટે બંધ રહેશે.આ સમયગાળામાં વાહનવ્યવહારને રેલવે ક્રૉસિંગ નં. 10, કિમી 17/8-9 થી ડાયવર્ટ કરવામાં આવશે. નિર્ધારિત ડાયવર્ઝન માર્ગ રાંધેજા ચોકડીથી પેથાપુર થઈને GH-7 થી રેલવે ક્રૉસિંગ નં. 10 રહેશે. માર્ગ ઉપયોગકર્તાઓને જણાવવામાં આવે છે કે નિર્ધારિત સમયગાળા દરમિયાન અસુવિધાથી બચવા માટે ઉપરોક્ત વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...